અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

11 MAY-2026 MONDAY | Vol. : 17 | Issue : 308 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886


सत्यमेव जयते
ગુજરાત સરકાર

સોમનાથ
અનંત ઉર્જાનો અનુભવ




"સોમનાથ આશાનું એ ગીત છે જે આપણને શીખવે છે કે સર્જનની શક્તિ વિનાશ કરતાં ક્યાંય વધુ પ્રબળ હોય છે"

- **શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન** (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

સોમનાથ ભારતની અજેય સભ્યતાનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષોના વિનાશકારી પ્રહારો છતાં, આજે સોમનાથ આપણા આત્મસન્માન અને સાહસની જીવંત પ્રેરણા બનીને અડીખમ ઊભું છે

૭૫ વર્ષ પહેલાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પથી આધુનિક સોમનાથનો માર્ગ મોકળો થયો

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, આજે આ પાવન ભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો શંખનાદ કરી રહી છે

સાક્ષી બનો આ સ્વર્ણિમ અવસરના...

"સરદાર સાહેબના સંકલ્પથી થયેલા સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ એ ભારતની અતૂટ આસ્થા અને સાંસ્કૃતિક સ્વાતંત્ર્યના વિજયનો મહોત્સવ છે"

- **શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી**

**મુખ્ય કાર્યક્રમો**

- માનનીય વડાપ્રધાનશ્રીનો ભવ્ય રોડ શૉ (સવારે ૯:૦૦ વાગ્યે)
- આધ્યાત્મિક સંગીત અને નૃત્યનો દિવ્ય સંગમ (સવારે ૯:૧૫ વાગ્યે)
- શ્રી સોમનાથનો પાવન કુંભાભિષેક અને મહાપૂજા (સવારે ૯:૩૦ વાગ્યે)
- સૂર્ય કિરણ વિમાનો દ્વારા અદ્ભુત એર-શૉ (સવારે ૯:૩૦ વાગ્યે)
- માનનીય વડાપ્રધાનશ્રીની વિશાળ જનસભા (સવારે ૧૦:૦૦ વાગ્યે, સદ્ભાવના ગ્રાઉન્ડ)



તારીખ: **૧૧ મે, ૨૦૨૬**

સ્થળ: **શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ**

સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઇતિહાસનો ભાગ બનો, સ્કેન કરો


3 58 અશ્લીલ વીડિયો, અનેક મહિલાઓ સાથે સંબંધ બાંધ્યા, કેપ્ટન બાબાએ કહ્યું- બધું દૈવી શક્તિએ કરાવ્યું


4 ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન, મેન્યુફેક્ચરિંગ બાદ અવિરત સપ્લાય ચેઈન ડેવલપ કરવાનો પ્લાન


6 કૃતિ સેનને કહ્યું- બોલિવૂડમાં હજુ પણ પુરુષોનું વર્ચસ્વ : મહિલા કલાકારો સરખી મહેનત કરે છે, છતાં પણ ફીમાં મોટો તફાવત


7 વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી મે મહિનામાં ₹14,231 કરોડ પાછા ખેંચ્યા


# વડાપ્રધાન બે દિવસ ગુજરાતની મુલાકાતે

**ગીર સોમનાથ, તા.10**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 10 અને 11 મેના રોજ ગુજરાતની મુકાલતે છે. આ પ્રવાસ દરમિયાન તેઓ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ, જામનગર અને સંસ્કારી નગરી વડોદરાની મુલાકાત લેશે. PMના આ હાઈ-પ્રોફાઈલ પ્રવાસને લઈને ત્રણેય શહેરમાં ભક્તિ, રાષ્ટ્રવાદ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળી રહ્યો છે. આજે તેઓ જામનગર ખાતે પહોંચશે. જ્યાં તેઓ લોકોનું અભાવાદન કર્યા બાદ સક્રિટ હાઉસમાં રાત્રિરોકાણ કરશે. 11 મેના રોજ સોમનાથ મહાદેવના નૂતન મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સોમનાથ અમૃત મહોત્સવ'ની ભવ્ય ઉજવણી થઈ રહી છે. જેમાં ભાગ લેશે અને ત્યાર બાદ વડોદરા જવા રવાના થશે. વડોદરામાં પણ એક વિશાળ જાહેર સભાને સંબોધશે.

1. જામનગર: નવવધૂની જેમ સજ્જ છોટી કાશી

આજે 10 તારીખે સૌપ્રથમ PM મોદી જામનગરથી પોતાના પ્રવાસની શરૂઆત કરશે. જામનગરમાં વડાપ્રધાનના સ્વાગત અને રાત્રિ રોકાણને લઈને વહીવટી તંત્ર દ્વારા 'મિનિટ-ટુ-મિનિટ' કાર્યક્રમ તૈયાર કરાયો છે. લાલ બંગલા સર્કલ પર ભવ્ય સ્ટેજ: એરફોર્સ સ્ટેશનથી લાલ બંગલા સર્કલ સુધીના માર્ગોને લાઈટિંગ અને બેનરોથી શણગારવામાં આવ્યા છે. લાલ બંગલા પાસે એક વિશાળ સ્ટેજ બનાવાયું છે, જ્યાંથી પીએમ નાગરિકોનું અભિવાદન ઝીલશે.

સુરક્ષા વ્યવસ્થા: SPG અને બોમ્બ સ્ક્વોડ દ્વારા સમગ્ર શહેરનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. લોકોમાં વડાપ્રધાનના આગમનને લઈને અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે.

2. સોમનાથ: અમૃત પર્વ પર આકાશમાં 'સૂર્યકિરણ'ની ગર્જના અને રોશનીનો ઝળહળાટ



બીજા દિવસે 11મી મેએ PM મોદી સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના 75 વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સોમનાથ અમૃત મહોત્સવ'માં સહભાગી થશે. જેને લઈ સોમનાથમાં દિવાળી જેવો માહોલ છે. સૂર્યકિરણ એર શો: PM મોદીના આગમન પહેલાં ભારતીય વાયુસેનાની 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ' દ્વારા આજે હોક એમકે-132 એરક્રાફ્ટ સાથે ભવ્ય રિહર્સલ કરવામાં આવ્યું હતું. કેસરી, સફેદ અને લીલા રંગની ધૂમ્રરેખાઓથી સોમનાથનું આકાશ ત્રિરંગામય બન્યું હતું. ઝળહળતું તીર્થધામ: મંદિર પરિસરથી લઈને શંખ સર્કલ સુધી આકર્ષક લાઈટિંગ કરવામાં આવી છે. શંખ સર્કલ પાસેનું ભવ્ય પ્રવેશદ્વાર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જાહેર સભા: સદભાવના ગ્રાઉન્ડમાં 60,000 લોકોની ક્ષમતા સાથે ત્રણ વિશાળ ડોમ તૈયાર કરાયા છે, જ્યાં પીએમ જંગી સભાને સંબોધશે.

3. વડોદરા: પશ્ચિમ બંગાળની જીતનો જશ્ન અને રોડ-શોની તૈયારી

11મી મેએ 'સોમનાથ અમૃત મહોત્સવ'માં સહભાગી થયા બાદ પીએમ મોદી વડોદરામાં 'સરદારધામ-3'નું લોકાર્પણ કરશે. અહીં તેમનો દોઢ કિલોમીટર લાંબો ભવ્ય રોડ-શો યોજાશે. બંગાળ થીમ પર સ્વાગત: પશ્ચિમ બંગાળની જીત બાદ પીએમ પ્રથમવાર આવી રહ્યા હોવાથી રોડ-શોમાં બંગાળની થીમ પર અભિવાદન કરવામાં આવશે. અદભૂત પ્રતિકૃતિઓ: રોડ-શોના રૂટ પર વડાપ્રધાન અને સરદાર પટેલની લાઈટિંગ આધારિત વિશાળ પ્રતિકૃતિઓ મુકવામાં આવી છે. સુરક્ષા કવચ: 1600થી વધુ પોલીસ જવાનો, ચેતક કમાન્ડો અને એસઆરપીએફની ટુકડીઓ દ્વારા વડોદરાને અભેદ્ય કિલ્લામાં ફેરવી દેવાયું છે.

સુરક્ષા અને તૈયારીઓનો આખરી ઓપ

રાજ્યની સુરક્ષા એજન્સીઓ, SPG અને સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા ત્રણેય શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સીસીટીવી સર્વેલન્સ, થ્રી-લેયર બેરિકેડિંગ અને ડ્રોન દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

## 'માતા પર દુષ્કર્મની ધમકી આપી, ભાઈ માથે રિવોલ્વર મૂકી' : વિદેશમાં બંધક બનેલા ગુજરાતના પરિવારની દીકરીની વેદના

**અમદાવાદ, તા.10**

વિદેશ જવાની લાલચમાં અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતો પરિવાર વિદેશમાં ફસાઈ ગયો છે. બે પુત્રો સાથે પતિ-પત્ની 20 એપ્રિલના રોજ અમદાવાદથી દિલ્હી ગયા હતા અને ત્યાંથી સીધી લંડનની ફ્લાઈટમાં જવાના હતા પરંતુ એજન્ટે શ્રીલંકા અને દુબઈ થઈને મોકલ્યા હતા. દુબઈ બાદ પરિવાર ગાયબ થતાં તેમની પુત્રી ચિંતિત બની છે. અને માંગ કરી છે કે તેમના ભાઈઓ અને માતા-પિતાને પોલીસ સહી સલામત ભારત પરત લાવી દે. એટલું જ નહીં પરિવારની દીકરીએ કહ્યું કે અપહરણકર્તાઓનો ફોન આવ્યો હતો અને ધમકી આપવામાં આવી છે કે પરિવારને મારી નાખીશું. વિદેશમાં અપહરણ કરાયેલા ગોમતીપુરના દંપત્તિની પુત્રીએ જણાવ્યું હતું કે, લંડન જવા માટે સોશિયલ મીડિયા મારફતે ઓનલાઈન એજન્ટનો સંપર્ક કર્યો હતો. ચાંદખેડા મોટેરા સ્ટેડિયમ રહેતા એજન્ટ પ્રિતેશ જોશીની ઓફિસે ગયા હતા અને ત્યાં બધી વાતચીત કરવામાં આવી હતી. પ્રિતેશ જોશીએ વલસાડના દર્શન મિસ્ત્રી સાથે સંપર્ક કરાવ્યો હતો. છેલ્લા બે મહિનાથી વિદેશ જવાની વાત ચાલી રહી હતી. બાદમાં એજન્ટ દ્વારા વ્યક્તિ દીઠ રૂ. 30 લાખ આપવાનું નક્કી કરવામાં આવ્યું. દંપત્તિની પુત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગત રવિવારે



બપોરે છેલ્લી દુબઈમાં પરિવાર હતો ત્યારે મારી સાથે ટેલિફોનિક વાત થઈ હતી. દુબઈ ખાતે પહોંચ્યા બાદ ત્યાંના ફોટા મોકલી આપવામાં આવ્યા હતા. ત્યાં ખાવા પીવાના ફોટા પણ મોકલી આપવામાં આવ્યા હતા ને ત્યારબાદ પછી કોઈ વાતચીત થઈ નથી. બાદમાં 4 મેના રોજ બપોરે મારા મોબાઈલ ફોન ઉપર અપરણકારો દ્વારા ફોન આવ્યો હતો અને બાબાખાન બોલું છું એવી વાત કરી હતી. ફોન ઉપર ધમકી આપવામાં આવી હતી કે પરિવારને મારી નાખીશું. મારી માતા પર દુષ્કર્મ કરવાની વાત કરી હતી. જ્યારે મારા નાના ભાઈના માથા ઉપર રિવોલ્વર મૂકી દેવામાં આવી હતી. મારી માતા બે હાથ જોડતી હતી અને મારા પિતાનો અવાજ બંધ કરી દીધો હતો. આ રીતે વીડિયો કોલમાં મને બતાવવામાં આવ્યું હતું. એ સાથે જ એક કરોડને 20 લાખની ખંડણી માંગવામાં આવી હતી. ' બેટા, જલ્દીથી પેમેન્ટ કરી દે, એમના ક્યાંથી પણ લાવીને. એ લોકો અમને મારી નાખશે, તું સમજ કોઈ વાતને. ઘરને વેચી માર, કંઈ પણ કર, કોઈને પણ કંઈ પણ કહીને, કંઈ પણ ઘર વેચી દે બેટા, પૈસા પ્લીઝ. હા, ઘરને ફૂંક માર, ક્યાંથી પણ લાવ.' ' બેટા, ક્યાંથી પણ પૈસા લાવીને ખાન બાબાનું કરી દે પેમેન્ટ, પૂરું કરી દે પેમેન્ટ. કંઈ પણ કર બેટા અમને બચાવી લે પ્લીઝ... બચાવી લે બેટા બચાવી લે...' 'બેટા તારા પાસે જે પૈસા પડ્યા છે એ આપી દે ખાન સાહેબને, ગમે તે કરીને પેમેન્ટ પૂરું કરી દે બેટા ગમે તે કરી લે. એ લોકોએ મહેશ (નામ બદલ્યું છે)ને અત્યારે ભોંયરામાં પટ્ટી બાંધીને રાખ્યો છે બેટા, એ તડપી રહ્યો છે બેટા, ગમે તે કરીને એમનું પેમેન્ટ કરી દે. બેટા તું વિશ્વાસ કરીને જલ્દીથી લગાવી દે પૈસા બેટા, વાત સમજ અને ભાઈને બચાવી લે આપણા, પ્લીઝ બેટા ગમે તે કરી લે.' 'બેટા, મકાન વેંચી માર, કંઈક પણ કર, કંઈક પણ, ક્યાંથી પણ આનું પેમેન્ટ કરી દે.

## મુસાફર સેવા અને સ્વચ્છતામાં રાજકોટ રેલવે અગ્રેસર, પાવર તેમજ સિગ્નલિંગ & ટેલિકોમ સહિત 4 શીલ્ડ મેળવ્યા



**રાજકોટ, તા.10**

મુંબઈના યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમ ખાતે આયોજિત પશ્ચિમ રેલવેના 71મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં રાજકોટ મંડળે (ડિવિઝન) પોતાની શ્રેષ્ઠ કાર્યક્ષમતાના આધારે ભવ્ય સફળતા હાંસલ કરી છે. પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક રામાશ્રય પાંડેના હસ્તે રાજકોટ મંડળને કુલ 4 પ્રતિષ્ઠિત મહાપ્રબંધક શીલ્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિ રાજકોટ મંડળની વહીવટી કુશળતા અને મુસાફર સુવિધાઓ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો આપે છે. ખાસ કરીને રાજકોટ મંડળના વાણિજ્ય વિભાગે આ વર્ષે બે મહત્વપૂર્ણ શીલ્ડ પ્રાપ્ત કરીને પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. જેમાં મુસાફરોની ફરિયાદોના ઝડપી નિકાલ માટે સતત બીજા વર્ષે મેળવેલી 'રેલ મદદ શીલ્ડ' અને રેલવે સ્ટેશનો પર ઉચ્ચ કક્ષાની સફાઈ જાળવવા બદલ 'કોમર્શિયલ ક્લીનલીનેસ શીલ્ડ'નો સમાવેશ થાય છે. આ સફળતા પાછળ મંડળ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાનું માર્ગદર્શન અને વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાની કાર્યશૈલી મુખ્ય રહી છે. 'રેલ મદદ શીલ્ડ' અંગે વાત કરીએ તો, રાજકોટ મંડળ સમગ્ર પશ્ચિમ રેલવેમાં ફરિયાદોના નિવારણ માટે લેવામાં આવતા લઘુત્તમ સમય અને સંતોષકારક પ્રતિસાદમાં મોખરે રહ્યું છે. બીજી તરફ, સ્વચ્છ ભારત અભિયાનના મંત્રને સાર્થક કરતા સ્ટેશન પરિસરો અને પ્લેટફોર્મ પર સફાઈની અત્યાધુનિક પદ્ધતિઓ અને હાઉસકીપિંગ સ્ટાફના કુશળ મેનેજમેન્ટને કારણે 'ક્લીનલીનેસ શીલ્ડ' હાંસલ થયું છે. સુનીલ કુમાર મીનાના નેતૃત્વમાં વાણિજ્ય વિભાગે ટેકનોલોજી અને માનવ સંસાધનનો શ્રેષ્ઠ સમન્વય સાધી મુસાફર સેવાઓના સ્તરમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. વર્ષ 2025-26 દરમિયાન રાજકોટ મંડળે માત્ર સફાઈ કે ફરિયાદ નિવારણ જ નહીં, પરંતુ ડિજિટલ પેમેન્ટ, પીવાના પાણીની સુવિધા અને માહિતી પ્રસારણ પ્રણાલી જેવા અનેક ક્ષેત્રોમાં આધુનિકીકરણના સીમાચિહ્નો સર કર્યા છે.

## હર્ષ સંઘવીએ નવા કોર્પોરેટરોને કહ્યું - 5 વર્ષ પછી હિસાબ થશે

**અમદાવાદ, તા.10**

સુરતના રાજકારણમાં સેવા અને નમ્રતાનો આજે એક અનોખો કિસ્સો જોવા મળ્યો છે. મજૂરા વિધાનસભા વિસ્તારમાં આયોજિત જનસેવા સાથે ઉપહાર વિતરણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જનતા અને કાર્યકર્તાઓ તરફથી મળેલા તમામ સન્માન અને ભેટ-સોગાદો ફરી જનતાના ચરણોમાં અર્પણ કરી દીધી હતી. આ વિતરણ માટે તેમણે 'ડ્રો સિસ્ટમ' અપનાવી હતી જેથી કોઈ પક્ષપાત ન થાય અને સૌને સમાન તક મળે. આ પ્રસંગે તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓને સત્તાના અહંકારથી દૂર રહી લોકસેવા કરવા પર ભાર મૂક્યો હતો. સાથે જ કહ્યું કે, કોર્પોરેટર બન્યાનો ભાર મગજમાંથી ઉતારી નાખજો, જનતા અને સંગઠન પાંચ વર્ષ પછી હિસાબ કરશે. કાર્યક્રમની શરૂઆત અત્યંત લાગણીસભર રહી



હતી. નાયબ મુખ્યમંત્રીએ પ્રોટોકોલ બાજુ પર મૂકીને સમાજના વડીલોને સર્વોપરી સ્થાન આપ્યું હતું. કૈલાશજી સહિતના પાંચ વડીલોના હસ્તે ડ્રો સિસ્ટમ દ્વારા વિજેતાઓના નામ નક્કી કરવામાં આવ્યા હતા. આ પારદર્શક પદ્ધતિ દ્વારા વડીલોએ ઉઠાવેલી ચિઠ્ઠીમાં જે ટોકન નંબર નીકળ્યો, તે ભાગ્યશાળી કાર્યકર્તાઓને હર્ષ સંઘવીના હસ્તે સ્મૃતિ ચિન્હ કે ઉપહાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. હર્ષ સંઘવીએ પોતાના સંબોધનમાં ચૂંટાયેલા કોર્પોરેટરો અને હોદ્દેદારોને ટકોર કરતા જણાવ્યું હતું કે, તમારા મગજમાં જે ભાર છે કે હું કોર્પોરેટર બન્યો છું, તે ઉતારી નાખો. આ પદ જનતાની સેવા કરવાનો અવસર છે. મારા જેવા અનેક લોકો પદ પર આવ્યા અને ગયા, પણ જો જનતા સાથે ગેરવર્તન થશે તો તે સૌથી મોટું નુકસાન સાબિત થશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જ્યારે સામાન્ય નાગરિક પોતાની સમસ્યા લઈને આવે કે ફોન કરે, ત્યારે તેની સાથે તોછડાઈભર્યું વર્તન કરવું તે પાપ સમાન છે. કાર્યકર્તાઓ રાત-દિવસ એક કરીને નેતાને જીતાડે છે, પરંતુ જો નેતાનો વ્યવહાર ખરાબ હશે તો કાર્યકર્તાની મહેનત એળે જશે. કાર્યકર્તાઓના મહત્વને સમજાવતા તેમણે કહ્યું કે, કોઈપણ પ્રતિનિધિની જીત પાછળ પાયાના કાર્યકર્તાઓનો પરસેવો હોય છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, પાંચ વર્ષનો સમય ઝડપથી પૂરો થઈ જશે.

## બેફામ કારની ટક્કરે ત્રણનાં મોત, રોડ ક્રોસ કરી રહેલી બાઈકને હવામાં ફંગોળી

**રાજકોટ, તા.10**

પંચમહાલ જિલ્લાના ગોધરા-અમદાવાદ હાઈવે પર આજે (10 મે) વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. ગોધરા નજીક આવેલા વાવડી ખુર્દ પાસે, બેફામ ગતિએ દોડતી એક કારે બાઈકસવાર ત્રણ યુવાનને કચડી નાખતાં ત્રણેયના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. આ અકસ્માતને પગલે સ્થાનિક પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આ સમગ્ર ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે, રોડ ક્રોસ કરી રહેલી એક બાઈકને પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારે જોરદાર ટક્કર મારી હતી. જેમાં બાઈક પર સવાર ત્રણેય મિત્ર હવામાં ફંગોળાયા બાદ ઘટનાસ્થળે જ મોતને ભેટે છે. મળતી માહિતી મુજબ, ગોધરા-અમદાવાદ હાઈવે પર વાવડી ખુર્દ પાસે આવેલી ચામુંડા હોટલ નજીક આ અકસ્માત સર્જાયો હતો. આજે વહેલી સવારે જ્યારે વાતાવરણ શાંત હતું, ત્યારે પુરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે માર્ગ પરથી પસાર થઈ રહેલી બાઈકને જોરદાર ટક્કર મારી હતી ટક્કર એટલી ભયાનક હતી કે, બાઈકનો કુરચો



બોલી ગયો હતો અને તેના પર સવાર ત્રણેય યુવાન હવામાં ફંગોળાયા બાદ ગંભીર ઈજાઓ થવાને કારણે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પોલીસકાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે ત્રણેય મૃતદેહનો કબજો સંભાળી, ઘટનાસ્થળનું પંચનામું કર્યું હતું. ત્યાર બાદ મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

## રાજકોટ મનપા દ્વારા ત્રણેય ઝોનની 866 જર્જરિત મિલકતોને નોટિસ




**રાજકોટ, તા.10**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી ચોમાસાને ધ્યાને રાખીને પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના ત્રણેય ઝોનમાં બાંધકામ શાખા દ્વારા કરવામાં આવેલા સર્વે બાદ કુલ 866 જેટલી ખાનગી મિલકતોને જર્જરિત જાહેર કરાઈ છે. આ તમામ મિલકત ધારકોને નોટિસ ફટકારીને ચોમાસું શરૂ થાય તે પહેલા જોખમી ભાગો તોડી પાડવા અથવા જરૂરી રિપેરિંગ કરાવી લેવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય ભારે વરસાદ કે વાવાઝોડા દરમિયાન જર્જરિત મકાનો ધરાશાયી થવાથી થતી જાન-માલની હાનિ રોકવાનો છે. મહાનગરપાલિકાએ આ સર્વેમાં માત્ર ખાનગી મકાનો જ નહીં, પરંતુ સરકારી આવાસો અને હાઉસિંગ બોર્ડની મિલકતોની સ્થિતિનો પણ ચિતાર મેળવ્યો છે. મહાપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા શહેરીજનોની સુરક્ષા માટે હાથ ધરવામાં આવેલા સર્વે મુજબ, સમગ્ર શહેરમાં કુલ 886 મકાનો જર્જરિત અવસ્થામાં હોવાનું સામે આવ્યું છે. જેમાંથી 866 ખાનગી મિલકતોના માલિકો કે કબજેદારોને તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે. અત્યાર સુધીમાં આ નોટિસના આધારે 202 મકાનોમાં રિપેરિંગ કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. જોકે, હજુ પણ અનેક મિલકતો એવી છે જ્યાં કામગીરી બાકી છે. આ મિલકતો પૈકી 90 જેટલા કિસ્સાઓમાં મકાન માલિક અને ભાડૂઆત કે કબજેદાર વચ્ચે કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે અથવા આંતરિક તકરાર છે.

## માતાના ગર્ભમાં જ મૃત્યુ પામેલા બાળકના પરિવારને વળતર ચૂકવવા હુકમ

**અમદાવાદ, તા.10**

સુરતના કીમ રેલવે સ્ટેશન પર માતાના ગર્ભમાં જ મોતને ભેટેલા બાળકના પરિવારને 8 લાખ રૂપિયાનું વળતર આપવાનો ચૂકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં રેલવેમાં અકસ્માતમાં ગર્ભમાં રહેલા બાળકના મૃત્યુ બાદ વળતર ચુકવવાનો આ પ્રથમ કિસ્સો છે. જેમાં કોર્ટે અનબોર્ન ચાઈલ્ડના પિતાને 8 લાખ રૂપિયા 9 ટકા વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કર્યો છે. અગાઉ માતાના મૃત્યુ માટે રેલવે ટ્રિબ્યુનલે 8 લાખ રૂપિયા વળતર ચુકવવાનો આદેશ કર્યો હતો. જાણીતા વકીલ નીતિન કાપડેએ જણાવ્યું હતું કે, 14 એપ્રિલ-2018ના રોજ મૂળ મધ્યપ્રદેશના ઉષાબેન તેમના પતિ જયપ્રકાશ ઘસીટાલાલ અને તેમના 2 સંબંધીઓ સાથે સુરતના કીમ



રેલવે સ્ટેશનથી કાનપુર જવા માટે નિકળ્યા હતા. જયપ્રકાશ ઘસીટાલાલના કાકાના દીકરાના લગ્ન માટે તેઓ કાનપુર જઈ રહ્યા હતા. આ સમયે કીમ રેલવે સ્ટેશન પર મેમુ ટ્રેનમાં ચડવા ગયા હતા અને તે સમયે દુર્ઘટના થતાં ઉષાબેનનું મોત થયું હતું.આ સમયે તેમના પેટમાં 9 માસનો ગર્ભ હતો, આ બાળક પણ માતાના પેટમાં જ કચડાઈને મૃત્યું પામ્યું હતું અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ પ્રસ્થાપિત થયું હતું. જેથી મૃતક મહિલાના પતિએ વેસ્ટર્ન રેલવે ટ્રીબ્યુનલે અમદાવાદમાં બે ક્લેઈમ કર્યાં હતા.

## વીડિયો ઉતારતી યુવતીઓ સાથે પોલીસકર્મીની ઝપાઝપી : અમદાવાદમાં રાતે ગાર્ડનમાં રમવા ગયેલા બાળકો પર પોલીસે હાથ ઉઠાવ્યાનો આક્ષેપ

**અમદાવાદ, તા.10**

અમદાવાદના વાસણા વિસ્તારમાં પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. ગાર્ડનમાં રમવા ગયેલા બે સગીર બાળકો પર પોલીસકર્મીઓએ હાથ ઉઠાવ્યો હોવાનો અને વીડિયો ઉતારતી યુવતીઓ સાથે ગેરવર્તણૂક કરી ઝપાઝપી કર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાના વીડિયો પણ સામે આવ્યાં છે, જેમા રોષે ભરાયેલી યુવતી પોલીસકર્મીને ગાળો ભાંડી રહી છે. આ ઘટના બાદ યુવતીએ પોલીસ કમિશનરને લેખિત અરજી કરી કડક કાર્યવાહીની માગ કરી છે. પોલીસ કમિશનરને કરાયેલી અરજી મુજબ, 8 મે, 2026ની રાત્રે અંદાજે 11 વાગ્યાની આસપાસ વાસણાના સિનિયર સિટીઝન પાર્ક પાસે 9 અને 11 વર્ષના બે સગીર ભાઈઓ રમવા ગયા હતા. ગાર્ડનનો દરવાજો ખુલ્લો હોવાથી બાળકો



અંદર પ્રવેશ્યા હતા. આ દરમિયાન સિક્યુરિટી ગાર્ડે બાળકોને 'ચોર' સમજી લાકડી લઈને તેમની પાછળ દોટ મૂકી હતી, જેનાથી ગભરાઈને બાળકો સાયકલ મૂકીને પાર્કની રેલિંગ કૂદી ત્યાંથી ભાગી છૂટ્યા હતા. બાળકો જ્યારે થોડીવાર પછી પરત આવ્યા ત્યારે ત્યાં ઉભેલી પીસીઆર વાનના બે પોલીસકર્મીઓ (એક યુનિફોર્મમાં અને એક સાદા કપડામાં) પૈકી એકે 11 વર્ષના બાળકને લાફો માર્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસકર્મીઓએ બાળકો પર ચોરીનો ખોટો આરોપ લગાવી પોલીસ સ્ટેશન લઈ જવાની ધમકી આપી હતી અને તેમના પરિવારને સ્થળ પર બોલાવ્યા હતા. બાળકોના પરિવારની યુવતીઓ અને મહિલાઓ જ્યારે સ્થળ પર પહોંચી, ત્યારે તેમણે પોલીસની આ ગેરવર્તણૂકનો વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. આ જોઈને ઉશ્કેરાયેલા પોલીસકર્મીઓએ યુવતીના હાથમાંથી મોબાઈલ ખેંચી લીધો હતો અને તેમની સાથે ઝપાઝપી કરી હોવાનો પણ આક્ષેપ છે. તો બીજી તરફ પોલીસ તરફથી જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પોલીસ મહિલાઓને વિનંતી કરી ગાળો ન બોલવા અને શાંતિ રાખવાનું રહી છે. આ મામલે વાસણા પોલીસ સ્ટેશનના પીઆઈએ જણાવ્યું કે, સિનિયર સિટીઝન પાર્કમાં રાતે 12 વાગે બાળકો હતા. ગાર્ડનમાં ચોરી થયાની પોલીસને જાણ થતા PCR વાન પહોંચી હતી. જેમાં એક આઉટ સોર્સના ડ્રાઈવર હતા અને એક પોલીસકર્મી હતા. બંને બાળકો ગાર્ડનમાં છુપાઈ ગયા હતા, જેથી ડ્રાઈવરે તેમને બહાર કાઢ્યા હતા. બંનેના પરિવારને જાણ કરતા પરિવારની મહિલાઓ આવી હતી. જેમણે પોલીસને બિભત્સ ગાળો આપી હતી. પોલીસ દ્વારા કોઈ ગેરવર્તન કરવામાં આવ્યું નથી અને બાળકને લાફો પણ મારવામાં આવ્યો નથી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# 58 અશ્લીલ વીડિયો, અનેક મહિલાઓ સાથે સંબંધ બાંધ્યા, કેપ્ટન બાબાએ કહ્યું- બધું દૈવી શક્તિએ કરાવ્યું

## અમેરિકી કોલોનીઓ વસી ગઈ હતી, જ્યાં સૈનિકોના પરિવારના લોકો રહેતા હતા



**નાસિક, તા.10**

58 અશ્લીલ વીડિયો, 150 પીડિત મહિલાઓ, 1500 કરોડની સંપત્તિ, 100 નકલી ખાતા, સ્વયંભૂ બાબા અશોક ખરાત પર આરોપોની યાદી, અંધશ્રદ્ધા, મંત્રીઓ-ધારાસભ્યો સાથેના જોડાણથી લઈને સૌથી મહત્વપૂર્ણ સાક્ષી જીતેન્દ્ર શેલકેના મૃત્યુ સુધી પહોંચી. મામલો કોર્ટમાં છે અને ખરાત જેલમાં છે. તપાસમાં નાસિક પોલીસ ઉપરાંત SIT અને ED પણ સામેલ છે. SITના સૂત્રો અનુસાર, ખરાતે સ્વીકાર્યું છે કે તેનાથી ભૂલ થઈ છે, પરંતુ આ બધું દૈવી શક્તિઓએ કરાવ્યું છે. 17 માર્ચે ખરાત વિરુદ્ધ બળાત્કારની પ્રથમ FIR નોંધાઈ હતી અને બીજા દિવસે ધરપકડ થઈ હતી. અત્યાર સુધીમાં 13 કેસ નોંધાયા છે. જેમાં 8 જાતીય સતામણી, 4 આર્થિક છેતરપિંડી અને એક મની લોન્ડરિંગનો છે, જે ED દ્વારા નોંધવામાં આવ્યો છે. 9 મેના રોજ શિરડી કોર્ટમાં ખરાત રજૂ થયો. કોર્ટે ખરાતને 14 દિવસની કસ્ટડીમાં મોકલ્યો. તપાસ ટીમમાં સામેલ સૂત્રો અનુસાર, પૂછપરછમાં ખરાત સતત કહેતો રહ્યો કે તેણે મહિલાઓ સાથે સંમતિથી સંબંધો બનાવ્યા હતા. ખરાતના વકીલ સચિન ભાટે પણ કહી ચૂક્યા છે કે બધું સંમતિથી થયું હતું. જોકે SIT તેનાથી સહમત નથી. ખરાતે દાવો કર્યો કે તેની પાસે દૈવી શક્તિઓ છે અને લોકો પોતે પોતાની સમસ્યા લઈને તેની પાસે આવતા હતા. સૂત્રો અનુસાર, 'ખરાતે સ્વીકાર્યું છે કે તેનાથી ભૂલ થઈ છે, પરંતુ તે તેને દૈવી શક્તિ અને જ્યોતિષ વિદ્યાનું નામ આપીને બચવાનો પ્રયાસ કરી રહ્યો છે. પોલીસનું માનવું છે કે તે મહિલાઓને નશીલી વસ્તુ કે કોઈ દવા આપીને તેમનો ફાયદો ઉઠાવતો હતો. જોકે, ખરાત હજુ પણ કહી રહ્યો છે કે તે સમાધિ જેવી સ્થિતિમાં રહેતો હતો અને શક્તિ સમાપ્ત થતાં તેને ભાન આવતો હતો. 17 એપ્રિલે અશોક ખરાતના નજીકના અને કેસમાં મહત્વપૂર્ણ સાક્ષી જીતેન્દ્ર શેલકેનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું. 55 વર્ષીય જીતેન્દ્ર શેલકે ખરાતના શિવનિકા ટ્રસ્ટના ઉપાધ્યક્ષ હતા. અકસ્માત સમયે તેઓ પત્ની અને પુત્ર સાથે છત્રપતિ સંભાજીનગરથી શિરડી જઈ રહ્યા હતા. બપોરે 12:30 થી 1 વાગ્યાની વચ્ચે તેમની કાર રસ્તા કિનારે ઉભેલા ટ્રક સાથે પાછળથી અથડાઈ. જીતેન્દ્ર ખરાત સાથે જોડાયેલા લેણદેણ અને જમીનના સોદામાં સામેલ હતા. મૃત્યુના માત્ર ત્રણ દિવસ પહેલા જ EDએ તેમની પૂછપરછ કરી હતી. સામાજિક કાર્યકર્તા અંજલિ દામણિયા અને NCP (SP)ના ધારાસભ્ય રોહિત પવારે જીતેન્દ્રના મૃત્યુ પર શંકા વ્યક્ત કરી છે. અંજલિ દામણિયા કહે છે, 'શેલકે ખરાતની સંસ્થામાં નંબર બેની પોઝિશન પર હતા. તેઓ ખરાતનો દરેક કાળો ચિઠ્ઠો અને અંદરની વાતો જાણતા હતા. આવા મહત્વપૂર્ણ સાક્ષીનું આ રીતે મૃત્યુ પ્રશ્નો ઉભા કરે છે. 'અકસ્માત પછીના ફૂટેજમાં જીતેન્દ્ર શેલકેની ગાડી રસ્તાની એકદમ ડાબી બાજુ દેખાઈ રહી છે. આખો રસ્તો ખાલી હતો, તો કોઈ બિલકુલ ડાબી તરફ ગાડી કેમ ચલાવશે. જો ગાડીનું બેલેન્સ બગડે છે, તો તે વળે છે, પરંતુ અહીં ગાડી બિલકુલ સીધી અંદર ઘૂસી છે.' અંજલિ એકનાથ શિંદે પર ખરાતને બચાવવાનો આરોપ લગાવે છે. તેઓ દાવો કરે છે કે છેલ્લા ચાર વર્ષથી ખરાત તેમના માટે બ્લેક મેજિક અને આવા જ કામ કરી રહ્યો હતો. રોહિત પવારે પણ આરોપ લગાવ્યો છે કે સંજય શિરસાટ અને દીપક કેસરકર જેવા નેતાઓ સતત ખરાતના સંપર્કમાં હતા. તેમના પ્રભાવને કારણે જ પોલીસ આ મામલાને દબાવી રહી છે. માર્ગ અકસ્માતનું કારણ જાણવા માટે ફોરેન્સિક ટીમ દ્વારા ક્રેશ એનાલિસિસ કરાવવામાં આવ્યું છે. તેનો રિપોર્ટ આવવાનો બાકી છે. જોકે, જીતેન્દ્ર શેલકેના ભાઈ મહેન્દ્ર ગણપતરાવ શેલકે અકસ્માતને 100% અકસ્માતનો મામલો જણાવે છે. તેઓ કહે છે, 'અમને કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિની આશંકા નથી. મીડિયામાં ભાઈના સુસાઈડ કે ષડયંત્રની ખબરો ચાલી રહી છે, તે ખોટી છે. પરિવારને કોઈ પર શંકા નથી.' શું પરિવાર પર કોઈ દબાણ છે? મહેન્દ્ર જવાબ આપે છે, 'ના, કોઈ દબાણ નથી, ન તો કોઈએ ધમકાવ્યા છે.' કેસની શરૂઆત સિન્નરના વાવી પોલીસ સ્ટેશનથી થઈ હતી. અહીં અશોક ખરાતે FIR નોંધાવી હતી કે કેટલાક લોકો એક સીડી દ્વારા તેને બ્લેકમેલ કરી રહ્યા છે. આ કેસમાં નીરજ જાધવ ઉપરાંત બે અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. નીરજ ગયા વર્ષ સુધી અશોક ખરાતની ઓફિસમાં આસિસ્ટન્ટ હતો. SITને આપેલા નિવેદનમાં તેણે જણાવ્યું, '2023માં ગર્ભવતી પત્નીને લઈને હું ખરાત પાસે ગયો હતો જેથી બાળક સ્વસ્થ જન્મે. તેણે ધાર્મિક પૂજાના બહાને પત્ની સાથે છેડછાડ કરી. આ ઘટના પછી જ મેં ખરાતની કરતૂતો પર નજર રાખવાનું શરૂ કર્યું. તેનો પર્દાફાશ કરવા માટે મિત્રની મદદથી ઓફિસમાં એક હિડન કેમેરા લગાવ્યો. પછી બાબાનું સત્ય સામે આવી ગયું.'

# લોહીનો તરસ્યો હતો... તને અને તારા પરિવારને ખતમ કરી દઈશ

## ઘરની બહાર બેઠેલા ભાજપ નેતાને ધડાધડ 5 ગોળી મારી, ફાયરિંગની ઘટના CCTVમાં કેદ

**લખનૌ, તા.10**

લખનઉમાં 30 વર્ષીય ભાજપ નેતા ચેતન તિવારીને ગોળી મારવામાં આવી. શનિવારે રાત્રે તેમના પર હુમલો ત્યારે થયો જ્યારે તેઓ ઘરની બહાર ખુરશી પર બેઠા હતા. હુમલાખોર પગપાળા આવ્યો. અચાનક તેણે તમંચો કાઢ્યો અને તેમના પર તાક્યો. તેણે ધડાધડ 5 રાઉન્ડ ફાયર કર્યા. અચાનક થયેલા હુમલાથી ગભરાયેલા ચેતને ઝૂકીને બચવાનો પ્રયાસ કર્યો. પહેલી ગોળી તેમની કમરમાં વાગી. તેઓ રસ્તા પર પડી ગયા. હુમલાખોર તેમની નજીક આવ્યો. તેણે તમંચાને ખભા અને ગરદનથી અડાડીને ફાયર કરવાનું શરૂ કર્યું. આસપાસના લોકો બચાવવા દોડ્યા તો હુમલાખોરે તેમના પર પણ તમંચો તાક્યો. પોતાનો જીવ બચાવવા લોકો પાછળ હટી ગયા. આ દરમિયાન હુમલાખોર ફરાર થઈ ગયો. લોકોએ પોલીસને જાણ કરી અને ચેતનને KGMU ટ્રોમા સેન્ટરમાં દાખલ કરાવ્યા. તેમની હાલત ગંભીર છે. માહિતી મળતા મોટી સંખ્યામાં લોકો ટ્રોમા સેન્ટર પહોંચી ગયા. હુમલાખોરની ધરપકડની માંગણી સાથે હોબાળો કરવા લાગ્યા. પોલીસે તેમને 1 કલાક સુધી સમજાવ્યા, ત્યારે જઈને તેઓ માન્યા. ઘટનાના CCTV સામે આવ્યા છે. ચેતન ભાજપ યુવા મોરચાના લખનઉ




મહાનગર કાર્યસમિતિના સભ્ય છે. હુમલાખોરની ઓળખ વૈભવ બાજપેયી તરીકે થઈ છે. ચેતન અને વૈભવ એક જ મહોલ્લામાં રહે છે. પોલીસ વૈભવને કસ્ટડીમાં લઈને પૂછપરછ કરી રહી છે. હુમલાનું કારણ વર્ચસ્વની લડાઈ હોવાનું કહેવાય છે. આ ઘટના બજાર ખાલા વિસ્તારના મહેંદીગંજમાં રાત્રે 9 થી 10 વાગ્યાની વચ્ચે બની હતી. KGMU ના ડોકટરોના જણાવ્યા અનુસાર, ચેતનની કરોડરજ્જુમાં ગોળી વાગી છે. જેના કારણે તેના બંને પગ સુન્ન થઈ ગયા છે. બીજી તરફ, ચેતનની પત્ની માનસી તિવારીએ બજાર ખાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં વૈભવ ઉર્ફે કૌસ્તુભ બાજપેઈ, હર્ષિત બાજપેઈ અને 4-5 અજાણ્યા લોકો પર હત્યાના પ્રયાસનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદમાં માનસીએ જણાવ્યું છે કે તે અને ચેતન નવજાત બાળકીને લઈને ઘરની બહાર બેઠા હતા. તે જ સમયે વૈભવ પોતાની સાથે 5-6 લોકોને લઈને પહોંચ્યો. તેણે કહ્યું કે ઘણા દિવસોથી લોહીનો તરસ્યો હતો. આજે મળ્યા છો. આજે તને અને તારા પરિવારને ખતમ કરી દઈશ. આમ કહીને તેણે ચેતન પર ફાયરિંગ કર્યું. ચેતનના ઘર પાસે લાગેલા CCTVમાં આખી ઘટના રેકોર્ડ થઈ ગઈ. ફુટેજમાં દેખાઈ રહ્યું છે કે વાદળી જીન્સ અને સફેદ શર્ટ પહેરીને હુમલાખોર આવ્યો. તેના હાથમાં તમંચો હતો. તેણે ચેતનની નજીક આવીને ફાયરિંગ કર્યું. આસપાસ હાજર મહિલાઓ અને કેટલાક યુવકો દોડ્યા તો આરોપીએ તેમના પર તમંચો તાકી દીધો. બધા ડરના કારણે પોતપોતાના ઘરોમાં છુપાઈ ગયા. CCTVમાં દેખાઈ રહ્યું છે કે 5 ફાયર કર્યા પછી હુમલાખોર ભાગી ગયો. ત્યારબાદ આસપાસના લોકો ચેતન પાસે પહોંચ્યા. તેને ઉઠાવ્યો. ત્યાં સુધીમાં ચેતન લોહીલુહાણ થઈ ચૂક્યા હતા. ઉઠી પણ શકતા ન હતા. લોકો તેમને ઉઠાવીને હોસ્પિટલ લઈ ગયા. સ્થાનિક લોકોની મદદથી ઘાયલ નેતાને તરત જ KGMU ટ્રોમા સેન્ટરમાં પહોંચાડવામાં આવ્યા. ત્યાં તેમના સમર્થકો અને પરિચિતો પહોંચી ગયા. બબાલ કરવા લાગ્યા. તેમની માગ હતી કે વહેલી તકે હુમલાખોરની ઓળખ કરીને તેને પકડવામાં આવે. માહિતી મળતા જ બજારખાલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી.

# દાવો- એપસ્ટીને મૃત્યુ પહેલાં સુસાઈડ નોટ લખી હતી : 7 વર્ષથી કોર્ટમાં સીલબંધ, તપાસ એજન્સીઓને પણ મળ્યો નથી આ મહત્વનો પુરાવો

**વોશિંગ્ટન ડીસી, તા.10**

યૌન અપરાધી જેફ્રી એપસ્ટીનના મૃત્યુ પહેલાં તેણે સુસાઈડ નોટ લખી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ કથિત સુસાઈડ નોટ છેલ્લા લગભગ 7 વર્ષથી ન્યૂયોર્કની કોર્ટમાં સીલબંધ છે. આ કારણોસર તેને અત્યાર સુધી સાર્વજનિક કરવામાં આવી નથી. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, અત્યાર સુધી એપસ્ટીનના મૃત્યુની તપાસ કરી રહેલી એજન્સીઓને પણ આ મહત્વપૂર્ણ પુરાવો મળ્યો નથી. જો આ નોટ ખરેખર એપસ્ટીને લખી હોત, તો તે તેની માનસિક સ્થિતિ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી શકતી હતી. અહેવાલ મુ બ, આ નોટ જુલાઈ 2019માં એપસ્ટીનના સાથી કેદી નિકોલસ ટાર્ટાગ્લિઓનને મળી હતી. તે સમયે એપસ્ટીન જેલમાં બેભાન અવસ્થામાં મળ્યો હતો અને તેની ગરદન પર કપડું બાંધેલું હતું. તે ઘટનામાં તેનો જીવ બચી ગયો હતો. પરંતુ થોડા અઠવાડિયા પછી જેલમાં તેમનું મૃત્યુ થયું, જેને મેડિકલ અધિકારીઓએ આત્મહત્યા ગણાવી. ટારટાગ્લિઓનના મતે, આ નોટમાં લખ્યું હતું કે તપાસ એજન્સીઓએ મહિનાઓ સુધી એપસ્ટીનની તપાસ કરી, પરંતુ કંઈ મળ્યું નહીં. નોટમાં એ પણ લખ્યું હતું કે, 'તમે મારી પાસેથી શું ઈચ્છો છો, શું હું રડું? હવે વિદાય લેવાનો સમય છે.'

જોકે, અમેરિકી જસ્ટિસ



ડિપાર્ટમેન્ટનું કહેવું છે કે તેમની પાસે આ નોટ નથી, તેથી તેઓ તેની પુષ્ટિ કરી શકતા નથી.

ફેડરલ જજના કહેવા પર નોટ સીલ કરવામાં આવી

રિપોર્ટ અનુસાર, આ નોટ બાદમાં ટારટાગ્લિઓનના પોતાના ગુનાહિત કેસનો ભાગ બની ગઈ અને એક ફેડરલ જજે તેને સીલ કરી દીધી. આ જ કારણોસર એપસ્ટીનના મૃત્યુની તપાસ કરનારાઓને આ મહત્વપૂર્ણ પુરાવો મળી શક્યો નહીં. ન્યૂયોર્ક ટાઈમ્સએ તાજેતરમાં અદાલત પાસેથી આ નોટને સાર્વજનિક કરવાની માંગ કરી છે. આ દરમિયાન, રેકોર્ડમાં હાજર બે પાનાની ટાઈમલાઈન જણાવે છે કે ટારટાગ્લિઓનના વકીલોએ આ નોટને અસલી ગણાવી, પરંતુ કેવી રીતે, તે સ્પષ્ટ નથી. જસ્ટિસ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ જણાવ્યું કે એપસ્ટીન કેસ સાથે જોડાયેલા તમામ દસ્તાવેજો એકઠા કરવા માટે એજન્સીએ ખૂબ પ્રયાસ કર્યા, જેમાં જેલ બ્યુરો અને ઈન્સ્પેક્ટર જનરલ ઓફિસ ના રેકોર્ડ પણ સામેલ હતા. આમ છતાં આ નોટ મની પાસે નથી.

એપસ્ટીનના મૃત્યુ બાદ સુરક્ષામાં અનેક ખામીઓ

જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અનુસાર, એપસ્ટીનના મૃત્યુ બાદ મેનહટન કરેક્શનલ સેન્ટરની સુરક્ષામાં અનેક ખામીઓ સામે આવી, જેના કારણે તેના મૃત્યુ પર અનેક સવાલો અને થિયરીઓ ઊભી થઈ.

જુલાઈની ઘટના પછી એપસ્ટીને અધિકારીઓને કહ્યું હતું કે ટાર્ટાગ્લિઓને તેના પર હુમલો કર્યો હતો, પરંતુ બાદમાં કહ્યું કે તેને તેના સાથી કેદીથી કોઈ મુશ્કેલી નહોતી.

ટાર્ટાગ્લિઓને અગાઉ પોલીસ અધિકારી હતા અને ચાર હત્યાના કેસમાં 2023માં દોષિત ઠેરવવામાં આવ્યા છે. તેઓ ચાર આજીવન કેદની સજા ભોગવી રહ્યા છે. તેમણે હંમેશા એપસ્ટીન પર હુમલો કરવાના આરોપનો ઈનકાર કર્યો છે અને પોતાની નિર્દોષતાનો દાવો કર્યો છે.

જેફરી એપસ્ટીનના સાથી કેદી નિકોલસ ટાર્ટાગ્લિઓને. આ તસવીર 23 જુલાઈ, 2019ની છે.

એક પુસ્તકની અંદરથી મળી હતી સુસાઈડ નોટ

ટાર્ટાગ્લિઓન અનુસાર, તેમને આ નોટ પોતાની જેલના રૂમમાં એક પુસ્તકની અંદર મળી હતી. આ પીળા કાગળ પર લખેલી હતી, જે લીગલ પેડમાંથી ફાડવામાં આવી હતી. તેમણે આ નોટ પોતાના વકીલોને આપી દીધી, જેથી જો એપસ્ટીન તેમના પર આરોપ લગાવતા રહે.

# ટ્રમ્પે કહ્યું- ઈરાનને પરમાણુ હથિયાર નહીં બનાવવા દઈએ : મેં ત્યાં જે કર્યું, સફળ રહ્યું ; ઈરાની સરકારે 42 હજાર નિર્દોષોને માર્યા

**વોશિંગ્ટન ડીસી, તા.10**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કહ્યું છે કે ઈરાનને પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા દેવાય. તેમણે કહ્યું, 'જો તમે (દુનિયા) આની સાથે સહમત છો, તો મેં જે કર્યું તે સંપૂર્ણ સફળતા હતી કારણ કે અમારી સેનાએ તેમને સંપૂર્ણપણે નબળા બનાવી દીધા હતા.'

ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ઈરાની સરકારે ત્યાં 42,000 નિર્દોષ વિરોધીઓને મારી નાખ્યા છે. 'તેઓ એક આતંકવાદી જૂથ છે, પરંતુ અમે તેમને સંપૂર્ણપણે નબળા પાડી દીધા છે અને તેમની અર્થવ્યવસ્થા બરબાદ થઈ ગઈ છે.'

અમેરિકા પહેલીવાર ઈરાન સામે હાઈપરસોનિક મિસાઈલોનો ઉપયોગ કરી શકે છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડ (સેન્ટકોમ) ના કમાન્ડરે ઈરાન સામે સંભવિત હુમલા માટેના વિકલ્પો વિશે રાષ્ટ્રપતિ ટ્રમ્પને માહિતી આપી છે.

ફોક્સ ન્યૂઝ અનુસાર, એડમિરલ બ્રેડ કૂપરે વ્હાઈટ હાઉસ સિચ્યુએશન રૂમમાં ટ્રમ્પ સાથેની બેઠકમાં આ વિકલ્પો રજૂ કર્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે જો ટ્રમ્પ ફરીથી હુમલો કરવાનું નક્કી કરે છે, તો 'નાનો પણ ખૂબ જ શક્તિશાળી હુમલો' થઈ શકે છે.



1. ટ્રમ્પની ધમકી: ટ્રમ્પે ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર પોતાનો ફોટો શેર કરીને કહ્યું, તોફાન આગળ વધી રહ્યું છે. તેને કોઈ રોકી શકશે નહીં.

2. ઈરાનનો જવાબ: સુપ્રીમ લીડર મુજતબા ખામેનેઈએ કહ્યું, અમે હુમલાખોરોને સમુદ્રમાં ડુબાડી દઈશું. ફારસની ખાડીમાં તેમના માટે કોઈ જગ્યા નથી.

3. તેલની કિંમત વધી: ગુરુવારે ક્રૂડ ઓઈલની કિંમત ઝડપથી વધીને લગભગ 126 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ. આ 4 વર્ષમાં સૌથી વધુ હતી. બાદમાં તે ઘટીને 115ની આસપાસ પહોંચી.

4. મુજતબાના સ્વાસ્થ્ય પર સસ્પેન્સ: મુજતબા ખામેનેઈના સ્વાસ્થ્ય અંગે હજુ પણ સ્પષ્ટ માહિતી સામે આવી નથી. તેઓ અત્યાર સુધી ક્યારેય જાહેરમાં જોવા મળ્યા નથી.

5. અમેરિકી એરક્રાફ્ટ પાછું ફર્યું: દુનિયાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર યુએસએસ જેરાલ્ડ આર ફોર્ડ હવે 300 દિવસથી વધુની રેકોર્ડ તૈનાતી પછી અમેરિકા પાછું ફરી રહ્યું છે.

ટ્રમ્પ બોલ્યા- ઈરાન પર હુમલા માટે સંસદીય મંજૂરી જરૂરી નથી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ સંભવિત સૈન્ય કાર્યવાહી અંગે જણાવ્યું છે કે તેમને આ માટે કોંગ્રેસ (સંસદ) પાસેથી પરવાનગી લેવાની જરૂર નથી. તેમણે કહ્યું કે જે લોકો આ મંજૂરીની માંગ કરી રહ્યા છે, તેઓ દેશભક્ત નથી.

ટ્રમ્પે તે કાયદા (વોર પાવર્સ રિઝોલ્યુશન) પર પણ સવાલ ઉઠાવ્યા, જેના હેઠળ રાષ્ટ્રપતિએ સેના મોકલ્યાના 60 દિવસની અંદર કોંગ્રેસ પાસેથી મંજૂરી લેવી પડે છે. તેમનું કહેવું છે કે ભૂતકાળમાં પણ ઘણા રાષ્ટ્રપતિઓ આ નિયમનું પાલન કરતા નહોતા અને ઘણા લોકો આ નિયમને યોગ્ય માનતા નથી.

ટ્રમ્પે એમ પણ કહ્યું કે ઈરાનને ક્યારેય પરમાણુ હથિયાર બનાવવા દેવામાં આવશે નહીં. આ દરમિયાન ટ્રમ્પે સ્પેન અને ઈટાલી જેવા દેશો સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેમનું કહેવું છે કે આ દેશો ઈરાન વિરુદ્ધની કાર્યવાહીમાં અમેરિકાને પૂરો સાથ આપી રહ્યા નથી.

તેમણે વધુમાં જણાવ્યું કે જો કોઈ એવું વિચારતું હોય કે ઈરાન પાસે પરમાણુ હથિયાર હોવા જોઈએ તે ઠીક છે, તો આ વિચાર ખૂબ જ ખતરનાક છે. ટ્રમ્પના મતે, જો ઈરાન પાસે પરમાણુ હથિયાર આવી જશે, તો વિશ્વએ બહુ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે.

ઈરાનના નવા પ્રસ્તાવ પર ટ્રમ્પ સરકારનો નિવેદન આપવાનો ઈનકાર

ટ્રમ્પ સરકારે ઈરાન તરફથી મોકલવામાં આવેલા નવા પ્રસ્તાવ પર જવાબ આપ્યો નથી. જ્યારે વ્હાઈટ હાઉસને પૂછવામાં આવ્યું કે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ઈરાનના નવા પ્રસ્તાવ પર શું કહેવું છે, ત્યારે વ્હાઈટ હાઉસે કહ્યું કે તેઓ ખાનગી રાજદ્વારી વાટાઘાટો પર નિવેદન કરતા નથી.

અમેરિકી સાંસદે કહ્યું, યુદ્ધ દરમિયાન ટ્રમ્પ અને તેમના મિત્રો વધુ ધનવાન બની રહ્યા છે

ડેમોક્રેટિક સાંસદ ટેડ લીયુએ કહ્યું કે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે અમેરિકામાં ગેસોલિનના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, અને સામાન્ય લોકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

તેમણે ટ્વિટર પર લખ્યું કે અમેરિકન લોકો ભારે દબાણ હેઠળ છે જ્યારે ટ્રમ્પ અને તેમના અબજોપતિ મિત્રો વધુ ધનવાન બની રહ્યા છે.

રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું છે કે યુદ્ધ પૂરું થતાં જ ઊર્જાના ભાવ (તેલ અને ગેસના ભાવ) ઉછળેલા પથ્થરની જેમ નીચે આવી જશે.


અમેરિકાની ચેતવણી- ઈરાનને કોઈપણ ચુકવણી કરી તો સેંક્શનનો ખતરો

અમેરિકી ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ચેતવણી આપી છે કે જે શિપિંગ કંપનીઓ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા સુરક્ષિત માર્ગ માટે ઈરાનને ચૂકવણી કરે છે, ભલે ચુકવણી ચેરિટીના નામે કરવામાં આવે, તેમને પ્રતિબંધોનો સામનો કરવો પડી શકે છે.

# પ્લેનના પંખામાં ઘૂસેલા માણસનું 'કચૂંબર' બની ગયું : ડેનવર એરપોર્ટ પર વિચિત્ર ઘટના

**નવી દિલ્હી, તા.10**

અમેરિકાના સ્ટેટ કોલોરાડોની રાજધાની ડેનવરના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિચિત્ર ઘટના બની. રાતના સમયે દીવાલ કૂદીને એક વ્યક્તિ રન વે પર ધસી આવ્યો ને ફ્રન્ટીયર એરલાઈન્સના રન વે પર દોડી રહેલા વિમાનના પંખામાં આવી ગયો. જાણે એ માણસ ખોવાઈ જ ગયો હોય તેમ તેનું કચૂંબર બની ગયું. માંસના લોંદા પંખામાં ને પ્લેનમાં ચારેય તરફ ચોંટી ગયા હતા અને લોહી ઉડ્યું હતું. પાયલટે ATCને વોઈસ મેસેજ મોકલ્યો કે પ્લેન સાથે કોઈ અછડાયું છે અને તરત તેમણે પ્લેન ઊભું રાખી દીધું. ડેનવર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રનવે પર દોડી ગયેલી એક વ્યક્તિ સાથે ફ્રન્ટિયર ફ્લાઈટ 4345 અથડાયા પછીની ભયાવહ ક્ષણો ચોંકાવનારા એર ટ્રાફિક કંટ્રોલ ઓડિયોમાં કેદ થઈ છે. અહેવાલ મુજબ, ટક્કર એટલી ગંભીર હતી કે શરીરના અંગો રનવે પર વિખરાયેલા મળી આવ્યા હતા. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે લગભગ 11:19 વાગ્યે બની હતી. એક અજાણી વ્યક્તિએ વાડ કૂદીને અને એક્ટિવ રનવે વિસ્તારમાં પ્રવેશ કરીને એરપોર્ટ સુરક્ષાનો ભંગ કર્યો હતો. જ્યારે ફ્રન્ટિયર એરલાઈન્સનું વિમાન વ્યક્તિ સાથે અથડાયું ત્યારે તે ગતિમાં હતું. ATC ઓડિયોમાં ફ્રન્ટિયર ફ્લાઈટ 4345 ના પાઈલટ કંટ્રોલ ટાવરને જાણ કરતા સાંભળી શકાય છે કે "ટાવર, ફ્રન્ટિયર 4345, અમે રનવે પર રોકાઈ રહ્યા છીએ. પ્લેન સાથે હમણાં કોઈ અથડાયું છે... અમારા એન્જિનમાં આગ લાગી છે," થોડી જ વાર પછી, એરપોર્ટ સ્ટાફે પુષ્ટિ કરી કે રનવે પર માનવ અવશેષો દેખાઈ રહ્યા હતા. "રનવે પર અંગો છે. મને લાગે છે કે વિમાન કોઈ વ્યક્તિ સાથે અથડાયું છે. રનવે પર માનવ અવશેષો દેખાઈ રહ્યા છે," એરપોર્ટના એક કર્મચારીએ ઓડિયો વાતચીતમાં




જણાવ્યું. ફ્લાઈટઅવેર અનુસાર, અકસ્માત સમયે વિમાન લગભગ 149 માઈલ પ્રતિ કલાકની ઝડપે મુસાફરી કરી રહ્યું હતું. ATC. com વેબસાઈટ અનુસાર, ફ્રન્ટિયર એરલાઈન્સની ફ્લાઈટ 4345 સ્થાનિક સમય અનુસાર, રાત્રે લગભગ 11:19 વાગ્યે (શનિવાર, બ્રિટિશ સમય અનુસાર સવારે 6.19 વાગ્યે) ઉડાન ભરી રહી હતી, ત્યારે વિમાન એક વ્યક્તિ સાથે અથડાયું અને વ્યક્તિનું મૃત્યુ થયું. આ દરમિયાન ફ્લાઈટના એન્જિનમાં આગ પણ લાગી ગઈ. ઘટનાના તરત જ બાદ રનવે બંધ કરી દેવામાં આવ્યો. સંભાવના છે કે થોડા કલાકો પછી ફરીથી રનવે પર ઉડાન શરૂ કરવામાં આવશે. ઘટના સમયે વિમાનમાં 224 મુસાફરો અને ક્રૂના 7 સભ્યો સવાર હતા. તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. તેમાંથી 12 લોકોને સામાન્ય ઈજાઓ થઈ અને તેમાંથી પાંચને સ્થાનિક હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા. લોસ એન્જલસ જતી આ ફ્લાઈટના મુસાફરોને બસ દ્વારા એરપોર્ટ ટર્મિનલ સુધી લઈ જવામાં આવ્યા. તેમાંથી મોટાભાગના મુસાફરો બીજી ફ્રન્ટિયર એરલાઈન્સની ફ્લાઈટથી રવાના થઈ ચૂક્યા છે. ધ ન્યૂ યોર્ક પોસ્ટ સાથે વાત કરતા મુસાફર જોન એન્થેન્સે જણાવ્યું હતું કે શરૂઆતમાં વિમાનમાં બેઠેલા ઘણા મુસાફરો સમજી શક્યા ન હતા કે શું થયું છે. જોકે, મુસાફરોએ જોરદાર ધડાકો સાંભળ્યો, બાળકો રડવા લાગ્યા અને કેબિનમાં ચીસો પડી ગઈ તે પછી ઝડપથી ગભરાટ ફેલાઈ ગયો. પોકેમોન ગો ટુર્નામેન્ટ માટે પોતાના પુત્રો સાથે મુસાફરી કરી રહેલા 56 વર્ષીય એન્થેન્સે આ અવાજને 'બોમ્બ' ફૂટ્યો હોય તેવો અવાજ ગણાવ્યો. તેમણે કહ્યું કે તેમણે એન્જિનમાંથી આગના ગોટા નીકળતા જોયા જ્યારે વિમાનના કેબિનમાં ગાઢ ધુમાડો ઝડપથી ફેલાઈ ગયો. 'મારા પિતાએ કહ્યું કે જ્યારે એન્જિનમાં આગ લાગી, ત્યારે તેઓ એન્જિનમાં ફરી રહેલા એક માણસના પગ જોઈ શક્યા... એ દ્રશ્ય જોઈને મને આઘાત લાગ્યો છે,' એન્થેન્સના પુત્રએ કહ્યું. ફ્રન્ટિયર એરલાઈન્સે પાછળથી એક નિવેદન બહાર પાડીને કહ્યું, 'અમે આ ઘટનાની તપાસ કરી રહ્યા છીએ અને એરપોર્ટ અને અન્ય સુરક્ષા અધિકારીઓ સાથે સંકલનમાં વધુ માહિતી એકત્રિત કરી રહ્યા છીએ. આ ઘટનાથી અમને ખૂબ દુ:ખ થયું છે.' એ વ્યક્તિ જાણે પ્લેનમાં આપઘાત કરવા આવ્યો હોય તેવું લાગતું હતું. છતાં આ માણસ કોણ હતો, તેની તપાસ ચાલી રહી છે.

# મમતાને ગઢમાં કેવી રીતે પછાડ્યા? સુવેન્દુના ગુજરાતી સાથીએ ખોલ્યું સિક્રેટ

**બંગાળ, તા.10**

પશ્ચિમ બંગાળમાં પ્રથમવાર ભાજપની સરકાર બની છે. મમતા બેનરજીને ભવાનીપુર બેઠક પર હરાવનાર સુવેન્દુ અધિકારી મુખ્યમંત્રી બન્યા છે.સુવેન્દુ અધિકારીએ પોતાની જીત બાદ ગુજરાતના અશોક ચૌધરી અને તેની ટીમનો ખાસ આભાર માન્યો હતો. ત્યારે ભાસ્કરે તપાસ કરતા આ અશોક ચૌધરી અન્ય કોઈ નહીં પણ અમૂલ ફેડરેશન અને દૂધસાગર ડેરીના ચેરમેન અશોક ચૌધરી છે. સુવેન્દુ અધિકારીના આભાર બાદ દિવ્ય ભાસ્કરે અશોક ચૌધરી સાથે વાતચીત કરી હતી અને પશ્ચિમ બંગાળ ચૂંટણી દરમિયાન અને ખાસ કરીને સુવેન્દુ અધિકારી અને મમતા બેનરજી જે બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા હતા તે ભવાનીપુર બેઠક પર પ્રચારનો અનુભવ કેવો રહ્યો તે જાણવાનો પ્રયાસ કર્યો હતો. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને ભવાનીપુર બેઠક પર હરાવનાર સુવેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી બન્યા છે.પશ્ચિમ બંગાળમાં પોતાની અને ભાજપની ઐતિહાસિક



જીત બાદ સુવેન્દુ અધિકારીએ ગુજરાતના અશોક ચૌધરીનો આભાર માન્યો હતો.અમૂલ ફેડરેશનના ચેરમેન અશોક ચૌધરીએ પશ્ચિમ બંગાળ ચૂંટણી પ્રચારના સંસ્મરણો વાગોળતા કહ્યું કે, ભાજપ હાઈકમાન્ડની સૂચનાથી ગુજરાતના 70 કાર્યકર્તાઓની ટીમે ભવાનીપુર બેઠક પર સુવેન્દુ અધિકારી માટે સક્રિય કામગીરી કરી હતી. તેમણે મમતા બેનર્જીના શાસનમાં ફેલાયેલા 'ગુંડારાજ' અને ભયના માહોલ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, અગાઉ મતદારોને ડરાવીને મતદાન કરતા રોકવામાં આવતા હતા, પરંતુ આ વખતે કેન્દ્રીય બળોના સહકાર અને અમિત શાહના આયોજનને કારણે લોકો નિર્ભય બનીને બહાર આવ્યા અને ભાજપ તરફી મતદાન કર્યું. ભવાનીપુર બેઠક પર ગુજરાતીઓએ જીવના જોખમે પ્રચાર કર્યો' ગુજરાતથી અશોક ચૌધરી, જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયા સહિત 70 કાર્યકર્તાઓની ટીમ પશ્ચિમ બંગાળ પ્રચાર માટે ગઈ હતી. અશોક ચૌધરી અને તેમની ટીમને ભવાનીપુર બેઠકની જવાબદારી સોંપવામાં આવી હતી. મમતા બેનરજી અને સુવેન્દુ અધિકારી આ બેઠક પરથી જ ચૂંટણી લડી રહ્યા હતા. અશોક ચૌધરીએ કહ્યું કે, મમતા બેનરજીના રાજમાં ગુંડાઓને છુટોદોર આપવામાંઆવ્યો હતો.

## તંત્રી લેખ

# ઓનલાઇન શોપિંગનું ખાલી ખોખું પણ તમને કંગાળ કરી શકે

શું તમે પણ ઓનલાઈન શોપિંગના ખોખામાંથી વસ્તુ કાઢીને ખોખું સીધું ડસ્ટબિનમાં ફેંકી દો છો? જો આવું કરતાં હો તો ચેતી જજો. કેમ કે તમારી એક નાનકડી ભૂલ ખૂબ મોટું નુકસાન કરાવી શકે છે. તમે પાર્સલ પરનું એડ્રેસવાળું સ્ટીકર એમ ને એમ રાખતા હો તો તે એક સ્ટીકર તમારું આખું બેંક ખાતું સાફ કરી શકે છે. સાયબર ઠગ હવે તમારા કચરામાંથી તમારી પસંદગી જાણીને તમને ડિજિટલ અરેસ્ટ અને ઓર્ડર ફ્રોડનો શિકાર બનાવી રહ્યાં છે. આવા ફ્રોડથી કેવી રીતે બચવું? તમે તમારા ફોનમાં કયા સેટિંગ બાય ડિફોલ્ટ ઓન રાખો છો જેને ખરેખર ઓફ રાખવા જોઈએ? શું તમે UPIની એપમાં પાસવર્ડ ઓટો સેવ રાખો છો? શું તમે પબ્લિક વાઈફાઈથી ઓનલાઈન પે કરો છો? મેડિકલ અને પર્સનલ બાબતોમાં AIનો ઉપયોગ કરો છો? જો આ સવાલોના જવાબ હા હોય તો જાણો કેવી રીતે તમારો સ્માર્ટફોન જ તમારી જાસૂસી કરી રહ્યો છે અને કેવી રીતે AI હવે માણસને પૂછ્યા વગર જ નિર્ણયો લઈને તમને લૂંટી રહ્યું છે. નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી સાથે જોડાયેલી અને જેતલપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા સંચાલિત ગુજરાતની પહેલી પ્રાઈવેટ ફોરેન્સિક સાયન્સ એન્ડ સાયબર સિક્યોરિટી કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ.શૈલેષ ઐયર, સાયબર સિક્યોરિટી અને ડિજિટલ ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. નિકુંજ તાહિલરામાણી અને આસિસ્ટન્ટ પ્રોફેસર વિનય આસેરી પાસેથી માહિતી મેળવી હતી. થોડા દિવસ પહેલા અમદાવાદમાંથી AI અને ડીપફેકનો દુરૂપયોગ કરીને ખાતું ખોલીને 25 હજાર રૂપિયાની લોન લેવાનો કેસ સામે આવ્યો હતો. આરોપીઓએ મોબાઈલ નંબર બદલીને OTP મેળવી લીધો હતો અને ડીજીલોકરમાંથી દસ્તાવેજો ચોરી લીધા હતા. માત્ર આ જ નહીં આવા તો અનેક કિસ્સા છાશવારે આપણી સામે આવતા રહે છે જેમાં ટેક્નોલોજીનો દુરૂપયોગ કરીને છેતરપિંડી થાય છે. હવેના સમયમાં આ કોઈ નવી વાત નથી રહી. આવી છેતરપિંડીથી બચવાનો એક જ ઉપાય છે સાવધાની.

સાયબર ગઠિયાઓની નજર હવે તમારા ઘરના કચરા પર છે કેમ કે ત્યાંથી તેમને 'શિકાર' મળી જાય છે. પ્રિન્સિપાલ પ્રો.ડૉ.શૈલેષ ઐયરે આ મોડસ ઓપરેન્ડી વિશે વિગતે વાત કરી. તેમણે દિવ્ય ભાસ્કરને કહ્યું, આજના સમયમાં હવે ડિજિટલ અરેસ્ટ કોમન થઈ ગયું છે પણ નવી એક મોડસ ઓપરન્ડી એ પણ આવી છે કે તમે જ્યારે ઓનલાઈન કોઈપણ વસ્તુ ઓર્ડર કરો છો ત્યારે તેમાં તમારું એડ્રેસ લખેલું હોય છે. 'તમે એ રેપરને એમનું એમ રહેવા દઈને ડસ્ટબિનમાં ફેંકી દો છો. એ પછી ત્યાંથી કોઈ વ્યક્તિ તે રેપરને કલેક્ટ કરે છે. જેમાં તમારા ઘરથી માંડીને તમારા ઓર્ડરની બધી જ ડિટેલ હોય છે. જે મેળવી લઈને સાયબર ગઠિયાઓ તમને ઓર્ડરને લગતો એક ફ્રોડ મેસેજ મોકલે છે. જેવી તમે એ મેસેજની લીંક ઓપન કરો એટલે તમારા ખાતામાંથી પૈસા કપાઈ જાય છે. એટલા માટે તમે જ્યારે પણ કોઈ વસ્તુ ઓનલાઈન મગાવો ત્યારે તેના બોક્સ કે સ્ટીકરનો નાશ કરવો જોઈએ.' આજના AIના યુગમાં તે જેટલું કામનું છે એટલું જ જોખમી પણ છે. સાયબર સિક્યોરિટી અને ડિજિટલ ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. નિકુંજ તાહિલરામાણીએ દિવ્ય ભાસ્કરને કહ્યું, એજન્ટીક AI તો ખૂબ જ જોખમી છે કેમ કે તે પોતાની જાતે જ બધા નિર્ણય લેતું હોય છે. તે કોઈ માણસને પૂછતું પણ નથી. એવું થાય છે કે કોઈ સ્કેમર કે હેકર AIને ખોટો ડેટા આપીને ટ્રેઈન કરે છે. 'આવા સંજોગોમાં નોર્મલ યુઝર તે AIનો ઉપયોગ કરે છે જેથી હેકરને બંધ બારણે યુઝરનો તમામ ડેટા સરળતાથી મળી જાય છે. હવે તમામ બાબતોનું પોતાની જાતે જ ચેકિંગ કર્યા પછી પણ તમારે સ્માર્ટ રીતે તેનો ઉપયોગ કરવો જરૂરી છે.'

**આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવે છે : સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે. તેમાં સૌથી વધારે ૪૪ મિલિયન ટન મિનરલ્સ ચીન પાસે છે. ત્યારબાદ વિયેતનામ, બ્રાઝિલ અને રશિયા પાસે ૧૬-૧૬-૧૬ ટકા જેટલો ભંડાર છે**


# ફ્યુચર ટેક્નોલોજી માટે પૂર્વ તૈયારીઓનું આયોજન

## ચાર રાજ્યોની સર્કિટ બનાવીને માઈનિંગ, પ્રોસેસિંગ, રિસર્ચ, મેન્યુફેક્ચરિંગ બાદ અવિરત સપ્લાય ચેઈન ડેવલપ કરવાનો પ્લાન

નાણા મંત્રી નિર્મલા સીતારામન દ્વારા જારી કરાયેલા બજેટમાં રેર અર્થ મિનરલ્સ મેળવવા માટેની દિશામાં કામ કરવાને પ્રાધાન્ય અપાયું હતું. નાણામંત્રી દેશમાં રેર અર્થ કોરિડોર સ્થાપવાની અને વિકસાવવાની જાહેરાત કરી હતી. ભારતના ખનિજોથી સમૃદ્ધ ચાર રાજ્યોને જોડીને રેર અર્થ કોરિડોર તૈયાર કરવાની યોજના બનાવવામાં આવી રહી છે. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને ઓરેન્જ બજેટ અથવા તો ઓરેન્જ ઈકોનોમી તરફ લઈ જવાની કેન્દ્ર સરકારની તૈયારીઓ દેખાઈ રહી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ડિવાઈસિસ અને સાધનો તથા સંશાધનોના વપરાશ ઉપર ભાર મુકવા અને તેના માટે જરૂરી સેમીકન્ડક્ટર અને ચીપ બનાવવા માટે રેર અર્થ મિનરલ્સ જરૂરી છે. તેને પ્રાપ્ત કરવાની ખેવના સાથે જ ભારત દ્વારા આ દિશામાં આયોજન કરવામાં આવ્યું હોવાની ચર્ચા છે.

જાણકારો માને છે કે, આ જાહેરાત માત્ર બજેટ પૂરતી જ કરાઈ છે તેવું નથી. સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સ અને મેટલ્સ માટે હાલમાં પડાપડી થઈ રહી છે. તેની ડિમાન્ડ અત્યંત વધારે છે અને તેનો સપ્લાય ઓછો છે. દુનિયાના મોટાભાગના રેર અર્થ મિનરલ્સ ઉપર ચીન દ્વારા કબજો કરી લેવાયો છે. તેનો સપ્લાય તેણે ઘટાડીને વિશ્વમાં કૃત્રિમ અછત ઊભી કરી છે. ભારતમાં ઘણા રાજ્યો છે જ્યાં રેર અર્થ મિનરલ્સ છે. તેમાંથી સમયાંતરે ખાણકામ કરીને આ જથ્થો કાઢીને ભારત ચીન સહિતના વૈશ્વિક દેશો ઉપર પોતાના નિર્ભરતા ઘટાડી શકે છે. આ દિશામાં પણ આત્મનિર્ભરતા તરફ આગળ વધી શકે છે. ૨૧મી સદીના ઈન્ડસ્ટ્રીયલ પાવર ગણાતા તથા ફ્યુચર ટેક્નોલોજીની માટે પાયાની વસ્તુ ગણાતા આ રેર અર્થ મિનરલ્સને મેળવવા અને તેનો સપ્લાય નિરંતર ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવી ખૂબ જ જરૂરી છે. ભવિષ્યમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈ ગેજેટ્સ અને ટેક્નોલોજી તરફ આગળ વધવું હશે તો તેની ચીપ્સ અને અન્ય પાર્ટ્સ માટે આ મિનરલ્સની ખાસ જરૂર પડશે અને તેને અત્યારથી જ સંગ્રહિત કરવા આ કોરિડોરની રચના કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, બજેટ દરમિયાન નિર્મલા સીતારામને જણાવ્યું કે, સરકારની યોજનાઓની સાર્થકતા માટે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડવાની એક રેર અર્થ કોરિડોર બનાવવામાં આવશે. આ ચારેય રાજ્યો હાલમાં પણ પોતાના ખાણ-ખનીજના જથ્થા માટે અને ખાસ કરીને કોસ્ટલ માઈન્સ અને મિનરલ્સ બેલ્ટ તરીકે જાણીતા છે. આ ચારેય રાજ્યો સંયુક્ત રીતે એકબીજા સાથે જોડાઈને રેર અર્થ એલિમેન્ટ માટે મોટું માળખું બની શકે છે. સરકાર પણ તેમને જોડીને આ કોરિડોર વિકસાવવાનું આયોજન કરશે. મહત્ત્વની વાત એ છે કે, સરકાર દ્વારા ગત વર્ષે જ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટ માટે યોજના લાગુ કરી દેવાઈ હતી. તે સિવાયના રેર અર્થ મિનરલ્સ માટે આયોજનો કરવામાં આવી રહ્યા હતા. હવે ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિલનાડુને જોડીને રેર અર્થ કોરિડોર વિકસાવાશે. તેમાં માઈનિંગ ઉપરાંત પ્રોસેસિંગ, રિસર્ચ અને મેન્યુફેક્ચરિંગને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આ કોરિડોર બનવાનો છે તે ચાર રાજ્યોમાંથી તમિલનાડુ અને કેરળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણીઓ પણ યોજાવાની છે. તેના પગલે રાજકીય પ્લેટફોર્મ પણ તૈયાર કરવામાં આવ્યું હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. આ કોરિડોરનો મુખ્ય આશય માત્ર ટ્રાન્સપોર્ટેશન નહીં પણ રેર અર્થ મિનરલ્સનું માઈનિંગ કર્યા બાદ તેનું પ્રોસેસિંગ કરવું, રિસર્ચ સંસ્થાઓ સુધી પહોંચાડવું અને મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પણ તેનું જોડાણ કરવું જેવી બાબતોનું ધ્યાન



રાખવામાં આવશે. જાણકારોના મતે આ કોરિડોર દ્વારા ખનનથી શરૂ કરીને મેન્યુફેક્ચરિંગ સુધી સંશાધનોના લોજિસ્ટિકમાં જે વિલંબ થાય છે તેમાં ઘટાડો થશે અને સ્થાનિક ધોરણે ઉત્પાદન વધશે અને આત્મનિર્ભરતા કેળવાશે. આ ચારેય રાજ્યો એવા છે જ્યાં માત્ર રેર અર્થ મિનલ્સ છે તેવું નથી. આ રાજ્યોમાં સારામાં સારા પોર્ટ્સ છે, ઈન્ડસ્ટ્રીયલ ઝોન છે અને ખાસ કરીને ઉદ્યોગોને સપોર્ટ કરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. સ્થાનિક સરકારો અને કેન્દ્ર સરકાર વચ્ચે તાલમેલ સાધીને રેર અર્થ મિનરલ્સ સેક્ટરમાં ઈકોસિસ્ટમ તૈયાર કરવાની કવાયત છે. જેથી આ એક્ટિવિટી માત્ર માઈનિંગ નહીં પણ એક હાઈવેલ્યુ બિઝનેસ મોડયુલ તરીકે ડેવલપ થાય.

ઉલ્લેખનીય છે કે, રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો હકીકતે ૧૭ પ્રકારની છે. આ એવી ધાતુઓ છે જે દેખાવમાં ખૂબ જ સામાન્ય છે પણ તેની અંદર એવા વિશેષ ગુણ છે જેના કારણે તેની ડિમાન્ડ ખૂબ જ છે. તેના દ્વારા વીજળી ઉત્પન્ન થઈ શકે છે, તેમાંથી વીજળી પસાર થઈ શકે છે અને તે મેગ્નેટની જેમ કેમ કરે છે. કેટલીક ધાતુને પરમેનન્ટ મેગ્નેટ પણ કહેવાય છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, તેને અન્ય ધાતુમાં ભેગી કરવામાં આવે ત્યારે અન્ય ધાતુઓ વધારે મજબૂત થઈ જાય છે. દુનિયાના ઘણા દેશોમાં આ મિનરલ્સ મળે છે પણ તેનું પ્રમાણ વત્તુ-ઓછું હોય છે. સૌથી મોટી સમસ્યા એ છે કે, આ મિનરલ્સની સાથે યુરેનિયમ, થોરિયમ જેવા રેડિયોએક્ટિવ પદાર્થો પણ ચોંટેલા હોય છે. તેના કારણે તેને દૂર કરવા અને બંનેને અલગ પાડવા ખૂબ જ જોખમી અને મુશ્કેલ કામ છે. લાંબી ખનન પ્રક્રિયા બાદ ખૂબ જ ઓછી માત્રામાં શુદ્ધ મિનરલ્સ મળતા હોય છે. આ ખનન દરમિયાન રેડિયોએક્ટિવ વોટર, ઝેરી ગેસ, એસિડ અને બીજા ઘણા પદાર્થ નિકળે છે જે પર્યાવરણ અને માણસો માટે અત્યંત જોખમી અને જીવલેણ હોય છે.

આ રેર અર્થ એલિમેન્ટ્સ કે મિનરલ્સ જે પણ કહીએ તેનો ઉપયોગ એકાએક અને ખૂબ જ વધી ગયો છે. આ મિનરલ્સ આજકાલ મોબાઈલ ફોન, એલઈડી લાઈટ, હાઈબ્રિડ ગાડીઓ અને ક્રૂડ પ્રોસેસિંગમાં, ન્યૂક્લિયર પાવર અને પવન ચક્કીઓ તથા ઈલેક્ટ્રિક ગાડીઓ અને સેટેલાઈટ્સ માટે પણ ઉપયોગમાં લેવામાં આવી છે. આ ઉપરાંત ઘણા ઉદ્યોગોમાં મશિનો માટે તથા દવાઓ બનાવવા પણ તેનો ઉપયોગ થાય છે. હાલમાં સ્થિતિ એવી થઈ ગઈ છે કે, માણસોનું જીવન આગળ વધવું આ ધાતુઓ વગર શક્ય જ નથી તેમ બની ગયું છે. આપણને ખબર નથી પણ આપણે આજે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં આ રેર અર્થ મિનરલ્સ રહેલા છે. જાણવા જેવું એ છે કે, સમગ્ર વિશ્વમાં રેર અર્થ મિનરલ્સનો ભંડાર અંદાજે ૧૩૦ મિલિયન ટન છે. તેમાં સૌથી વધારે ૪૪ મિલિયન ટન મિનરલ્સ ચીન પાસે છે.

એટલે દુનિયાનું ત્રીજા ભાગનું રેર અર્થ મિનરલ્સ ચીન પાસે છે. ત્યારબાદ વિયેતનામ, બ્રાઝિલ અને રશિયા પાસે ઘણો મોટો ભાગ છે. દરેક પાસે અંદાજે ૧૬ ટકા ભંડાર છે. ભારત પાસે માત્ર ૫ ટકા રેર અર્થ મિનરલ્સ છે. ભારત પાસે ૬.૯ મિલિયન ટન રેર અર્થ મિનરલ્સ છે. આ રેર અર્થ મિનરલ્સ કાઢવાની વાત આવે તો ચીન દુનિયામાં મોખરે છે. તે દર વર્ષે ૩.૪૮ લાખ ટન રેર અર્થ મિનરલ્સ ખનન અને પ્રોસેસિંગ કરીને કાઢે છે. ચીનને બાદ કરતા મ્યાંમાર, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, રશિયા, ભારત, વિયેતનામ અને મલેશિયા જેવા દેશો રેર અર્થ મિનરલ્સ કાઢવામાં વ્યસ્ત છે. ચીન કરતા આ દેશો ક્યાંય પાછળ છે.

૧૯૮૦ના દાયકાથી શરૂ કરીને ૧૯૯૦ અને ૨૦૦૦ અને ૨૦૧૦ના દાયકામાં ચીને રેર અર્થ મિનરલ્સમાં ખૂબ જ કામ કર્યું. ચીને ખૂબ જ ગણતરી પૂર્વક રેર અર્થ માઈનિંગ અને રિફાઈનિંગ કામગીરીને ઉદ્યોગ અને રણનીતિ બનાવવામાં આવી હતી. તેમાં સબસિડી, સસ્તા વ્યાજદરની લોન, પર્યાવરણના નિયમોમાં છૂટછાટ જેવી પોલિસી અપનાવી અને પશ્ચિમી દેશોને પછાડવા સજ્જ થવા લાગ્યો. આવા રેર અર્થ મિનરલ્સ માટેના કડક પર્યાવરણ સુરક્ષા નિયમોને પણ તેણે નેવે મૂકી દીધા. બીજી તરફ સ્થિતિ એવી થઈ કે, ૨૦૦૦ના દાયકા દરમિયાન ઘણા દેશો ચીન સાથેની સ્પર્ધામાંથી બહાર થઈ ગયા.

બીજી તરફ ચીને તેને બમણા વેગે શરૂ કરી દીધું. ચીને પોતાના મોટાભાગના માઈન્સ અને મિનરલ્સના વિસ્તારોને મેગ્નેટ, મિનરલ્સ અને ધાતુઓના ઉત્પાદનનું કેન્દ્ર બનાવી દીધા.

તેણે એ વાતનું ખાસ ધ્યાન રાખ્યું કે રેર અર્થ મિનરલ્સ હોય કે તેની સાથે જોડાયેલી ધાતુ હોય કે તેના દ્વારા બનતી સામગ્રી હોય તે તમામનું ઉત્પાદન ચીનમાં જ થાય અને દુનિયાભરના દેશો તેની પાસેથી જ ખરીદે.

આ સ્થિતિ વધવા લાગી અને કોમ્પિટિશન વધવા લાગી ત્યારે તેણે રેર અર્થ મિનરલ્સ ઉપર પ્રતિબંધ મુકવાનું શરૂ કરી દીધી અને દુનિયા ઘુંટણીયે પડવા લાગી.

રેર અર્થ મિનરલ્સમાં ચીન ભલે પોતાના ઈજારાશાહી બતાવતો હોય કે, દુનિયાને દબાવવાનો પ્રયાસ કરતો હોય પણ બીજા દેશો દ્વારા આ દિશામાં મહત્ત્વનું કામ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા અને ભારતે તેના માટે સક્રિય પ્રયાસ શરૂ કરી દીધા છે. જાણકારોના મતે ભારત પાસે દુનિયાનું અંદાજે છ ટકા જેટલું એટલે કે અંદાજે ૭ મિલિયન ટન રેર અર્થ મિનરલ્સ છે. ભારતે નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશન ૨૦૨૫ના નામે એક અભિયાન શરૂ કરી દીધું છે. તેના પગલે ભારત રેર અર્થ મિનરલ્સ મુદ્દે આત્મનિર્ભર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. સૂત્રોના મતે ભારતે આ દિશામાં કામ કરવા માટે અંદાજે ૩૪,૦૦૦ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કર્યું છે. તેમાં એક્સપ્લોરેશન, માઈનિંગ, પ્રોસેસિંગ વગેરે કરવામાં આવશે. ભારતમાં ઓડિશા, કેરળ, તમિલાનાડુ, આંધ્ર પ્રદેશ અને ગુજરાતમાં રેર અર્થ મિનરલ્સ શોધવા માટે કામગીરી કરવાના પ્રોજેક્ટ્સ ચાલુ કરવામાં આવ્યા છે. ભારતે અમેરિકા, જાપાન, ઓસ્ટ્રેલિયા, મોંગોલિયા જેવા દેશો સાથે મિનરલ્સ સિક્યોરિટી પાર્ટનરશિપ પણ કરી છે. જાણકારો માને છે કે, ભારત જે રીતે રેરઅર્થ મિનરલ્સ માટે કામ કરી રહ્યું છે તે જોતાં ભારત એક દાયકામાં આ ક્ષેત્રે ગેમ ચેન્જર સાબિત થવાની સાથે સાથે આત્મનિર્ભર પણ બની જશે.

# AI ટેકનોલોજીની આવક 280 અબજ ડોલરને વટાવશે

**એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે**

**એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે**

**એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે**

વર્તમાન વર્ષમાં દેશમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજી ક્ષેત્રની આવક ૨૮૦ અબજ ડોલરને પાર કરી જવાની ધારણાં રાખવામાં આવી રહી છે. આટલા જંગી વેપાર કદ સાથે વિશ્વમાં ભારત એઆઈ મથક બનવા તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં ટેકનોલોજી તથા એઆઈ ક્ષેત્ર સાથે ૬૦ લાખ જેટલા લોકો સંકળાયેલા છે એટલુ જ નહીં ભારત ૧૮૦૦ જેટલા ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી) ધરાવે છે. જો કે એઆઈના સ્થિર વિકાસ માટે ચીપ્સ, ડીસ્ક જેવા સ્ટોરેજ માળખા, વીજ તથા પાણીની ઉપલબ્ધતા, ટેકનોલોજીના જાણકાર કર્મચારીબળ વગેરે પ્રાથમિક આવશ્યકતા રહેલી છે. ડેટાના સ્ટોરેજ માટે પરવડી શકે તેવી અને ટકાઉ હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ઉપલબ્ધતા જરૂરી છે જે એઆઈના રાષ્ટ્રીય સ્તર સુધી ઉપયોગનો માર્ગ મોકળો કરી શકે છે, એમ એઆઈ ક્ષેત્રના આગેવાને મત વ્યકત કરતા જણાવ્યું હતું. માત્ર ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટસ જ નહીં પરંતુ વ્યાપક સ્ટોરેજ ક્ષમતા પણ એઆઈ ટેકનોલોજીના વપરાશ માટે પ્રથમ આવશ્યકતાઓમાંની એક છે.

એઆઈ ત્યારે જ શક્તિશાળી સાબિત થઈ શકે છે જ્યારે તે વધુને વધુ ડેટા મેળવી શકે છે. જેટલા વધુ ડેટા તેની પાસે હશે તેટલું જ સારુ પરિણામ એઆઈ પૂરું પાડી શકે છે. કોઈપણ પ્રકારના મોડેલ્સ, ટુલ્સ કે પછી એલ્ગોરિધમની કામગીરી જંગી ડેટા પર જ અવલંબે છે. ઉપલબ્ધ ડેટાના સલામત વપરાશ માટે સ્ટોરેજ ક્ષમતા એટલે કે હાર્ડ ડિસ્ક ડ્રાઈવની ભૂમિકા મહત્વની બની રહે છે. એક અંદાજ પ્રમાણે ૨૦૨૯માં ડેટા જનરેશનનું વાર્ષિક વોલ્યુમ બમણાથી વધુ થઈને ૫૨૭.૫૦ ઝેટ્ટાબાયટ્સ પહોંચવા ધારણાં છે જે માટે મજબૂત અને વિશ્વસ્નિય સ્ટોરેજ વ્યવસ્થા જરૂરી બની રહેશે. ભારતના ઈલેકટ્રોનિક્સ તથા ઈનફરમેશન ટેકનોલોજી મંત્રાલયના અંદાજ પ્રમાણે દેશમાં એઆઈનો જે રીતે વિકાસ થઈ રહ્યો છે તેને જોતા ૧૦૦૦૦૦ જીપીયુની આવશ્યકતા ઊભી થશે પરંતુ કોમ્પ્યુટિંગ શક્તિ ત્યારે જ મજબૂત બની રહેશે જ્યારે તેમાં સ્ટોરેજ ક્ષમતા પણ જોરદાર હશે. વિશાળ એઆઈ તાલીમ ડેટા સેટસ, કૃત્રિમ ડેટા તથા અનુમાનિત પરિણામ મેળવવા આવશ્યક સ્તરની ક્ષમતા તથા કામગીરી પ્રદાન કરવા એચડીડી કાર્યક્ષમ હોય છે, માટે જ એઆઈના વર્તમાન યુગમાં તે અનિવાર્ય બની રહી છે. વિશ્વભરમાં ડેટા સેન્ટર્સનો જે ઝડપથી વધારો થઈ રહ્યો છે તેટલી જ તેની લાંબા સમય સુધી ટકી રહેવાની ક્ષમતા સામે પણ આશંકાઓ સેવાઈ રહી છે. કારણ કે જંગી ડેટા સેન્ટરો માટે વ્યાપક માત્રામાં વીજળી અને પાણીની આવશ્યકતા રહે છે. આ સેન્ટરોને કુલિંગ માટે વર્ષેદહાડે અબજો લિટર પાણીની જરૂરત રહે છે. ડેટા સેન્ટરની વીજ માગ આગામી પાંચ વર્ષમાં વીજની એકંદર વૈશ્વિક માગના ૩-૪ ટકા પહોંચી જશે જે ૨૦૨૩માં ૧-૨ ટકા હતી.

જાણકારોની વાત માનીએ તો એઆઈ ટેકનોલોજી જ્યાં વીજની જંગી માગ રહે છે ત્યાં કાર્યક્ષમ એચડીડી વીજના વપરાશમાં બચત કરાવે છે જેથી કંપનીઓ જ્યાં ઊંચો



વીજ વપરાશ એક ચિંતાની બાબત હોય છે ત્યાં તેમના કામકાજ પાછળના ખર્ચમાં બચત થવા પામે છે. એઆઈ માળખામાં જ્યાં ડેટામાં વધારો થતો જાય છે ત્યાં એચડીડી તેને સંગ્રહ કરવાની અને જાળવવાની પોતાની કામગીરી પાર પાડે છે. એઆઈ ટેકનોલોજી ક્ષેત્રે ભારતને એક ઊભરતી બજાર તરીકે જોવાઈ રહ્યું છે પરંતુ એઆઈ માટે જરૂરી માળખાની દ્રષ્ટિએ અમેરિકા તથા ચીનની તુલનાએ ભારત હજુ પાછળ હોવાનું કહેવાય છે. વ્યાપક આઈટી ટેલેન્ટ, ૩૦૦૦ એઆઈ સ્ટાર્ટઅપ્સની હાજરી તથા મજબૂત આઈટી કંપનીઓ એઆઈ ક્ષેત્રે ભારતનું એક પોઝિટિવ પાસુ છે અને આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા સરકાર તરફથી પહેલ પણ કરવામાં આવી રહી છે, ત્યારે એઆઈ માટે ડેટાના પ્રોટેકશનની ખાતરી સાથેના આવશ્યક માળખા ઊભા કરવાની બાબતને ભારતમાં પ્રાધાન્યતા મળી રહે તે જરૂરી હોવાનો ઉદ્યોગમાં મત પ્રવર્તી રહ્યો છે. મર્યાદિત કોમ્પ્યુટિંગ પાવર, ડેટા સ્ટોરેજ તથા હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેકટિવિટીનો અભાવ ભારતમાં એઆઈ ટેકનોલોજીના વિકાસ સામે પડકારરૂપ બની રહ્યા છે. આ હકીકતને ધ્યાનમાં રાખી મોટી ક્ષમતા સાથેના કોમ્પ્યુટિંગ માળખા, ડેટા સેન્ટર્સ , એચડીડીની ઉપલબ્ધતા તથા ઈન્ટરનેટ જોડાણમાં ઝડપથી સુધારા કરવા પર હિસ્સેદારો દ્વારા ભાર અપાઈ રહ્યો છે. એઆઈના વિકાસનો મુખ્ય આધાર ઊંચી ગુણવત્તા, વૈવિધ્યસભર તથા સુસંગત ડેટા પર રહેલો છે, પરંતુ ભારતમાં ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક વૈવિધ્યતાને પરિણામે ડેટા એકઠા કરવાનું તથા તેને પ્રોસેસ કરવાની કામગીરી પડકારરૂપ રહેલી છે. માળખાના અભાવે એઆઈ ટૂલ્સ તથા સોલ્યુશન્સના વિકાસકો સામે નવીનતા પૂરી પાડવાનું જોખમરૂપ બની રહ્યું છે. ડેટાના રક્ષણ તથા જવાબદારી જેવી એઆઈ સંબંધિત ચિંતાઓને દૂર કરવા મજબૂત માળખાની આવશ્યકતા હોવાનો મત પ્રવર્તી રહ્યો છે, જેથી એઆઈ ટેકનોલોજીના ઝડપી વિકાસ તથા વપરાશનો માર્ગ મોકળો બની શકે. વિશ્વની અનેક કંપનીઓ ભારતમાં એઆઈ ક્ષેત્રમાં પોતાની હાજરી વધારવા માગે છે ત્યારે આવનારા મહિનાઓમાં ભારત એઆઈ માળખામાં સજ્જ રહે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. સ્પર્ધાત્મક બનવા માટે ભારતે એઆઈ સંચાલિત આઈટી અને જીપીયુ આધારિત માળખા તથા ઊભા કરવાના રહેશે.

ભારતની એઆઈ મહત્વાકાંક્ષા સિદ્ધ કરવા એચડીડી મહત્વની ભૂમિકા ભજવે છે અને તે પણ માત્ર ડેટા સ્ટોરેજ યંત્ર તરીકે જ નહીં પરંતુ દેશના વધી રહેલા એઆઈ ક્ષેત્રને ટકાવી રાખવાના પાયા તરીકે પણ કામગીરી પૂરી પાડે છે. એઆઈ માટેના અન્ય માળખાઓની જેમ એચડીડી પણ એઆઈનું પાયાનો હિસ્સો છે તેવો પણ નિષ્ણાતો મત ધરાવી રહ્યા છે.

# ટીનએજર્સમાં ડિજિટલ એડિક્શન ભયાનક સ્તરે વધી રહ્યું છે

## ડિજિટલ એડિક્શનને પગલે ટીનએજર્સ અને યુવાનો ભયાનક રીતે ડિપ્રેશન, એન્ઝાઈટી, વાયોલન્સ અને સાઈબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે

સંસદમાં સરકાર દ્વારા વાર્ષિક આર્થિક સર્વેક્ષણનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. મહત્ત્વની વાત એ છે કે, આ અહેવાલમાં સરકાર દ્વારા દેશની આર્થિક બાબતો ઉપરાંત સામાજિક બાબતોને પણ ઉજાગર કરવામાં આવી હતી. આ સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે, દેશોના યુવાનો, ટીનએજર્સ અને બાળકોમાં ડિજિટલ એડિક્શન સતત વધી રહ્યું છે અને તે ભારત માટે ચિંતાનો વિષય છે. સોશિયલ મીડિયાની લતથી શરૂ કરીને ઓનલાઈન સટ્ટાબાજીની એપ્સના વળગણ સુધી વિવિધ વયના બાળકો, કિશોરો અને યુવાનો પોતાની જિંદગી ખરાબ કરી રહ્યા છે. તેમાં જણાવાયું હતું કે, જે રીતે બાળકો અને કિશોરોમાં સોશિયલ મીડિયાનો અને ઈન્ટરનેટ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, તેના કારણે તેઓ ડિપ્રેશન, એન્ઝાઈટી, હિંસા અને સાઈબર ક્રાઈમ વગેરેનો ભોગ બની રહ્યા છે. તેના કારણે તેમના પરિવાર પણ પીડમાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સર્વેમાં જણાવાયું છે કે, આ ડિજિટલ એડિક્શનને પગલે બાળકોમાં ઉંઘની સમસ્યા સૌથી મોટો પડકાર બની રહી છે. તેના કારણે તેમની રોજિંદી કામગીરી અને અભ્યાસને નકારાત્મક અસર પડી રહી છે. તેઓ ધ્યાન રાખીને અભ્યાસ કરી શકતા નથી અને તેના કારણે તેમના પરિણામે નબળા આવે છે, ઉંઘ પૂરી ન થવાથી શરીરમાં થાક અને સુસ્તી રહ્યા કરે છે. તેના કારણે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ ઉશ્કેરાટ વધતો જાય છે. આ અંગે સરકારી અહેવાલમાં અને અન્ય સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. તે ઉપરાંત વિવિધ ગાઈડલાઈન્સ પણ જારી કરવામાં આવી છે. ખાસ કરીને નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ચાઈલ્ડ રાઈટ્સ દ્વારા બાળકોના સ્ક્રીન ટાઈમને નક્કી કરવાનું સુચન કરવામાં આવ્યું હતું.

આ અહેવાલમાં જણાવાયું હતું કે, ભારતમાં કરાયેલા અને વૈશ્વિક સ્તરે થયેલા અનેક સર્વે જણાવે છે કે, ૧૨ થી ૨૪ વર્ષના કિશોરો અને યુવાનોમાં ડિજિટલ માધ્યમોનું વળગણ સતત વધી રહ્યું છે. લોકોમાં હવે મોબાઈલ અને સોશિયલ મીડિયાના માધ્યમો હવે લત અને કુટેવ બની રહ્યા છે. તેના પગલે ઉશ્કેરાટ, ગુસ્સો, ડિપ્રેશન, આત્મવિશ્વાસનો અભાવ, સાઈબર બુલિંગ અને સાઈબર ક્રાઈમ જેવી બાબતો વધી રહી છે. તે ઉપરાંત યુવાનોમાં કમ્પલ્સિવ સ્ક્રોલિંગ, સોશિયલ



મીડિયા કમ્પેરિઝન અને ગેમિંગ ડિસઓર્ડર જેવી માનસિક બિમારીઓ પણ વધી રહી છે. તેના પગલે કિશોરો અને યુવાનોમાં ઉંઘ ઓછી થઈ ગઈ છે, ગુસ્સો અને ઉશ્કેરાટ વધી ગયા છે, સામાજિક જોડાણનો અભાવ જણાય છે, ડિપ્રેશન આવતું જાય છે. સરકાર દ્વારા આ સ્થિતિને કાબુ કરવા માટે ઘણા પગલા લેવામાં આવી રહ્યા હોવાનો પણ દાવો કરાયો છે. ટેલિ માનસ નામની એક ટિલફોન હેલ્પલાઈન ચલાવવામાં આવી રહી છે. તે ૨૪ કલાક અને ૭ દિવસ કાયમ ઉપલબ્ધ કરાવાઈ છે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી કોઈપણ આ હેલ્પલાઈન દ્વારા સોશિયલ મીડિયાના વગળણથી કે ડિજિટલ ડિટોક્સ માટે કામગીરી કરી શકે છે. આ ઉપરાંત ૨૦૨૪માં ટેલિ માનસ એપ પણ લોન્ચ કરવામાં આવી હતી. આ એપ લોન્ચ થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૩૨ લાખ લોકોએ તેનો લાભ લીધો છે.

જાણકારો માને છે કે, સરકાર દ્વારા ૧૬ વર્ષથી નીચેની ઉંમરના યુઝર્સ ઉપર સોશિયલ મીડિયાના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા અંગે વિચાર થવો જોઈએ. આ અંગે અન્ય દેશોની જેમ ભારતમાં પણ આકરા નિયમો બનવા જોઈએ. બીજી તરફ ઓફલાઈન યુથ હબ્સ બનાવવા જોઈએ. ખાસ કરીને અર્બન વિસ્તારોમાં, સ્લમ્સમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ શારીરિક રીતે કરી શકાય તેવી કામગીરી અને અન્ય એક્ટિવિટીના સેન્ટરો શરૂ કરવા જોઈએ જેથી યુવાનો મોબાઈલ છોડીને તેમાં વ્યસ્ત રહી શકે અને આનંદ મેળવી શકે. સ્કૂલ, કોલેજોમાં પણ વિવિધ સ્તરે સેમિનાર થવા જોઈએ જે ડિજિટલ એડિક્શનથી બાળકોને દૂર લઈ જાય અને તેમના આત્મવિશ્વાસમાં વધારો કરીને સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં તેમને જોડી શકે. ડિજિટલ વેલનેસ કરિક્યુલમ પણ ઉમેરવો જોઈએ જેથી તેમનામાં સાઈબર લિટરસી, સાઈબર સેફ્ટી અને મેન્ટલ હેલ્થ અંગે જાગ્રતી આવે.

ઉલ્લેખનીય છે કે, વિશ્વના વિવિધ દેશોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા માટે વય મર્યાદાના કાયદા બનાવવામાં આવેલા છે અને કડકાઈથી લાગુ પણ કરવામાં આવેલા છે. વિશ્વના દેશો ઉપર નજર કરીએ તો, સૌથી કડક કાયદો ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બર ૨૦૨૫માં લાગુ કર્યો હતો. જાણકારોના મતે તેણે વિશ્વનો સૌથી કડક કાયદો અમલી બનાવ્યો છે. અહીં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ કાયદો લાગુ થઈ ગયો છે. સોશિયલ મીડિયા કંપનીઓને બાળકોને રોકવા માટે 'યોગ્ય પગલાં' લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. જો ૧૬ વર્ષથી નીચેના બાળકો સોશિયલ મીડિયા માધ્યમોનો ઉપયોગ કરતા જણાશે તો કંપનીઓને ૪૯.૫ મિલિયન છેંઘ (આશરે રૂ. ૨૭૦ કરોડ) સુધીનો દંડ કરવાની જોગવાઈ કરાઈ છે. હવે માતા-પિતાની સંમતી પણ માન્ય રાખવામાં આવી નથી. ૧૬ વર્ષથી નીચે કોઈને સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરવા દેવાય. તેવી જ રીતે ફ્રાન્સ પણ આ દિશામાં ખૂબ જ સક્રિય છે. ત્યાંના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન આ મુદ્દે સતત અવાજ ઉઠાવી રહ્યા છે. ત્યાં ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા પર પ્રતિબંધની તૈયારી ચાલી રહી છે. તાજેતરમાં (જાન્યુઆરી ૨૦૨૬) નેશનલ એસેમ્બલીએ આ અંગેના એક બિલને મંજૂરી આપી છે, જેને સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણપણે અમલી બનાવવાનું લક્ષ્ય છે. હાલમાં, ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને એકાઉન્ટ બનાવવા માટે માતા-પિતાની પરવાનગીની જરૂર પડે છે. આ સિવાય અમેરિકામાં પણ કેટલાક કાયદા છે. અમેરિકામાં હાલમાં કોઈ સમાન રાષ્ટ્રીય કાયદો નથી, પરંતુ રાજ્ય સ્તરે ઘણા કડક નિયમો છે. ભેંછ કાયદા હેઠળ ફેડરલ સ્તરે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોનો ડેટા માતા-પિતાની પરવાનગી વિના લઈ શકાતો નથી. ફ્લોરિડા, ઉટાહ અને વર્જિનિયા જેવા રાજ્યોએ ૧૪થી ૧૬ વર્ષના બાળકો માટે સોશિયલ મીડિયા પર કડક પ્રતિબંધો લાદ્યા છે.

ભારતમાં હાલમાં ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ડેટા પ્રોટેક્શન કાયદા હેઠળ 'કિશોર' માનવામાં આવે છે અને તેમના માટે માતાપિતાની સંમતિ જરૂરી છે. ચિંતાજનક બાબત એ છે કે, સોશિયલ મીડિયા એક્સેસ માટે કોઈ કડક વય પ્રતિબંધ નથી. તાજેતરના અહેવાલો અનુસાર, ગોવા અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યો ઓસ્ટ્રેલિયાના મોડલ પર વિચાર કરી રહ્યા છે.

# લોકશાહીની નાડી : સ્વતંત્ર પત્રકારિતાની જવાબદારી અને પડકારો "સત્યની શોધમાં નિર્ભય કલમ જ લોકશાહીની સાચી શક્તિ"

## પત્રકારિતાની ભૂમિકા માત્ર સમાચાર પ્રસારિત કરવાની નથી, પરંતુ સામાજિક જાગૃતિ લાવવાની, જનમતને દિશા આપવાની અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાની છે.

ગાંધીનગર, તા.10

લોકશાહીનું સાચું સ્વરૂપ માત્ર મતદાનથી પૂરું થતું નથી; તે સતત જાગૃત, જવાબદાર અને પારદર્શક વ્યવસ્થાથી જીવંત રહે છે. આ પ્રક્રિયાના કેન્દ્રમાં છે - સ્વતંત્ર અને નિર્ભય પત્રકારિતા. દર વર્ષે 3 મેના રોજ ઉજવાતો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે એ માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ તે મીડિયા સ્વતંત્રતા, જવાબદારી અને તેના સામે ઊભા પડકારોની ગંભીર સમીક્ષા કરવાનો અવસર છે. વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ દર વર્ષે 3 મેના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ પ્રેસની સ્વતંત્રતાનું મહત્વ સમજાવવાનો અને સમાજમાં સ્વતંત્ર, નિષ્પક્ષ અને જવાબદાર પત્રકારિતાને પ્રોત્સાહન આપવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાએ 1991માં થયેલ Windhoek Declarationને ધ્યાનમાં રાખીને આ દિવસ ઉજવવાનો નિર્ધાર કર્યો હતો.




પ્રેસને લોકશાહીની ચોથી કડી તરીકે ઓળખવામાં આવે છે. તે સરકાર અને સમાજ વચ્ચે એક સેતુનું કામ કરે છે. પત્રકારો સત્યને બહાર લાવીને લોકો સુધી પહોંચાડે છે, સત્તાને પ્રશ્ન કરે છે અને સમાજમાં પારદર્શિતા લાવે છે. જો પ્રેસ સ્વતંત્ર ન હોય તો લોકો સુધી સાચી માહિતી પહોંચતી નથી અને લોકશાહી કમજોર બને છે. આજના સમયમાં પત્રકારિતાને અનેક પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા દેશોમાં પત્રકારો પર દબાણ, ધમકી અને સેન્સરશિપ જોવા મળે છે. ડિજિટલ યુગમાં ફેક ન્યૂઝ અને ગેરમાર્ગે દોરતી માહિતીનું પ્રમાણ પણ વધ્યું છે, જેના કારણે સાચી અને વિશ્વસનીય માહિતી પહોંચાડવી વધુ મુશ્કેલ બની ગઈ છે. તેથી પત્રકારો માટે નિષ્પક્ષતા, સત્યતા અને નૈતિકતા જાળવવી ખૂબ જ જરૂરી બની છે.

વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ એ પત્રકારોના યોગદાનને સન્માન આપવા અને તેમના હકોની રક્ષા માટે અવાજ ઉઠાવવાનો દિવસ છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પ્રેસની સ્વતંત્રતા માત્ર પત્રકારો માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે અગત્યની છે. મજબૂત અને સ્વતંત્ર પ્રેસ લોકશાહીની શક્તિ છે. આપણે સૌએ સાચી માહિતીનો સ્વીકાર કરી અને જવાબદાર નાગરિક તરીકે પ્રેસની સ્વતંત્રતાનું સમર્થન કરવું જોઈએ. કારણ કે "સત્યની અવાજને દબાવી શકાય નહીં" – અને સ્વતંત્ર પત્રકારિતા એ જ સત્યને જીવંત રાખે છે. પત્રકારિતા સમાજનો પ્રતિબિંબ છે. તે સત્તાને પ્રશ્ન કરે છે, અવાજ વિનાના લોકોને અવાજ આપે છે અને સત્યને જાહેર મંચ પર લાવે છે. પરંતુ આજના સમયમાં, માહિતીના ઝડપી પ્રવાહ વચ્ચે "સત્ય" અને "અફવા" વચ્ચેની રેખા ઘણી વખત ધૂંધળી બની રહી છે.

સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના વધતા પ્રભાવ વચ્ચે, ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને પ્રોપેગાંડાના ખતરા વધી રહ્યા છે. આવા સમયમાં પત્રકારિતાની જવાબદારી વધુ વધે છે – માત્ર સમાચાર આપવાની નહીં, પરંતુ વિશ્વસનીયતા જાળવવાની. સ્વતંત્રતા સાથે જવાબદારી અનિવાર્ય છે. પત્રકાર માટે એ જરૂરી છે કે તે નિષ્પક્ષતા, તથ્યપરકતા અને નૈતિકતાના ધોરણોનું પાલન કરે. પ્રેસની સ્વતંત્રતા ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે લોકોના હિતમાં કામ કરે. ભારત જેવા વૈવિધ્યસભર દેશ માટે, મજબૂત અને સ્વતંત્ર મીડિયા લોકશાહીનો આધારસ્તંભ છે.

અહીં પત્રકારિતાની ભૂમિકા માત્ર સમાચાર પ્રસારિત કરવાની નથી, પરંતુ સામાજિક જાગૃતિ લાવવાની, જનમતને દિશા આપવાની અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાની છે. આ દિવસે, આપણે માત્ર પત્રકારોને બિરદાવીએ એટલું પૂરતું નથી; પરંતુ આપણે દરેકે જવાબદાર નાગરિક તરીકે સાચી માહિતી ઓળખવાની અને ફેલાવવાની પ્રતિબદ્ધતા લેવી જોઈએ. કારણ કે મજબૂત પ્રેસ એ મજબૂત લોકશાહીની ઓળખ છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મના વધતા પ્રભાવ વચ્ચે, ફેક ન્યૂઝ, મિસઈન્ફોર્મેશન અને પ્રોપેગાંડાના ખતરા વધી રહ્યા છે. આવા સમયમાં પત્રકારિતાની જવાબદારી વધુ વધે છે – માત્ર સમાચાર આપવાની નહીં, પરંતુ વિશ્વસનીયતા જાળવવાની. સ્વતંત્રતા સાથે જવાબદારી અનિવાર્ય છે. પત્રકાર માટે એ જરૂરી છે કે તે નિષ્પક્ષતા, તથ્યપરકતા અને નૈતિકતાના ધોરણોનું પાલન કરે. પ્રેસની સ્વતંત્રતા ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે લોકોના હિતમાં કામ કરે. ભારત જેવા વૈવિધ્યસભર દેશ માટે, મજબૂત અને સ્વતંત્ર મીડિયા લોકશાહીનો આધારસ્તંભ છે. અહીં પત્રકારિતાની ભૂમિકા માત્ર સમાચાર પ્રસારિત કરવાની નથી, પરંતુ સામાજિક જાગૃતિ લાવવાની, જનમતને દિશા આપવાની અને જવાબદારીની સંસ્કૃતિ વિકસાવવાની છે. આ દિવસે, આપણે માત્ર પત્રકારોને બિરદાવીએ એટલું પૂરતું નથી; પરંતુ આપણે દરેકે જવાબદાર નાગરિક તરીકે સાચી માહિતી ઓળખવાની અને ફેલાવવાની પ્રતિબદ્ધતા લેવી જોઈએ. કારણ કે મજબૂત પ્રેસ એ મજબૂત લોકશાહીની ઓળખ છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વટવા અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે, તા 10

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને ઉનાળાની સીઝન દરમિયાન વધતી મુસાફરીની માંગને પહોંચી વળવા માટે વટવા અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે વિશેષ ભાડે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 09082/09081 વટવા-મુંબઈ સેન્ટ્રલ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક), ટ્રેન નંબર 09082 વટવા-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ દર શુક્રવારે વટવાથી 22:40 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:10 કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન 08 મે, 2026થી 26 જૂન, 2026 સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09081 મુંબઈ સેન્ટ્રલ-વટવા સ્પેશિયલ દર ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી 23:20 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:20 કલાકે વટવા પહોંચશે. આ ટ્રેન 07 મે, 2026થી 25 જૂન, 2026 સુધી દોડશે. આ ટ્રેન 08 મે, 2026થી 26 જૂન, 2026 સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09081 મુંબઈ સેન્ટ્રલ-વટવા સ્પેશિયલ દર ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી 23:20 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 07:20 કલાકે વટવા પહોંચશે. આ ટ્રેન 07 મે, 2026થી 25 જૂન, 2026 સુધી દોડશે. આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર થંભશે.

આ ટ્રેનમાં એસી 3-ટિયર ના કોચ રહેશે.

ટ્રેન નંબર 09081 અને 09082 માટે બુકિંગ 03.05.2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તેમજ IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સમય, થંભા અને રચના સંબંધિત વધુ માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના સનાતન રામધામ મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થયા

અમદાવાદ, તા.10

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ રવિવારે અમદાવાદના થલતેજ સ્થિત શ્રી સનાતન રામધામ મંદિર ખાતે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રી શ્રીરામ દરબાર તથા અન્ય મૂર્તિઓનાં દર્શન-પૂજન કરી, મહાઆરતીમાં સહભાગી થયા હતા અને રાજ્યના નાગરિકોની સુખાકારી માટે મંગલ કામના કરી હતી. આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આશરે ૯૦ વર્ષ જૂના આ મંદિરનો પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા અન્ય દાતાઓના સહયોગથી જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ મંદિરના મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠાના ૧૦ દિવસીય મહોત્સવના અંતિમ દિવસે મુખ્યમંત્રીશ્રીએ ભક્તિ અને સનાતન સંસ્કારોના અવિરત કેન્દ્ર સમા રામધામ મંદિરે દર્શન કરી, ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રી મંદિરના ગર્ભગૃહમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાન અને મંત્રોચ્ચાર સાથે પૂજા વિધિમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે 'જય શ્રી રામ' તથા 'શ્રી રામધૂન'થી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

# અમદાવાદ મંડળના રેલવે કર્મચારીએ પ્રસ્તુત કર્યું ઈમાનદારીનું ઉદાહરણ, યાત્રીની ખોવાયેલી સોનાની વીંટી શોધીને પરત કરી



રેલવે અમદાવાદ, તા.10

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના રેલવે કર્મચારીઓએ ફરી એક વાર પોતાની ઈમાનદારી અને કર્તવ્યનિષ્ઠાથી માનવતાનો પરિચય આપ્યો છે. આ જ ક્રમમાં ટ્રેન નંબર 09037 બાન્દ્રા ટર્મિનસ-ભુજ સ્પેશિયલના કોચ નંબર B8 માં યાત્રા કરી રહેલા એક યાત્રીની સોનાની વીંટી અચાનક ટોયલેટનના ડ્રેનેજમાં પડી ગઈ, જેનાથી યાત્રી અત્યંત ચિંતિત અને વ્યાકુળ થઈ ગયા હતા. જેવી જ ટ્રેન અમદાવાદ સ્ટેશન પર પહોંચી, શ્રી સંજય યાદવ, સીનિયર સેક્શન એન્જિનિયર (C&W) અને અન્ય સુપરવાઈઝરો અને CTS (ક્લીન ટ્રેન સ્ટેશન) સ્ટાફ શ્રી વીરેન્દ્ર કુમાર સિંહે તરત જ પોતાની જવાબદારી સંભાળી. પાઈપલાઈન અને ગંદકી વચ્ચે નાનકડી વીંટીને શોધવી એક મોટો પડકાર હતો, પરંતુ રેલવેની આ ટીમે હાર ના માની. ખૂબ મહેનત, ધૈર્ય અને અથાક પ્રયત્ન પછી ટીમે સફળતાપૂર્વક તે સોનાની વીંટીને શોધી કાઢી. આ કામ ફક્ત પોતાની ફરજ પૂરી કરવા સુધી મર્યાદિત નહોતું, પરંતુ આ રેલવે કર્મચારીઓની સંવેદનશીલતા અને યાત્રીના વિશ્વાસ પ્રત્યે તેમની પ્રતિબદ્ધતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. શ્રી સંજય યાદવ અને વીરેન્દ્ર કુમાર સિંહની આ ઈમાનદારી અને તત્પરતાએ ફક્ત એક યાત્રીની કીમતી થાપણને સુરક્ષિત પરત જ નથી કરી, પરંતુ સમાજમાં ભારતીય રેલવેની છબીને અત્યંત વધારે ગૌરવવંતી પણ કરી છે.

# નેશનલ ટેક્નોલોજી ડે : અમદાવાદ સાયન્સ સિટીમાં વિજ્ઞાન અને મનોરંજનનો નવો અધ્યાય

બંગાળ, તા.10

રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ પર અમદાવાદ એ વાતનું ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે એક ઐતિહાસિક શહેર પોતાની વિરાસત જાળવી રાખીને પણ ટેકનોલોજીના ક્ષેત્રમાં હરણફાળ ભરી શકે છે. ડૉ. વિક્રમ સારાભાઈના સપનાઓ આજે ડિજિટલ અને સ્માર્ટ અમદાવાદના રૂપમાં સાકાર થઈ રહ્યા છે. ભારતમાં દર વર્ષે ૧૧ મે ના રોજ 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ' ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓ, નવીન સંશોધનો અને ટેકનોલોજીના ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું પ્રતીક છે. ૧૯૯૮માં આજના દિવસે ભારતે સંરક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે એક એવો ઈતિહાસ રચ્યો હતો, જેણે સમગ્ર વિશ્વમાં ભારતની શક્તિનો પરિચય કરાવ્યો હતો.

આ દિવસની ઉજવણી પાછળનું મુખ્ય કારણ ૧૧ મે, ૧૯૯૮ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતે કરવામાં આવેલા સફળ પરમાણુ પરીક્ષણો છે. તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં અને મહાન વૈજ્ઞાનિક ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામની દેખરેખ હેઠળ ભારતે 'ઓપરેશન શક્તિ' પાર પાડ્યું હતું. આ સફળતા સાથે ભારત પરમાણુ શક્તિ ધરાવતો વિશ્વનો છઠ્ઠો દેશ બન્યો હતો. તેમજ અમદાવાદ સાયન્સ સિટી હંમેશા ટેકનોલોજી અને વિજ્ઞાનના પ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. નેશનલ ટેક્નોલોજી ડે નિમિત્તે સાયન્સ સિટીમાં અનેક નવા આકર્ષણો અને અત્યાધુનિક સુવિધાઓનો ઉમેરો થવા જઈ રહ્યો છે, જે મુલાકાતીઓને વિજ્ઞાનની રોમાંચક દુનિયામાં લઈ જશે.

દર વર્ષે ૧૧ મેના રોજ ઉજવવામાં આવતા 'નેશનલ ટેક્નોલોજી ડે' અંતર્ગત આ વખતે અમદાવાદ સાયન્સ સિટી સજ્જ થઈ રહ્યું છે. ભારતની તકનીકી સિદ્ધિઓની ઉજવણી કરવા માટે સાયન્સ સિટીમાં નવા પ્રોજેક્ટ્સ અને ગેલેરીઓનું લોકાર્પણ થવા જઈ રહ્યું છે, જે ખાસ કરીને વિદ્યાર્થીઓ અને યુવા સંશોધકો માટે પ્રેરણારૂપ બનશે.

સાયન્સ સિટીમાં આગામી સમયમાં સૌથી મોટું આકર્ષણ અત્યાધુનિક ડિજિટલ પ્લેનેટોરિયમ અને સ્પેસ ટેક્નોલોજી ઝોન હશે. અહીં મુલાકાતીઓ ઈસરો અને નાસાના મિશનની પ્રતિકૃતિઓ જોઈ શકશે. આ ઝોનમાં વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા અવકાશની સફરનો અનુભવ કરાવવામાં આવશે. રોબોટિક ગેલેરીમાં નવા હ્યુમનોઈડ રોબોટ્સનો ઉમેરો કરવામાં આવી રહ્યો છે. આ રોબોટ્સ માત્ર વાતચીત જ નહીં, પરંતુ મુલાકાતીઓના પ્રશ્નોના ઉત્તર પણ આપશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે આપણા રોજિંદા જીવનમાં અને ઉદ્યોગોમાં ક્રાંતિ લાવી રહ્યું છે, તેના લાઈવ ડેમોન્સ્ટ્રેશન અહીં જોવા મળશે.

પર્યાવરણની જાળવણી માટે ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે થઈ શકે, તે દર્શાવતી એક ખાસ ગેલેરી પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. જેમાં સોલર એનર્જી, સ્માર્ટ એગ્રીકલ્ચર અને વેસ્ટ-ટુ-એનર્જી મોડલ્સ પ્રદર્શિત કરવામાં આવશે. બાળકો માટે 'લર્ન વિથ ફન'ના હેતુથી સાયન્સ પાર્કમાં નવા ઈન્ટરેક્ટિવ સાધનો મૂકવામાં આવશે. જેમાં ભૌતિક વિજ્ઞાનના જટિલ નિયમોને સરળ પ્રયોગો દ્વારા સમજાવવામાં આવશે. અમદાવાદ સાયન્સ સિટી આ નવા આકર્ષણો સાથે ટેક્નોલોજીના ક્ષેત્રમાં ગુજરાતની પ્રગતિનું પ્રતીક બની રહેશે. આ સુવિધાઓ આવનારા સમયમાં માત્ર પ્રવાસન જ નહીં, પણ વિજ્ઞાન શિક્ષણના ક્ષેત્રમાં પણ એક નવો માઈલસ્ટોન સાબિત થશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'મન કી બાત' જેવા રાષ્ટ્રીય મંચ પરથી અમદાવાદ સાયન્સ સિટીનો ઉલ્લેખ એ માત્ર ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશના વિજ્ઞાન શિક્ષણ અને સંચાર સાથે જોડાયેલા લોકો માટે ગૌરવ અને પ્રોત્સાહનની વાત છે. તે સાબિત કરે છે કે સાયન્સ સિટી તેના સ્થાપનાના ઉદ્દેશ્યોને સાર્થક કરતાં, ભારતના યુવાનોમાં વૈજ્ઞાનિક ચેતના જગાડવામાં અને તેમને ભવિષ્યના ઈનોવેટર્સ બનવા માટે પ્રેરિત કરવામાં સફળ રહ્યું છે. આ ઉલ્લેખ સાયન્સ સિટીની સમગ્ર ટીમને ભવિષ્યમાં વધુ ઉત્સાહ સાથે કાર્ય કરવા અને વિજ્ઞાનની જ્યોતને વધુ પ્રજ્વલિત કરવા માટે પ્રેરણા આપશે.

# ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો....

## ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વસ્તરીય ટ્રેન સેવાઓથી રેલવેના પરિદ્રશ્યમાં રૂપાંતર

ગાંધીનગર, તા.10

ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ અંદાજપત્ર સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે, જેનાથી રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને યાત્રી-કેન્દ્રીત રેલવે પરિવહનના નવા યુગની શરૂઆત થઈ રહી છે. ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટની ફાળવણી વર્ષ 2009-14 દરમિયાન 589 કરોડ હતી, જે વધીને 2026-27ના સમયગાળામાં 17,366 કરોડ થઈ છે. આ લગભગ 29 ગણો વધારો છે, જે રાજ્યમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા માટે સરકારની દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે. ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડની કિંમતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિમાં છે. આ કાર્યોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને સુરક્ષામાં મોટા સુધારાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે. અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના 87 રેલવે સ્ટેશનોને 6,058 કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત 19 સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પહેલેથી જ પૂર્ણ થઈ ગયું છે, જેનાથી યાત્રીઓની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે

આ સેવાઓ યાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક યાત્રાનાના વિકલ્પો ઉપલબ્ધ કરાવે છે. વર્ષ 2014 થી, ગુજરાતના રેલવે નેટવર્કનો આશરે 2,900 કિમીના નવા રેલવે ટ્રેકના નિર્માણ સાથે ઝડપથી વિસ્તાર થયો છે, જે ઘણા યુરોપિયન દેશોના કુલ રેલવે નેટવર્ક કરતા પણ વધુ છે. રાજ્યએ 100% વિદ્યુતીકરણ પણ હાંસલ કર્યું છે, જેમાં 4,005 કિમી રેલ લાઈનનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણને અનુકૂળ અને ઉર્જા-કાર્યક્ષમ કામગીરીમાં મદદરૂપ થાય છે. ઉપરાંતમાં, લેવલ ક્રોસિંગ દૂર કરવા અને માર્ગ-રેલવે અવરજવરને સરળ બનાવવા માટે રાજ્યભરમાં 1,177 ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે. પોતાની 'સુરક્ષા-પ્રથમ' નીતિના ભાગરૂપે, ભારતીય રેલવેએ ગુજરાતમાં સ્વદેશી 'કવચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લાગુ કરી છે. કુલ મંજૂર 1,842 રૂટ કિલોમીટર લંબાઈમાંથી, 96 રૂટ કિલોમીટર પર કવચ તૈનાત કરવામાં આવ્યું છે, જ્યારે 1,674 રૂટ કિલોમીટર માટે કામ અથવા ટેન્ડર પ્રક્રિયા દ્વારા રેલવે સુરક્ષા ધોરણોમાં નોંધપાત્ર હરણફાળ ભરી છે. વિક્રમજનક રોકાણ, આધુનિક સ્ટેશનો, પ્રીમિયમ ટ્રેનો, સંપૂર્ણ વિદ્યુતીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે, ભારતીય રેલવે ગુજરાતના માળખાગત અને સામાજિક-આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

# ઉત્તરાખંડમાં આદિ કૈલાસ યાત્રાનો શુભારંભ : માઈનસ 1 ડિગ્રી તાપમાનમાં પહેલા દિવસે 200થી વધુ શ્રદ્ધાળુઓ રવાના

ઉત્તરાખંડ, તા.10

ઉત્તરાખંડના સરહદી જિલ્લા પિથોરાગઢમાં આવેલા શિવ-પાર્વતી મંદિરના કપાટ 1 મેના રોજ વિધિ-વિધાન સાથે ખોલવામાં આવ્યા છે. આ સાથે જ આદિ કૈલાસ યાત્રાનો ઔપચારિક શુભારંભ થઈ ગયો છે. લાંબી રાહ બાદ કપાટ ખુલતાં જ વ્યાસ ઘાટીમાં એકવાર ફરી શ્રદ્ધાળુઓની અવરજવર શરૂ થઈ ગઈ છે. ધારચુલાથી પ્રશાસનની દેખરેખ હેઠળ યાત્રાનો પ્રારંભ કરાવવામાં આવ્યો. એસડીએમ આશિષ જોશીએ લીલી ઝંડી બતાવીને લગભગ 200 યાત્રીઓના પહેલા જથ્થાને રવાના કર્યો. આ જથ્થો લગભગ 140 કિલોમીટરનો પ્રવાસ કરીને આદિ કૈલાસ પહોંચશે, જ્યાં શ્રદ્ધાળુઓ પાર્વતી સરોવર અને આદિ કૈલાસના દર્શન કરશે. યાત્રાના શુભારંભ દરમિયાન આખું વાતાવરણ ભક્તિમય બની ગયું. શિવભક્તોએ "હર-હર મહાદેવ"ના જયઘોષ સાથે યાત્રા શરૂ કરી. પ્રશાસન દ્વારા સુરક્ષા, સ્વાસ્થ્ય અને વાહનવ્યવહાર સંબંધિત તમામ જરૂરી વ્યવસ્થા પહેલેથી જ સુનિશ્ચિત કરવામાં આવી છે, જેથી શ્રદ્ધાળુઓ સુરક્ષિત યાત્રા કરી શકે. 2025માં લગભગ 35 હજાર શ્રદ્ધાળુઓએ આદિ કૈલાસના દર્શન કર્યાં હતાં.



યાત્રા શરૂ થતાં જ ધારચુલા, ગુંજી, કુટી અને જ્યોલિંગકાંગ સુધીની ગતિવિધિઓ તેજ બની ગઈ છે. સ્થાનિક સ્તરે ટૂર ઓપરેટરો, હોટેલ વ્યવસાયીઓ અને હોમસ્ટે સંચાલકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સરહદી ગામોમાં જ્યાં પહેલાં સન્નાટો છવાયેલો રહેતો હતો, ત્યાં હવે યાત્રીઓની અવરજવરથી રોનક પાછી ફરી છે. સ્થાનિક લોકો આ યાત્રાને પોતાની આજીવિકા સાથે જોડીને જોઈ રહ્યા છે અને સારા સીઝનની અપેક્ષા રાખી રહ્યા છે. આદિ કૈલાસ યાત્રાને કૈલાસ માનસરોવરના ભારતીય વિકલ્પ તરીકે જોવામાં આવી રહી છે. જ્યાં પરંપરાગત યાત્રા લાંબી અને કઠિન હોય છે, ત્યાં આદિ કૈલાસની યાત્રા 5 થી 7 દિવસમાં પૂરી થઈ જાય છે. યાત્રા માટે 25 હજારથી લઈને 1 લાખ રૂપિયા સુધીના પેકેજ ઉપલબ્ધ છે, જેમાં રહેવા, જમવા અને પરમિટની સુવિધા સામેલ હોય છે. અલગ-અલગ બજેટ પ્રમાણે યાત્રીઓ પોતાની યોજના બનાવી શકે છે. ઊંચાઈ પર યાત્રા, સ્વાસ્થ્ય માટે પણ જોખમી આદિ કૈલાસ યાત્રા 3,000 થી 5,500 મીટરની ઊંચાઈ સુધી જાય છે, જ્યાં ઓક્સિજનની અછત અને

# સોમનાથ મંદિર પર એરફોર્સની ટીમ દ્વારા ૧૧મીએ સવારે ૧૧ કલાકે "સૂર્યકિરણનો શૌર્યાભિષેક", દિલધડક એર શો

## ધર્મભૂમિ પર ધર્મભક્તિ, દેશભક્તિ, સૈન્યશક્તિનો સંગમ, રિહર્સલમાં જ પાયલટોએ સાહસભર્યા કરતબો થકી લોકોના દિલ જીત્યા

વેરાવળ, તા.10

સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬'ની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આ અવસરે ભારતીય વાયુસેનાની સુપ્રસિદ્ધ 'સૂર્યકિરણ એરોબેટિક ટીમ' (SKAT) દ્વારા ૧૧ મેના રોજ મંદિરના આકાશમાં અદભૂત હવાઈ કરતબોનું નિદર્શન કરવામાં આવશે. આજે સવારે જ્યારે સૂર્યકિરણની ટીમ દ્વારા રિહર્સલ કરવામાં આવ્યું ત્યારે પાયલટોના સાહસભર્યા ઉડાનો જોઈને હાજર લોકો દંગ રહી ગયા હતા અને હર્ષનાદ સાથે એરફોર્સના પાયલટને વધાવી લીધા હતા. સૂર્યકિરણ ટીમના વિંગ કમાન્ડર શ્રી જનમીત શર્મા તરફથી મળતી માહિતી મુજબ, ભારતીય વાયુસેનાના એમ્બેસેડર તરીકે ઓળખાતી સૂર્યકિરણ ટીમ લાલ અને સફેદ રંગના હોક એમ.કે.-૧૩૨ (Hawk Mk-132) જેટ એરક્રાફ્ટ દ્વારા આકાશમાં વિવિધ સિંક્રનાઈઝ્ડ ફોર્મેશન અને સાહસિક દાવપેચ રજૂ કરશે. આ એરોબેટિક શો અંદાજે ૧૫ મિનિટ સુધી ચાલશે, જેમાં પાઈલટો એકબીજા જેટની અત્યંત નજીકથી ફાઈટર પ્લેન ઉડાડવાની પોતાની ક્ષમતાનું પ્રદર્શન કરશે. જામનગર એરફોર્સ સ્ટેશનથી ઉડાન ભરીને આ ટીમ માત્ર ૧૮ મિનિટમાં સોમનાથના આકાશમાં પહોંચશે. જામનગરથી સોમનાથનું હવાઈ અંતર અંદાજે ૧૮૨ કિમી જેટલું છે. ગ્રુપ કેપ્ટન અજય દશરથીના નેતૃત્વમાં ૧૩ કુશળ પાઈલટોની ટીમ આ પ્રદર્શન કરશે. આ પ્રદર્શનના સુરક્ષિત સંચાલન માટે જામનગર એરફોર્સ સ્ટેશનના ૨૫થી ૩૦ એર વોરિયર્સની ટીમ મેદાનમાં તૈનાત રહેશે. આ ટીમ દ્વારા ફ્લાયપાસ્ટ કંટ્રોલ, એવિએશન સેફ્ટી, બર્ડ હેઝાર્ડ કંટ્રોલ, હવામાન વિભાગ અને સિગ્નલ કમ્યુનિકેશનની જવાબદારી સંભાળવામાં આવશે. વર્ષ ૧૯૯૬માં સ્થપાયેલી સૂર્યકિરણ ટીમ અત્યાર સુધીમાં ભારતમાં ૮૦૦થી વધુ એર ડિસ્પ્લે કરી ચૂકી છે. આ ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, સિંગાપોર અને યુ.એ.ઈ. જેવા દેશોમાં પણ ભારતીય વાયુસેનાનું પ્રતિનિધિત્વ કરી વૈશ્વિક પ્રશંસા મેળવી છે. આ ટીમના હોક એમ.કે.-૧૩૨ વિમાનો ભારતમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા બનાવવામાં આવ્યા છે. આ વખતે પ્રદર્શનમાં મુખ્ય આકર્ષણ સ્વદેશી ટેકનોલોજીથી બનેલા સ્મોક પોડ્સ રહેશે. વાયુસેનાના નાસિક સ્થિત બેઝ રિપેર ડેપો દ્વારા વિકસાવવામાં આવેલા આ પોડ્સની મદદથી વિમાનો આકાશમાં કેસરી, સફેદ અને લીલા રંગનો ધુમાડો છોડીને ભારતીય ત્રિરંગાની પ્રતિકૃતિ બનાવશે.

# વુમન્સ T20 વર્લ્ડ કપ માટે ઈન્ડિયન ટીમની જાહેરાત : હરમનપ્રીત કૌર કમાન સંભાળશે, 12 જૂનથી ટુર્નામેન્ટ શરૂ થશે

**નવી દિલ્હી, તા.10**

BCCI એ વુમન્સ T20 વર્લ્ડ કપ માટે ભારતીય મહિલા ટીમની જાહેરાત કરી દીધી છે. શનિવારે જાહેર કરાયેલી આ ટીમની કેપ્ટનશીપ હરમનપ્રીત કૌરને સોંપી છે, જ્યારે સ્મૃતિ મંધાના વાઈસ કેપ્ટન છે. T20 વર્લ્ડ કપની શરૂઆત 12 જૂનથી થશે. ભારત પોતાની પહેલી મેચ પાકિસ્તાન સામે 14 જૂને રમવા ઉતરશે. ટીમ ઈન્ડિયાના ગ્રુપમાં પાકિસ્તાન ઉપરાંત ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ અને નેધરલેન્ડ્સ પણ હાજર છે. સિલેક્શન કમિટીની બેઠકમાં T20 કેપ્ટન હરમનપ્રીત કૌર, કોચ અમોલ મજુમદાર, પસંદગી સમિતિના અધ્યક્ષ અમિતા શર્મા અને BCCI સેક્રેટરી દેવજીત સૈકિયા હાજર રહ્યા.



**T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ**

હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), ભારતી ફુલમાળી, શ્રી ચરણી, યાસ્તિકા ભાટિયા, નંદની શર્મા, અરુંધતિ રેડ્ડી, ક્રાંતિ ગૌડ, રેણુકા સિંહ ઠાકુર, શ્રેયાંકા પાટીલ અને રાધા યાદવ.

**મંધાના-શેફાલી ઓપનર, નંદની પહેલો વર્લ્ડકપ રમશે**

ભારતીય ટીમના ટોપ ઓર્ડરમાં સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માને ઓપનર તરીકે સ્થાન મળ્યું છે. ત્રીજા નંબર પર જેમિમાહ રોડ્રિગ્સનું નામ છે. નંદની શર્માને પહેલીવાર વર્લ્ડકપ ટીમમાં સ્થાન મળ્યું છે. ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌર T20 વર્લ્ડ કપમાં ચોથા નંબર પર મહત્વની ભૂમિકા ભજવશે. રિચા ઘોષને વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવી છે. તે મેચની ડેથ ઓવર્સમાં મોટા શોટ મારવામાં માહેર છે. યાસ્તિકા ભાટિયાને બેકઅપ વિકેટકીપર અને ઓપનર તરીકે પસંદ કરવામાં આવી છે.


**રેણુકાને પેસ એટેકની જવાબદારી**

અનુભવી ઝડપી બોલર રેણુકા સિંહ ઠાકુરને પેસ એટેકની જવાબદારી સોંપવામાં આવી છે. ક્રાંતિ ગૌડ અને અરુંધતિ રેડ્ડી તેને સાથ આપશે. જ્યારે, સ્ટાર ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને સ્પિનર ડિપાર્ટમેન્ટની જવાબદારી મળી છે. શ્રેયાંકા પાટીલ અને એન શ્રી ચારણી પણ મહત્વની ભૂમિકા ભજવશે.

# ચેપોકમાં 'ગુજ્જુ બોય' ઉર્વિલ પટેલની ગુંજ! : IPLના ઈતિહાસની ફાસ્ટેસ્ટ ફિફ્ટી, જયસ્વાલના રેકોર્ડની બરાબરી કરી, માત્ર 13 બોલમાં 50 રન ફટકાર્યા

**નવી દિલ્હી, તા.10**

લખનઉ સુપર જાયન્ટ્સે IPLમાં રવિવારની પહેલી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સને જીતવા માટે 204 રનનો ટાર્ગેટ આપ્યો છે. ચેપોક સ્ટેડિયમમાં ચેન્નઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. લખનઉએ 20 ઓવરમાં 8 વિકેટ પર 203 રન બનાવ્યા છે.



જોશ ઈંગ્લિસે 85 રન કર્યા હતા. તેણે 33 બોલની ઈનિંગમાં 10 ચોગ્ગા અને 6 છગ્ગા ફટકાર્યા હતા. અંતમાં શહબાઝ અહમદે અણનમ 43 રન બનાવ્યા હતા. ચેન્નઈ તરફથી જેમી ઓવરટને 3 વિકેટ ઝડપી હતી. અંશુલ કંબોજને 2 વિકેટ મળી હતી, જ્યારે એક વિકેટ નૂર અહમદને મળી હતી.

બંને ટીમની પ્લેઈંગ-11

ચેન્નઈ સુપર કિંગ્સ: ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), સંજુ સેમસન (વિકેટકીપર), ઉર્વિલ પટેલ, કાર્તિક શર્મા, ડેવાલ્ડ બ્રેવિસ, શિવમ દુબે, જેમી ઓવરટન, અકીલ હુસૈન, નૂર અહમદ, અંશુલ કંબોજ અને મુકેશ ચૌધરી.

ઈમ્પેક્ટ પ્લેયર્સ: ગુર્જપનીત સિંહ, પ્રશાંત વીર, મેથ્યુ શોર્ટ, સરફરાઝ ખાન અને આકાશ મધવાલ.

લખનઉ સુપર જાયન્ટ્સ: મિચેલ માર્શ, જોસ ઈંગ્લિસ, નિકોલસ પૂરન, ઋષભ પંત (કેપ્ટન અને વિકેટકીપર), એઈડન માર્કરામ, અક્ષત રઘુવંશી, હિંમત સિંહ, શહબાઝ અહમદ, મોહમ્મદ શમી, પ્રિન્સ યાદવ અને દિગ્વેશ રાઠી.

ઈમ્પેક્ટ પ્લેયર્સ: મુકુલ ચૌધરી, આવેશ ખાન, અબ્દુલ સમદ, એમ સિદ્ધાર્થ અને મયંક યાદવ. ઉર્વિલ પટેલે સતત 5 બોલ પર 5 છગ્ગા ફટકારી દીધા છે. તેણે 5મી ઓવરમાં આવેશ ખાનના છેલ્લા 3 બોલ પર સતત 3 છગ્ગા માર્યા હતા. ત્યારબાદ છઠ્ઠી ઓવરમાં દિગ્વેશ રાઠીના બીજા અને ત્રીજા બોલ પર છગ્ગો ફટકાર્યો હતો.

# નેહરાનો ઈશારો ને સૂર્યવંશીને ક્લીન બોલ્ડ : સિરાજે વૈભવની ગિલ્લીઓ ઉડાવી

**નવી દિલ્હી, તા.10**

ગુજરા તે શનિવારે રાજસ્થાનને 77 રનથી હરાવીને IPL ઈતિહાસની પોતાની સૌથી મોટી જીત મેળવી. જયપુરમાં રમાયેલી મેચમાં રાજસ્થાનના યુવા બેટર વૈભવ સૂર્યવંશીએ સૌથી ઝડપી 100 ટી-20 છગ્ગા પૂરા કરવાનો રેકોર્ડ બનાવ્યો. રવીન્દ્ર જાડેજાએ જોસ બટલરની વિકેટ લીધા પછી ખિસ્સામાં મૂકવા જેવું ખાસ સેલિબ્રેશન પણ કર્યું. 100 છગ્ગા માટે વૈભવે 514 બોલ રમ્યા આ મેચમાં રાજસ્થાનના વૈભવ સૂર્યવંશીએ ટી-20માં સૌથી ઝડપી 100 છગ્ગા પૂરા કરવાનો રેકોર્ડ બનાવ્યો. તેણે પહેલી જ ઓવરમાં આ સિદ્ધિ હાંસલ કરી. વૈભવે 514 બોલમાં 100 છગ્ગા પૂરા કરીને વેસ્ટ ઈન્ડીઝના કિરોન પોલાર્ડનો રેકોર્ડ તોડ્યો. પોલાર્ડે 843 બોલ રમ્યા હતા. આર્ચરે સૌથી લાંબા IPL ઓવરના રેકોર્ડની બરાબરી કરી મેચની પ્રથમ ઓવર રાજસ્થાન તરફથી જોફ્રા આર્ચરે નાખી. આ ઓવર પૂરી કરવામાં તેને 11 બોલ લાગ્યા. આ ઓવરમાં તેણે 4 વાઈડ અને એક નો-બોલ સહિત 18 રન આપ્યા. આ IPL ઈતિહાસનો સંયુક્ત રીતે સૌથી લાંબી ઓવર પણ રહી. પિંક પ્રોમિસ હેઠળ પિંક જર્સીમાં રાજસ્થાન મેદાનમાં ઉતર્યું રાજસ્થાનની ટીમ ગુજરાત સામે ઓલ પિંક જર્સીમાં મેદાનમાં ઉતરી. ટીમે પિંક પ્રોમિસ અભિયાન હેઠળ આ જર્સી પહેરી. રાજસ્થાન રોયલ્સ છેલ્લા કેટલાક સિઝનથી IPLમાં એક મેચ પિંક જર્સીમાં રમે છે. આ પહેલ ગ્રામીણ રાજસ્થાનની મહિલાઓની મદદ માટે છે. આ અંતર્ગત, દરેક સિક્સર પર રોયલ્સ તેના સ્પોન્સર સાથે મળીને છ ઘરોમાં સોલર લાઈટ લગાવે છે. ગુજરાત ટાઈટન્સના હેડ કોચ આશિષ નેહરાએ મેદાનની બહારથી દિમાગ લગાવવાનો ઈશારો કર્યો, જેના પછી મેદાન પર વૈભવને બોલિંગ કરી રહેલા મોહમ્મદ સિરાજે તે જ કર્યું. સિરાજે 146.6 kmphની ઝડપે બાઉન્સર ફેંકી, જેને વૈભવ યોગ્ય રીતે ટાઈમ કરી શક્યો નહીં અને અરશદ ખાનના હાથે કેચ આઉટ થયો. જાડેજાના બૉલ પર ગિલને જીવનદાન, છગ્ગો મળ્યો 12મી ઓવરમાં રવીન્દ્ર જાડેજાના બૉલ પર શુભમન ગિલને જીવનદાન સાથે છગ્ગો મળ્યો. જાડેજાના લેગ સ્ટમ્પ પરની સ્લોટ બોલ પર ગિલે એક ઘૂંટણિયે બેસીને મોટો શોટ રમ્યો. બોલ ડીપ મિડવિકેટ પર શિમરોન હેટમાયર પાસે ગયો, પરંતુ તે કેચ પકડી શક્યો નહીં અને બોલ બાઉન્ડ્રી પાર જતો રહ્યો.



# IPLમાં દિવસની બીજી મેચ બેંગલુરુ Vs મુંબઈ : ભુવનેશ્વર ટોપ વિકેટ ટેકર્સ બની શકે છે, ઈન્ડિયન્સમાં હાર્દિકની વાપસી શક્ય

**નવી દિલ્હી, તા.10**

IPL 2026માં આજે ડબલ હેડરની બીજી મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો સામનો મુંબઈ ઈન્ડિયન્સ સામે થશે. મેચ રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યાથી રમાશે. આ બેંગલુરુનું બીજું હોમ ગ્રાઉન્ડ છે. ટીમ પાસે લય પાછી મેળવવાની તક છે. શાનદાર શરૂઆત કર્યા પછી, RCB છેલ્લી પાંચમાંથી ત્રણ મેચ હારી ચૂકી છે અને સતત બે હારના દબાણમાં છે. પોઈન્ટ્સ ટેબલમાં બેંગલુરુ 10 મેચમાં 12 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. જોકે, રાજસ્થાન અને ગુજરાતની મેચનું પરિણામ તેને ચોથા સ્થાને ધકેલી શકે છે. નોકઆઉટની રેસમાં ટકી રહેવા માટે ટીમને જીતની જરૂર છે, બંને ટીમો 36મી વખત સામસામે આવશે બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં 35 મેચ રમાઈ છે. RCBએ 15 અને MIએ 19 મેચ જીતી છે. એક મેચ ટાઈ રહી હતી, જે બેંગલુરુએ જીતી હતી. ગત સિઝનમાં બંને વચ્ચે એક મુકાબલો થયો હતો, જે RCBએ જીત્યો હતો. આ સિઝનની પ્રથમ મેચમાં પણ બેંગલુરુએ વાનખેડેમાં મુંબઈને 18 રનથી હરાવ્યું હતું. બેંગલુરુની ચિંતા ટોપ ઓર્ડર RCBની સૌથી મોટી ચિંતા તેનો ટોપ ઓર્ડર છે. ફિલ સોલ્ટની જગ્યાએ આવેલા જેકબ બેથેલ અત્યાર સુધી અપેક્ષાઓ પર ખરા ઉતર્યા નથી. તેમણે ચાર ઈનિંગ્સમાં 14, 20, 5 અને 4 રન બનાવ્યા છે. આનાથી વિરાટ કોહલી પર રન બનાવવાનું દબાણ વધી ગયું છે. વિકેટકીપર બેટર જીતેશ શર્મા પણ આ સિઝનમાં સંઘર્ષ કરી રહ્યા છે અને તેમનો સર્વોચ્ચ સ્કોર 23 રન છે. મિડલ ઓવરોમાં રન ન બનાવવા એ ટીમની હારનું મોટું કારણ રહ્યું છે. કોહલી 10 મેચમાં 164.06ની સ્ટ્રાઈક રેટથી 379 રન બનાવીને ટીમના ટોપ રન સ્કોરર છે. જ્યારે, ભુવનેશ્વર કુમાર 17 વિકેટ લઈને IPLના ટોપ વિકેટ ટેકર બન્યા છે.



રોહિતની વાપસીથી મુંબઈનો પાવર વધ્યો બીજી તરફ, મુંબઈ ઈન્ડિયન્સે ગત મેચમાં લખનઉ સામે 228 રનનો ટાર્ગેટ ચેઝ કરીને દમ બતાવ્યો છે. ઈજા બાદ પરત ફરેલા રોહિત શર્માએ 44 બોલમાં 84 રનની ઈનિંગ રમીને ફોર્મમાં વાપસીના સંકેત આપ્યા છે. જસપ્રીત બુમરાહ અને ટ્રેન્ટ બોલ્ટ મુંબઈની બોલિંગને મજબૂત બનાવે છે. રાયન રિકલ્ટન 8 મેચમાં 380 રન બનાવીને ટીમના ટોપ રન સ્કોરર છે. જ્યારે, અલ્લા ગઝનફર 12 વિકેટ સાથે ટીમના ટોપ વિકેટ ટેકર છે. હાર્દિક પંડ્યાની ફિટનેસ પર હજુ પણ સસ્પેન્સ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પીઠમાં ખેંચાણને કારણે લખનઉ સામેની છેલ્લી મેચ રમી શક્યા ન હતા. તેમની જગ્યાએ સૂર્યકુમાર યાદવે કેપ્ટનશીપ કરી હતી. હાર્દિક ટીમ સાથે રાયપુર પહોંચી ગયો છે, પરંતુ તેના રમવા અંગેનો નિર્ણય ફિટનેસ ટેસ્ટ પછી લેવામાં આવશે. તેના ફિટ થવાથી ટીમનું સંતુલન સુધરશે. રાયપુરની પિચ અને હવામાનનો મિજાજ રાયપુરમાં છેલ્લી IPL મેચ 2016માં રમાઈ હતી. અહીંની પિચ સામાન્ય રીતે ધીમી હોય છે, પરંતુ આ વખતે બેટિંગ માટે અનુકૂળ રહેવાની અપેક્ષા છે. શનિવારે થયેલા વરસાદને કારણે પિચના વર્તનમાં ફેરફાર થઈ શકે છે. રવિવારે તાપમાન 40 ડિગ્રી સુધી રહેવાનો અંદાજ છે, જ્યારે રાત્રે તે ઘટીને 24 ડિગ્રી સુધી પહોંચી શકે છે.

# તન્વી ધ ગ્રેટ' પહેલાં 60થી વધારે રિજેક્શન સહન કર્યાં : મધ્યમ વર્ગીય શુભાંગી દત્ત કાન ફિલ્મ ફેસ્ટિવલ સુધી પહોંચી

**મુંબઈ, તા.10**

અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ'થી ઓળખ બનાવનાર એક્ટ્રેસ શુભાંગી દત્ત આજે સતત એવોર્ડ્સ જીતી રહી છે, પરંતુ અહીં સુધી પહોંચવાનો પ્રવાસ સરળ નહોતો. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં શુભાંગીએ જણાવ્યું કે, તેણે 60થી વધુ ઓડિશન આપ્યા, ઘણી વાર ઓડિશન લીધા વિના જ તેને પાછી મોકલી દેવામાં આવી.

ક્યારેક કહેવામાં આવ્યું કે, તે 'ખૂબ લાંબી' છે, તો ક્યારેક 'ફિટ નથી' બેસતી. ઘણી વાર રડતા રડતા ઘરે પાછી ફરી, પરંતુ એક્ટિંગનું સપનું છોડ્યું નહીં.



અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ' એ તેનું જીવન બદલી નાખ્યું.

પ્રશ્ન: સૌથી પહેલા, 'તન્વી ધ ગ્રેટ'ની સફળતા અને સતત મળી રહેલા એવોર્ડ્સને તમે કેવી રીતે જુઓ છો?

જવાબ: આ આખી જર્ની મારા માટે ખૂબ જ ખાસ રહી છે. જ્યારે લોકોને તમારું કામ ગમે છે અને ઈન્ડસ્ટ્રી તમને એવોર્ડ્સ દ્વારા સન્માનિત કરે છે, ત્યારે લાગે છે કે તમે સાચા રસ્તે છો. મને ઓસ્ટ્રેલિયા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ, ઝી સિને એવોર્ડ્સ, આઈકોનિક ગોલ્ડ એવોર્ડ્સ અને તાજેતરમાં ઈન્દોર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં પણ સન્માન મળ્યું. સૌથી ખુશીની વાત એ છે કે, આખી ટીમને આટલો પ્રેમ મળી રહ્યો છે.

પ્રશ્ન: આજે આટલા એવોર્ડ્સ મળી રહ્યા છે, પણ શું બાળપણથી જ નક્કી હતું કે તમારે એક્ટિંગમાં જ જવું છે?

જવાબ: હા, ક્યાંક ને ક્યાંક બાળપણથી જ હતું. હું અરીસા સામે ક્યારેક ડોક્ટર બનતી હતી, ક્યારેક ટીચર. ટીવી જોતા જોતા લાગતું હતું કે, એક્ટર્સ દરેક પ્રકારનું જીવન જીવી લે છે. ત્યારથી મનમાં હતું કે, મારે પણ આ જ કરવું છે. સ્કૂલ બંક કરીને ઓડિશન આપવા જતી હતી. કંઈ સમજ નહોતી પડતી, પણ કેમેરા સામે ઊભા રહેવાનો ખૂબ શોખ હતો.

પ્રશ્ન: પણ મધ્યમ વર્ગના પરિવારમાં એક્ટિંગનું સપનું જોવું સહેલું નથી હોતું, ઘરના લોકોની શું પ્રતિક્રિયા હતી?

જવાબ: મમ્મી ખૂબ ડરતી હતી. તે કહેતાં હતાં કે આ ઈન્ડસ્ટ્રી સરળ નથી. અમે મધ્યમ વર્ગના પરિવારમાંથી આવીએ છીએ.

# કૃતિ સેનને કહ્યું- બોલિવૂડમાં હજુ પણ પુરુષોનું વર્ચસ્વ : મહિલા કલાકારો સરખી મહેનત કરે છે, છતાં પણ ફીમાં મોટો તફાવત



## કૃતિએ સવાલ ઉઠાવ્યો કે જ્યારે બંને કલાકારો સરખી મહેનત કરે છે તો ફીમાં આટલો મોટો ફરક કેમ હોય છે

**મુંબઈ, તા.10**

બોલિવૂડમાં એક્ટર્સની ફી અને વધતા પ્રોડક્શન કોસ્ટને લઈને લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. હવે એક્ટ્રેસ અને પ્રોડ્યુસર કૃતિ સેનને પણ ઈન્ડસ્ટ્રીમાં મોજુદ જેન્ડર પે ગેપ અને પેટ્રિઆર્કી પર ખુલીને વાત કરી છે. તેમણે કહ્યું કે આજે પણ ફિલ્મોમાં બજેટ ઓછું પડે ત્યારે સૌથી પહેલા એક્ટ્રેસની ફી ઓછી કરવામાં આવે છે, જ્યારે મેલ સ્ટાર્સની ફી પર વધુ અસર થતી નથી. કૃતિએ GQ India સાથેની વાતચીતમાં કહ્યું કે બોલિવૂડમાં પેટ્રિઆર્કી હજુ પણ ઊંડાણપૂર્વક મોજુદ છે. તેમના મતે, ફીમેલ-લીડ ફિલ્મોને લઈને મેકર્સ આજે પણ રિસ્ક લેવાથી ડરે છે, કારણ કે તેમને લાગે છે કે આવી ફિલ્મો મેલ-લીડ ફિલ્મો જેટલો બિઝનેસ કરી શકશે નહીં. કૃતિએ સવાલ ઉઠાવ્યો કે જ્યારે બંને કલાકારો સરખી મહેનત કરે છે તો ફીમાં આટલો મોટો ફરક કેમ હોય છે. અભિનેત્રીએ એ પણ જણાવ્યું કે ઘણીવાર ફિલ્મનું બજેટ નિયંત્રિત કરવાના નામે અભિનેત્રીઓને ફી ઓછી કરવાનું કહેવામાં આવે છે. જ્યારે મોટા પુરુષ સ્ટાર્સની ફી અને તેમની માંગણીઓ પર ઓછા સવાલો ઉઠે છે. ઈન્ડસ્ટ્રીમાં વધતી સ્ટાર ફી અને એન્ટુરાજ કોસ્ટને લઈને પહેલા પણ ઘણા ફિલ્મમેકરો ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. કૃતિએ પહેલા પણ કહ્યું હતું કે સ્ટાર્સ સાથે ચાલતા લોકો અને બીજી બિનજરૂરી વસ્તુઓ પર ઘણો ખર્ચ થાય છે, જ્યારે ધ્યાન ફિલ્મની વાર્તા પર હોવું જોઈએ. તેમણે કહ્યું હતું કે કોઈ પાત્રની જરૂરિયાત મુજબનો ખર્ચ સમજાય છે, પરંતુ ઘણીવાર લક્ઝરી અને બિનજરૂરી ખર્ચ પણ પ્રોડ્યુસર્સ પર નાખી દેવામાં આવે છે. તેમણે મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે એક સ્ટાર માટે બે કૂક અને એક શેફ રાખવા જરૂરિયાત કરતાં વધારે છે. હવે પ્રોડ્યુસર બન્યા પછી કૃતિ ઈન્ડસ્ટ્રીના આર્થિક દબાણને વધુ નજીકથી સમજી રહી છે. તેમનું કહેવું છે કે તેઓ એવી ફિલ્મો બનાવવા માંગે છે જ્યાં કન્ટેન્ટ અને ટેલેન્ટને પ્રાધાન્ય મળે, ન કે માત્ર સ્ટાર સિસ્ટમને. સોશિયલ મીડિયા પર પણ કૃતિના નિવેદનને લઈને ચર્ચા છંછેડાઈ છે. ઘણા યુઝર્સે તેમના નિવેદનને સમર્થન આપ્યું, જ્યારે કેટલાક લોકોએ સવાલ ઉઠાવ્યા કે ઈન્ડસ્ટ્રીમાં બદલાવની શરૂઆત મોટા કલાકારોએ પોતે કરવી જોઈએ. પરંતુ ઘણીવાર લક્ઝરી અને બિનજરૂરી ખર્ચ પણ પ્રોડ્યુસર્સ પર નાખી દેવામાં આવે છે. તેમણે મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે એક સ્ટાર માટે બે કૂક અને એક શેફ રાખવા જરૂરિયાત કરતાં વધારે છે. હવે પ્રોડ્યુસર બન્યા પછી કૃતિ ઈન્ડસ્ટ્રીના આર્થિક દબાણને વધુ નજીકથી સમજી રહી છે. તેમનું કહેવું છે કે તેઓ એવી ફિલ્મો બનાવવા માંગે છે જ્યાં કન્ટેન્ટ અને ટેલેન્ટને પ્રાધાન્ય મળે, ન કે માત્ર સ્ટાર સિસ્ટમને. સોશિયલ મીડિયા પર પણ કૃતિના નિવેદનને લઈને ચર્ચા છંછેડાઈ છે. ઘણા યુઝર્સે તેમના નિવેદનને સમર્થન આપ્યું, જ્યારે કેટલાક લોકોએ સવાલ ઉઠાવ્યા કે ઈન્ડસ્ટ્રીમાં બદલાવની શરૂઆત મોટા કલાકારોએ પોતે કરવી જોઈએ.

# ફિલ્મ 'હેરાફેરી'ના રાઈટ્સને લઈને ફ્રોડનો કેસ!

## ફિરોઝ નડિયાદવાલાનો દાવો- ₹4.5 લાખમાં રાઈટ્સ ખરીદ્યા; રિલીઝ પહેલા પૈસા પડાવી લેવાયા

**મુંબઈ, તા.10**

ફિલ્મ પ્રોડ્યૂસર ફિરોઝ નડિયાદવાલાએ વર્ષ 2000માં રિલીઝ થયેલી ફિલ્મ 'હેરાફેરી'ના કોપીરાઈટ અને રીમેક રાઈટ્સને લઈને મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.



ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, નડિયાદવાલાએ ફરિયાદમાં જણાવ્યું કે વિવાદ વર્ષ 1989ની મલયાલમ ફિલ્મ રામજી રાવ સ્પીકિંગ સાથે સંકળાયેલો છે, જેના પર 'હેરાફેરી' આધારિત હતી. તેણે દાવો કર્યો કે વર્ષ 2000માં તેણે સુરેશ કુમાર સિંઘલ પાસેથી 4.5 લાખ રૂપિયામાં કેટલાક રીમેક રાઈટ્સ કાયદેસર રીતે ખરીદ્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે ફિલ્મ રિલીઝના સાત દિવસ પહેલા કેટલાક લોકોએ દબાણ કરીને તેમની પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ કર્યો. નડિયાદવાલાના મતે, તેને ભારે રોકાણ અને સંભવિત નુકસાનના ડરથી ચૂકવણી કરવી પડી, જ્યારે કોર્ટે તેના પક્ષમાં સ્ટે ઓર્ડર આપ્યો હતો. ફિરોઝ નડિયાદવાલાના 'બેઝ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ'ના બેનર હેઠળ 'ફિર હેરાફેરી', 'વેલકમ' અને 'આવારા પાગલ દીવાના' જેવી અનેક ફિલ્મોનું નિર્માણ થયું છે.

પોલીસે કેસ દાખલ કર્યો

# 'પતિ પત્ની ઔર વો 2' સ્ટાર્સે રિલેશનશિપ ટિપ્સ આપી

## સારાએ કહ્યું- પરફેક્ટ પતિ પર શંકા થશે, વામિકા-રકુલે સંબંધોના સાચા ગ્રીન ફ્લેગ્સ જણાવ્યા

**મુંબઈ, તા.10**

ફિલ્મ 'પતિ પત્ની ઔર વો 2' માં આયુષ્માન ખુરાના એક એવા પતિ પ્રજાપતિ પાંડેના પાત્રમાં જોવા મળશે, જેને ખૂબ જ સમજદાર, ભરોસાપાત્ર અને પરિવારને મહત્વ આપનાર દર્શાવવામાં આવ્યો છે. ફિલ્મના આ જ સંબંધોના પાસા પર ભાસ્કર સાથેની ખાસ વાતચીતમાં વામિકા ગબ્બી, સારા અલી ખાન અને રકુલ પ્રીત સિંહે ખુલીને પોતાનો અભિપ્રાય આપ્યો. વાતચીત દરમિયાન ત્રણેય અભિનેત્રીઓએ લોયલ પાર્ટનર, સંબંધોમાં વિશ્વાસ, રેડ ફ્લેગ-ગ્રીન ફ્લેગ, રિલેશનશિપ સલાહ અને પોતાની અંગત વિચારસરણી સાથે જોડાયેલા ઘણા રસપ્રદ જવાબો આપ્યા. સાથે જ તેમણે જણાવ્યું કે તણાવભરી જિંદગીમાં પોતાને શાંત કેવી રીતે રાખે છે અને શા માટે ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મો હંમેશા લોકોના દિલની નજીક રહે છે.




પ્રશ્ન: જો તમને વાસ્તવિક જીવનમાં પ્રજાપતિ પાંડે જેવો ભરોસાપાત્ર પતિ મળે તો તમારી પ્રતિક્રિયા શું હશે? જવાબ/ વામિકા ગબ્બી: આ તો ખૂબ જ અંગત વાત હશે, તેથી વધારે નહીં કહું. પરંતુ જો કોઈ વ્યક્તિ ખરેખર એટલો સાચો અને ભરોસાપાત્ર હોય, તો તેની સાથે જીવન આરામથી વિતાવી શકાય છે.

પ્રશ્ન: સારા, જો તમને આવો પરફેક્ટ લાઈફ પાર્ટનર મળે તો સૌથી પહેલા શું વિચારશો? જવાબ/ સારા અલી ખાન: ફિલ્મમાં પ્રજાપતિ પાંડેને ખૂબ જ ઈમાનદાર અને સારો માણસ બતાવવામાં આવ્યો છે. જો વાસ્તવિક જીવનમાં આવો કોઈ મળ્યો, તો કદાચ હું પહેલા એ જ વિચારીશ કે આટલો પરફેક્ટ માણસ ખરેખર હોઈ શકે છે કે નહીં.

# મલાઈકા અરોરાએ કહ્યું- દીકરા અરહાને લગ્ન નથી કરવા

**મુંબઈ, તા.10**

મલાઈકા અરોરાએ દીકરા અરહાન ખાન વિશે એક વાત શેર કરી. તેણે જણાવ્યું કે અરહાને કહ્યું કે તે લગ્ન કરવા માંગતો નથી અને બાળકોનું પણ પ્લાનિંગ કરી રહ્યો નથી. મલાઈકાના મતે, દીકરાએ મજાકમાં કહ્યું, 'પૌત્ર-પૌત્રીઓની આશા છોડી દો.'

તાજેતરમાં ટાઈમ્સ એન્ટરટેઈનમેન્ટને આપેલા ઈન્ટરવ્યૂમાં મલાઈકા સંબંધો અને લગ્ન વિશે વાત કરી રહી હતી. તેણે કહ્યું કે આજની પેઢી સંબંધોને અલગ દ્રષ્ટિકોણથી જુએ છે. તેનો દીકરો ઘણીવાર એવી વાતો બોલે છે, જે તેને વિચારવા મજબૂર કરે છે.



એક્ટ્રેસ મલાઈકા અરોરા

મલાઈકાએ જણાવ્યું કે અરહાને તેને કહ્યું, "હું લગ્ન નહીં કરું, તેથી પૌત્ર-પૌત્રીઓ તો ભૂલી જાઓ." કારણ પૂછવા પર અરહાને વધતા પ્રદૂષણ અને ખરાબ વાતાવરણનો ઉલ્લેખ કર્યો.

# RBIના નવા ડેપ્યુટી ગવર્નર બન્યા રોહિત જૈન : 3 વર્ષનો કાર્યકાળ રહેશે, જૈનનો રિઝર્વ બેંકમાં 30 વર્ષનો અનુભવ; ટી-રબી શંકરનું સ્થાન લેશે




**મુંબઈ, તા.10**

એપોઈન્ટમેન્ટ કમિટી ઓફ ધ કેબિનેટ એટલે કે ACC એ રોહિત જૈનને ભારતીય રિઝર્વ બેંક (RBI) ના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. તેમની આ નિમણૂક 3 વર્ષ માટે રહેશે, જે 3 મે અથવા તે પછીથી લાગુ ગણાશે. જૈન વર્તમાન ડેપ્યુટી ગવર્નર ટી. રબી શંકરનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ આજે સમાપ્ત થઈ રહ્યો છે. રોહિત જૈન આ પહેલા ડિસેમ્બર 2020 થી RBI માં કાર્યકારી નિર્દેશક (ED) તરીકે સેવા આપી રહ્યા હતા.

કાર્યકારી નિર્દેશક તરીકે, જૈને સુપરવિઝન વિભાગ (રિસ્ક, એનાલિટિક્સ અને વલ્નરેબિલિટી એસેસમેન્ટ) ની જવાબદારી સંભાળી છે. કેન્દ્ર સરકારે ગયા મહિને ડેપ્યુટી ગવર્નર પદ માટે ચાર કાર્યકારી નિર્દેશકોનો ઈન્ટરવ્યુ લીધો હતો, જેમાંથી જૈનના નામ પર મહોર લાગી છે.એપોઈન્ટમેન્ટ કમિટી ઓફ ધ કેબિનેટ એટલે કે ACC એ રોહિત જૈનને ભારતીય રિઝર્વ બેંક (RBI) ના નવા ડેપ્યુટી ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. તેમની આ નિમણૂક 3 વર્ષ માટે રહેશે, જે 3 મે અથવા તે પછીથી લાગુ ગણાશે. જૈન વર્તમાન ડેપ્યુટી ગવર્નર ટી. રબી શંકરનું સ્થાન લેશે, જેમનો કાર્યકાળ આજે સમાપ્ત થઈ રહ્યો છે. રોહિત જૈન આ પહેલા ડિસેમ્બર 2020 થી RBI માં કાર્યકારી નિર્દેશક (ED) તરીકે સેવા આપી રહ્યા હતા. કાર્યકારી નિર્દેશક તરીકે, જૈને સુપરવિઝન વિભાગ (રિસ્ક, એનાલિટિક્સ અને વલ્નરેબિલિટી એસેસમેન્ટ) ની જવાબદારી સંભાળી છે. કેન્દ્ર સરકારે ગયા મહિને ડેપ્યુટી ગવર્નર પદ માટે ચાર કાર્યકારી નિર્દેશકોનો ઈન્ટરવ્યુ લીધો હતો, જેમાંથી જૈનના નામ પર મહોર લાગી છે.

રિઝર્વ બેંકમાં 30 વર્ષનો લાંબો અનુભવ

જૈન પાસે રિઝર્વ બેંકમાં લગભગ ત્રણ દાયકાનો લાંબો અનુભવ છે. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન સુપરવિઝન, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ અને બેંકિંગ સહિત અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં કામ કર્યું છે.

કોમર્સ અને એમબીએની ડિગ્રી, બેન્કિંગ રિસ્કમાં પણ નિષ્ણાત

શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો, જૈને કોમર્સમાં માસ્ટર ડિગ્રી (M.Com) અને બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટર ડિગ્રી (MBA) મેળવી છે. આ ઉપરાંત, તેમણે બેન્કિંગ રિસ્ક અને રેગ્યુલેશનમાં ઈન્ટરનેશનલ સર્ટિફિકેટ (ICRR) અને સર્ટિફાઈડ એસોસિયેટ ઓફ ધ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કિંગ એન્ડ ફાઈનાન્સ (CAIIB) જેવી પ્રોફેશનલ ડિગ્રીઓ પણ મેળવી છે. તેઓ એક સર્ટિફાઈડ બેન્ક ટ્રેનર પણ છે.

આરબીઆઈમાં ડેપ્યુટી ગવર્નરોનું સમીકરણ

આરબીઆઈમાં કુલ ચાર ડેપ્યુટી ગવર્નર હોય છે. તેમાંથી બે અધિકારીઓની નિમણૂક બેંકના આંતરિક રેન્કમાંથી બઢતી (પ્રમોશન) દ્વારા કરવામાં આવે છે. રોહિત જૈન સાથે એસ.સી. મુર્મુ બીજા એવા ડેપ્યુટી ગવર્નર છે, જેમને ઓક્ટોબર 2025માં આરબીઆઈની અંદરથી જ પ્રમોટ કરવામાં આવ્યા હતા.

અન્ય બે ડેપ્યુટી ગવર્નર બાહ્ય ક્ષેત્રોમાંથી પસંદ કરવામાં આવે છે. વર્તમાનમાં અર્થશાસ્ત્રી પૂનમ ગુપ્તા અને કોમર્શિયલ બેન્કર સ્વામીનાથન જે. (એસબીઆઈના પૂર્વ એમડી) આ પદ પર કાર્યરત છે.

આ વિભાગોની મળી શકે છે જવાબદારી

રોહિત જૈનને ટી રબી શંકરના કેટલાક મહત્વપૂર્ણ વિભાગોનો હવાલો મળવાની સંભાવના છે. આમાં ફાઈનાન્સિયલ માર્કેટ રેગ્યુલેશન, ફોરેન એક્સચેન્જ અને પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ જેવા વિભાગો સામેલ છે. આરબીઆઈ ટૂંક સમયમાં સત્તાવાર રીતે જૈનના પોર્ટફોલિયોની જાહેરાત કરશે.

તમારા બાળકને લખપતિ બનાવશે PPF એકાઉન્ટ:બાળકના નામે ખોલાવો એકાઉન્ટ, જાણો આ અંગે શું છે નિયમો

જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો. આ સ્કીમમાં હાલમાં 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF એકાઉન્ટ ખોલીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ. જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો. આ સ્કીમમાં હાલમાં 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF એકાઉન્ટ ખોલીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ.

# આ અઠવાડિયે ઈરાન-અમેરિકા તણાવ પર રોકાણકારોની નજર રહેશે : ચોથા ક્વાર્ટરના પરિણામો સહિત 5 પરિબળો ગતિ નક્કી કરશે

**નવી દિલ્હી, તા.10**

11 મેથી શરૂ થતા અઠવાડિયામાં શેરબજારમાં ઘણી હલચલ જોવા મળશે. કંપનીઓના ચોથા ક્વાર્ટરના પરિણામો, અમેરિકા-ઈરાન તણાવ અને વિદેશી રોકાણકારોની વેચવાલી જેવા પરિબળો બજારની દિશા નક્કી કરશે. ચાલો સમજીએ કે આવતા અઠવાડિયે બજારમાં શું થઈ શકે છે

સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે. અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે.

રેઝિસ્ટન્સ ઝોન: 24,380 | 24,450 | 24,480 | 24,535 | 24,646 | 24,685

રેઝિસ્ટન્સ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આ વેચવાલી વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે.

નોંધ: સપોર્ટ અને રેઝિસ્ટન્સના લેવલ્સ વેલ્થ વ્યૂ એનાલિટિક્સના રિપોર્ટ અનુસાર છે

1. ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી સર્જાયેલ વૈશ્વિક તણાવ

અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ચાલુ છે, જેના કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાસે અસ્થિરતા પ્રવર્તી રહી છે. વોશિંગ્ટન હજુ પણ તેહરાનના જવાબની રાહ જોઈ રહ્યું છે જેથી શાંતિ વાટાઘાટો આગળ વધી શકે. આ ભૌગોલિક-રાજકીય તણાવની સીધી અસર ભારતીય બજારના સેન્ટિમેન્ટ્સ પર પડશે.

2. વિદેશી રોકાણકારો (FIIs) દ્વારા વેચવાલી




વિદેશી રોકાણકારો (FIIs) સતત ભારતીય બજારમાંથી પૈસા પાછા ખેંચી રહ્યા છે. ગયા અઠવાડિયે તેમણે 11,072 કરોડના શેર વેચ્યા. મે મહિનામાં અત્યાર સુધી આ આંકડો 14,231 કરોડ સુધી પહોંચી ગયો છે. 2026માં અત્યાર સુધી વિદેશી રોકાણકારો કુલ 2.06 લાખ કરોડની ઉપાડ કરી ચૂક્યા છે.

નોંધ: FIIs અને DIIs ની ચોખ્ખી ખરીદી/વેચાણના આંકડા કરોડ રૂપિયામાં છે

3. 400થી વધુ કંપનીઓના ત્રિમાસિક પરિણામો

નિફ્ટીની મોટાભાગની મોટી કંપનીઓએ તેમના પરિણામો જાહેર કર્યા છે, પરંતુ હવે મધ્યમ કદની કંપનીઓનો વારો છે. આગામી છ દિવસમાં 400 થી વધુ કંપનીઓ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે. તેમાં ટાટા મોટર્સ, ભારતી એરટેલ, સિપ્લા, ટાટા સ્ટીલ અને કેનરા બેંક જેવા મોટા નામોનો સમાવેશ થાય છે.

4. ક્રૂડ ઓઈલના ભાવમાં વધઘટ

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સ્થાનિક બજારની દિશા નક્કી કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. શુક્રવારે બ્રેન્ટ ક્રૂડ 101 ડોલર પ્રતિ બેરલ પર બંધ થયું. જો તણાવ વધશે તો તેલની કિંમતો ઉપર જશે. આ ભારતીય અર્થતંત્ર અને શેરબજાર માટે નકારાત્મક રહેશે.

5. વૈશ્વિક બજારોની ભારત પર અસર

શુક્રવારે અમેરિકી બજારો વધારા સાથે બંધ થયા. નાસ્ડેકમાં 1.71% નો ઉછાળો રહ્યો. ત્યાં ચિપ બનાવતી કંપનીઓના શેરોમાં સુધારો અને રોજગારના સારા આંકડાઓએ રોકાણકારોનો વિશ્વાસ વધાર્યો છે. ભારતીય બજારો સોમવારે અમેરિકી બજારોની આ તેજીથી સંકેત લઈ શકે છે. માસ્ટર કેપિટલ સર્વિસિસના રિસર્ચ હેડ ડો. રવિ સિંહના મતે, બજારમાં હાલમાં 'બાય ઓન ડિપ્સ'ની રણનીતિ અપનાવી શકાય છે. તેમના મતે, જ્યાં સુધી નિફ્ટી 24,000 ઉપર ટકી રહેશે, ત્યાં સુધી રિકવરીની અપેક્ષા છે.

# ઓટો ક્ષેત્ર ટોપ ગિયરમાં, એપ્રિલ માસમાં 4.5 લાખ કારનું વેચાણ

**અમદાવાદ, તા.10**



ભારતીય ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીઝ માટે નવા નાણાવર્ષ 26-27ની શરૂઆત ઉત્સાહજનક રહી છે. એપ્રિલ મહિનામાં પેસેન્જર વાહનોનું (PV) અંદાજિત વેચાણ 4.5 લાખ યુનિટ્સ નોંધાયું છે, જે ગત વર્ષના 3.54 લાખ યુનિટ્સની સરખામણીમાં 27 ટકાનો જંગી વધારો દર્શાવે છે. મારુતિ સુઝુકી, હ્યુન્ડાઈ, ટાટા અને મહિન્દ્રા જેવી અગ્રણી કંપનીઓએ વેચાણમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. મારુતિ સુઝુકી ઈન્ડિયાએ એપ્રિલમાં 1,91,122 યુનિટ્સનું વિક્રમી વેચાણ નોંધાવ્યું છે, જે ગતવર્ષે એપ્રિલમાં 1,42,053 યુનિટ્સ હતું. આ પહેલાં કંપનીનો ડિસેમ્બર 2025માં 1,82,165 યુનિટ્સનો સૌથી વધુ વેચાણનો રેકોર્ડ હતો. ટાટા મોટર્સે પણ સ્થાનિક બજારમાં 30.5 ટકાના ધરખમ વધારા સાથે 59,000 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ 8 ટકાના ગ્રોથ સાથે 56,331 વાહનો વેચીને નવા નાણાકીય વર્ષની સકારાત્મક શરૂઆત કરી છે.

ટોયોટા કિર્લોસ્કર મોટરે એપ્રિલ 2026માં 32,086 યુનિટ સાથે તેના વેચાણ નોંધાવ્યું છે જે એપ્રિલ 25માં વેચાયેલા 27,329 યુનિટની તુલનામાં 17%ની વૃદ્ધિ દર્શાવે છે. આમાં સ્થાનિક બજારમાં વેચાયેલા 30,159 યુનિટ અને નિકાસ કરાયેલા 1,927 યુનિટનો સમાવેશ થાય છે.

કિયા ઈન્ડિયાએ વાર્ષિક ધોરણે 16% વૃદ્ધિ નોંધાવી

કિયા ઈન્ડિયાએ એપ્રિલ મહિના માટે તેના અત્યાર સુધીના સૌથી વધુ 27,286 યુનિટનું હોલસેલ વેચાણ વોલ્યુમ નોંધાવ્યું છે, જે એપ્રિલ 25માં 23,623 યુનિટ કરતાં 16% વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે.

ટાટા મોટર્સ પેસેન્જર વ્હિકલ્સે 59,701 યુનિટનું વેચાણ નોંધાવ્યું

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ લિમિટેડનું એપ્રિલ 2026માં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં વેચાણ 59,701 યુનિટ રહ્યું, જે એપ્રિલ 2025માં 45,532 યુનિટ હતું. ઈવી આઈબી તથા ડોમેસ્ટિકમાં 9150 યુનિટ્સનું વેચાણ નોંધાવ્યું છે જે અગાઉના વર્ષ કરતા 72.1 ટકા વૃદ્ધિ નોંધાવે છે.

ફોર્સ મોટર્સ સર્વોચ્ચ અભૂતપૂર્વ મહેસૂલ અને નફાશક્તિ હાંસલ કરી

ફોર્સ મોટર્સ લિમિટેડે ગત વર્ષની તુલનામાં એકંદર હોલસેલમાં 20 ટકાની વૃદ્ધિ સાથે મજબૂત ઘરઆંગણાની કામગીરી, વર્ષ દરમિયાન અર્બેનિયા દ્વારા 100 ટકાની વૃદ્ધિ નોંધાવવા સાથે પ્રીમિયમ મોબિલિટીમાં એક્સિલરેશન. ગ્રામીણ અને અર્ધ-શહેરી બજારોમાં વિસ્તારિત પહોંચ.

બીએમડબ્લ્યુ એફ 450 જીએસની રજૂઆત

બીએમડબ્લ્યુ મોટરરેડ ઈન્ડિયાએ ભારતમાં બીએમડબ્લ્યુ એફ 450 જીએસની રજૂઆત કરી હતી. જર્મનીમાં બીએમડબ્લ્યુ મોટરરેડ દ્વારા વિકસાવવામાં આવી છે અને ભારતમાં સ્થાનિક સ્તરે ઉત્પાદિત થશે.

# વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી મે મહિનામાં ₹14,231 કરોડ પાછા ખેંચ્યા

**નવી દિલ્હી, તા.10**

મે મહિનામાં ભારતીય શેરબજારમાંથી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) ની ઉપાડ ચાલુ છે. વૈશ્વિક આર્થિક ચિંતાઓને કારણે આ વર્ષે અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો બજારમાંથી 2 લાખ કરોડથી વધુ ઉપાડી ચૂક્યા છે. NSDL ના ડેટા અનુસાર, માત્ર મે મહિનામાં વિદેશી રોકાણકારોએ અત્યાર સુધીમાં 14,231 કરોડનું વેચાણ કર્યું છે.

2025ની સરખામણીમાં આ વર્ષે વધુ દબાણ

વર્ષ 2026 માં અત્યાર સુધીનો કુલ ઉપાડ ગયા આખા વર્ષની સરખામણીમાં ઘણો વધારે છે. વર્ષ 2025 માં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી કુલ 1.66 લાખ કરોડ ઉપાડ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં આ આંકડો 2 લાખ કરોડને પાર કરી ગયો છે, જે બજાર પર સતત વેચાણના દબાણને દર્શાવે છે.

માત્ર ફેબ્રુઆરીમાં ખરીદી જોવા મળી હતી, માર્ચમાં રેકોર્ડ વેચાણ થયું હતું



આ વર્ષે વિદેશી રોકાણકારોનો ઝોક મોટાભાગે નકારાત્મક જ રહ્યો છે. જાન્યુઆરીમાં 35,962 કરોડના શેર વેચાયા હતા. જોકે, ફેબ્રુઆરી એક અપવાદરૂપ મહિનો રહ્યો જ્યારે રોકાણકારોએ 22,615 કરોડનું રોકાણ કર્યું, જે છેલ્લા 17 મહિનાનું સૌથી મોટું માસિક રોકાણ હતું. પરંતુ આ વૃદ્ધિ લાંબો સમય ટકી શકી નહીં.

માર્ચમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો અને રેકોર્ડ 1.17 લાખ કરોડ બજારમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ એપ્રિલમાં પણ 60,847 કરોડની ઉપાડ નોંધાઈ છે.

મોંઘવારી અને વ્યાજ દરો બન્યા મોટા કારણ

મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના પ્રિન્સિપાલ મેનેજર રિસર્ચ, હિમાંશુ શ્રીવાસ્તવના મતે, વૈશ્વિક સ્તરે વધતી મોંઘવારી, વ્યાજ દરોમાં ફેરફારની આશંકા અને ભૌગોલિક રાજકીય જોખમો આ વેચવાલીના મુખ્ય કારણો છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને ક્રૂડ ઓઈલની ઊંચી કિંમતોએ મોંઘવારીની ચિંતા વધારી દીધી છે. આ જ કારણોસર રોકાણકારો હવે વ્યાજ દરોમાં ઝડપી ઘટાડાની આશા છોડી રહ્યા છે અને વિકસિત બજારોના ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ તરફ વળી રહ્યા છે.

રૂપિયાની નબળાઈથી પણ અસર વધી

ડોલર સામે ભારતીય રૂપિયામાં આવતી અસ્થિરતા અને નબળાઈ પણ વિદેશી રોકાણકારો માટે ચિંતાનો વિષય છે. તેનાથી ડોલરના સંદર્ભમાં તેમનું વળતર પ્રભાવિત થાય છે.

જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારનું કહેવું છે કે રૂપિયાના ઘટાડા અને ભારતની અર્નિંગ ગ્રોથને લઈને ચિંતાઓએ આ વર્ષે આઉટફ્લો વધારવામાં મોટી ભૂમિકા ભજવી છે.

પાવર-કન્સ્ટ્રક્શન સેક્ટરમાં હજુ પણ રસ

સતત થઈ રહેલા વેચાણ છતાં વિદેશી રોકાણકારો સંપૂર્ણપણે બજારમાંથી બહાર થયા નથી. તેઓ પાવર, કન્સ્ટ્રક્શન અને કેપિટલ ગુડ્સ જેવા પસંદગીના સેક્ટરમાં હજુ પણ રોકાણ કરી રહ્યા છે. આ ઉપરાંત મજબૂત કમાણી અને સારી વૃદ્ધિવાળા મિડ-કેપ અને કેટલાક સ્મોલ-કેપ શેરોમાં પણ તેઓ ખરીદી કરી રહ્યા છે.

જોકે, વૈશ્વિક સ્તરે હવે રોકાણકારોનો ઝોક દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવા બજારો તરફ વધી રહ્યો છે, જ્યાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ને કારણે વધુ સારી કમાણીની અપેક્ષા છે.

FPI અને ડોલર રિટર્ન શું છે?

FPI (વિદેશી પોર્ટફોલિયો રોકાણ): જ્યારે વિદેશી નાગરિકો કે કંપનીઓ કોઈ બીજા દેશના શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડમાં પૈસા રોકે છે, ત્યારે તેને FPI કહેવાય છે. આ રોકાણકારો નફો થતાં જ ઝડપથી પૈસા પાછા ખેંચી પણ શકે છે.

ડોલર રિટર્ન: વિદેશી રોકાણકારો ભારતમાં રૂપિયામાં રોકાણ કરે છે. જો રૂપિયાની કિંમત ડોલરની સરખામણીમાં ઘટે છે, તો તેમને પોતાના પૈસા પાછા ડોલરમાં બદલવા પર ઓછો નફો થાય છે, જેને ડોલર રિટર્નનું નુકસાન કહેવાય છે.

# તમારા બાળકને લખપતિ બનાવશે PPF એકાઉન્ટ:બાળકના નામે ખોલાવો એકાઉન્ટ, જાણો આ અંગે શું છે નિયમો

**મુંબઈ, તા.10**



જો તમે બાળકના નામે રોકાણ શરૂ કરવાનું વિચારી રહ્યા છો, તો પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) સ્કીમમાં રોકાણ કરી શકો છો. આ સ્કીમમાં હાલમાં 7.1% વાર્ષિક વ્યાજ આપવામાં આવી રહ્યું છે. તમે તમારા બાળકના નામે PPF એકાઉન્ટ ખોલીને તેના માટે સરળતાથી લાખોનું ફંડ તૈયાર કરી શકો છો. પરંતુ તેના કેટલાક નિયમો છે. અમે તમને તે નિયમો વિશે જણાવી રહ્યા છીએ.

એક વ્યક્તિ એક જ બાળકના નામે PPF એકાઉન્ટ ખોલી શકે છે

એક વ્યક્તિ પોતાના નામે ફક્ત એક જ PPF એકાઉન્ટ ખોલાવી શકે છે. જોકે, વ્યક્તિ પોતાના PPF એકાઉન્ટ ઉપરાંત સગીર બાળકના નામે અન્ય એક PPF ખાતું ખોલાવી શકે છે.

પરંતુ અહીં ધ્યાન આપવા જેવી બાબત એ છે કે એક વાલી (ગાર્ડિયન) એક જ બાળકના નામે PPF ખાતું ખોલી શકે છે. નિયમો અનુસાર, જો કોઈને બે બાળકો હોય તો એક સગીર બાળકનું PPF એકાઉન્ટ માતા અને બીજાનું પિતા ખોલાવી શકે છે.

કેટલા પૈસા જમા કરી શકાય છે?

નાના બાળકના PPF એકાઉન્ટ માટે પણ એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા 500 અને વધુમાં વધુ 1.5 લાખ રૂપિયાની ડિપોઝિટ લિમિટ લાગુ પડે છે. પરંતુ જો માતા-પિતાનું પોતાનું PPF એકાઉન્ટ પણ હોય, તો તેમના પોતાના એકાઉન્ટ અને નાના બાળકના PPF એકાઉન્ટ બંનેને મળીને મહત્તમ ડિપોઝિટ લિમિટ વાર્ષિક 1.5 લાખ રૂપિયા જ રહેશે.

બાળક 18 વર્ષનો થાય ત્યારે તે પોતાનું એકાઉન્ટ સંભાળી શકે છે

નાના બાળક 18 વર્ષનો થઈ જાય પછી એકાઉન્ટનું સ્ટેટસ માઈનોરથી મેજર કરવા માટે અરજી આપવી પડશે. આ પછી, પુખ્ત થયેલું બાળક પોતાનું એકાઉન્ટ જાતે સંભાળી શકે છે.

15 વર્ષનો હોય છે મેચ્યોરિટી પિરિયડ

PPF એકાઉન્ટ 15 વર્ષમાં મેચ્યોર થાય છે. તમે ઈચ્છો તો મેચ્યોરિટી પછી પૂરા પૈસા ઉપાડી શકો છો. જો તમને પૈસાની જરૂર ન હોય તો તેને 5-5 વર્ષ માટે આગળ વધારી શકાય છે.

આના પર ટેક્સ છૂટનો લાભ મળે છે

PPF ઈન્કમ ટેક્સની EEE કેટેગરીમાં આવે છે. એટલે કે, યોજનામાં કરવામાં આવેલા સંપૂર્ણ રોકાણ પર તમને ટેક્સ છૂટનો લાભ મળે છે. સાથે જ, આ યોજનામાં રોકાણથી મળતા વ્યાજ અને રોકાણની સંપૂર્ણ રકમ પર પણ કોઈ પ્રકારનો ટેક્સ ચૂકવવો પડતો નથી.

સરળતાથી તૈયાર થશે મોટુ ફંડ

આ સ્કીમ દ્વારા જો તમે દર મહિને 1 હજાર રૂપિયાનું રોકાણ કરો છો, તો તમને 15 વર્ષ પછી 3 લાખ 18 હજાર રૂપિયા મળશે. જ્યારે જો તમે દર મહિને 2 હજાર રૂપિયાનું રોકાણ કરો છો, તો તમને 15 વર્ષ પછી 6 લાખ 37 હજાર રૂપિયા મળશે. અહીં જાણો કે આમાં રોકાણ કરવાથી તમને કેટલો ફાયદો થશે.

PPF એકાઉન્ટ કોણ ખોલી શકે છે?

કોઈપણ વ્યક્તિ પોસ્ટ ઓફિસ અથવા બેંકમાં પોતાના નામે આ એકાઉન્ટ ખોલી શકે છે. આ ઉપરાંત, સગીર વતી અન્ય કોઈ વ્યક્તિ દ્વારા પણ આ ખાતું ખોલી શકાય છે.

# ટોપ-10-કંપનીઓમાંથી 4ની વેલ્યુ ₹1 લાખ કરોડ ઘટી : SBI ટોપ લૂઝર રહી, વેલ્યુ 44 હજાર કરોડ ઘટી; એરટેલ-TCSનું માર્કેટ કેપ પણ ઘટ્યું




**મુંબઈ, તા.10**

માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 4 કંપનીઓની વેલ્યુ છેલ્લા અઠવાડિયાના કારોબારમાં 1 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આ સમયગાળા દરમિયાન SBIની માર્કેટ વેલ્યુ સૌથી વધુ ઘટી છે. SBIની માર્કેટ વેલ્યુ 44,722 કરોડ ઘટીને 9.41 લાખ કરોડ પર આવી ગઈ. આ ઉપરાંત એરટેલ, TCS અને લાર્સન એન્ડ ટુબ્રોની માર્કેટ વેલ્યુ પણ ઘટી છે. જ્યારે રિલાયન્સ, HDFC બેંક, ICICI બેંક, બજાજ ફાઈનાન્સ, HUL અને LICની માર્કેટ વેલ્યુ વધી. છેલ્લા અઠવાડિયાના કારોબારમાં આ તમામ 6 કંપનીઓનું માર્કેટ કેપ કુલ 46,685 કરોડ રૂપિયા વધ્યું.

છેલ્લા અઠવાડિયે સેન્સેક્સ 414 અંક વધ્યો હતો

ગયા અઠવાડિયે સેન્સેક્સ 414.69 (0.53%) પોઈન્ટ અને નિફ્ટી 178.6 (0.74%) પોઈન્ટ વધ્યા હતા. જ્યારે, ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવારે સેન્સેક્સ 516 પોઈન્ટના ઘટાડા સાથે 77,328 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,176 પર આવી ગયો.

માર્કેટ કેપિટલાઈઝેશન શું છે?

માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે હાલમાં તેના શેરધારકો પાસે રહેલા તમામ શેરનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે.

આને એક ઉદાહરણથી સમજો...

ધારો કે... કંપની 'A' ના 1 કરોડ શેર માર્કેટમાં લોકોએ ખરીદ્યા છે. જો એક શેરની કિંમત 20 રૂપિયા છે, તો કંપનીની માર્કેટ વેલ્યુ 1 કરોડ x 20 એટલે કે 20 કરોડ રૂપિયા થશે.

કંપનીઓની માર્કેટ વેલ્યુ શેરની કિંમતો વધવા કે ઘટવાને કારણે વધે-ઘટે છે. આના બીજા ઘણા કારણો છે...

| વધવાનો શું અર્થ | ઘટવાનો શું અર્થ |
| --- | --- |
| શેરની કિંમતમાં વધારો | શેરના ભાવમાં ઘટાડો |
| મજબૂત નાણાકીય પ્રદર્શન | ખરાબ પરિણામો |
| સકારાત્મક સમાચાર અથવા ઘટના | નકારાત્મક સમાચાર અથવા ઘટના |
| સકારાત્મક બજાર ભાવના | અર્થતંત્ર અથવા બજારમાં ઘટાડો |
| ઊંચા ભાવે શેર જારી કરવા | શેર બાયબેક અથવા ડીલિસ્ટિંગ |

માર્કેટ કેપના ઉતાર-ચઢાવની કંપની અને રોકાણકારો પર શું અસર થાય છે?

કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે.

## પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડમાં આશરે 33,000થી વધુ ગ્રાહકો ફસાયા હોવાની શક્યતા

# ગિફ્ટ સિટીમાં રોકાણના નામે રોકાણકારોને રોવાનો વારો આવ્યો

- શૂટ સ્પેસનો MD ઉત્પલ પટેલ પરિવાર સાથે ભૂગર્ભમાં, 32 રોકાણકારોની લેખિત અરજી, બે લોકોએ નિવેદન નોંધાવ્યા
- 35 જેટલા ઈન્વેસ્ટરોએ કરોડોની ઠગાઈની લેખિત-મૌખિક રજૂઆત કરી
- કૌભાંડનો આંકડો 400 કરોડને પાર જવાની ભીતિ



**ગાંધીનગર, તા.10**

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં 'શૂટ સ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપની ટેરાબાઈટ ડેટા સ્પેસમાં રોકાણના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ આચરી રાતોરાત ઉઠી ગઈ છે. કંપનીના એમડી ઉત્પલ પટેલ એકાએક પરિવાર ભૂગર્ભમાં ઉતરી જતાં ગુજરાત, હરિયાણા અને ગોવા સહિતના સેંકડો રોકાણકારોને રાતા પાણીને રોવાનો વખત આવ્યો છે. આ મામલે ડભોડા પોલીસ મથકે 35 જેટલા ઈન્વેસ્ટરોએ કરોડોની ઠગાઈ અંગે લેખિત-મૌખિક રજૂઆત કરતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કંપનીએ રોકાણકારોને આકર્ષવા માટે ટેરાબાઈટ ડેટા સ્પેસ ખરીદવાની સ્કીમ અમલમાં મૂકી હતી, જેમાં દર મહિને 5 ટકા જેટલું માતબર વળતર ચૂકવવાનો વાયદો કર્યો હતો. શરૂઆતના તબક્કે સમયસર વળતર આપી રોકાણકારોનો વિશ્વાસ જીત્યા બાદ, લોકોએ પોતાની આજીવનની જમાપુંજી, દાગીના વેચીને કે લોન લઈને કરોડો રૂપિયાનું આંધળું રોકાણ કર્યું હતું. રોકાણકારોના આક્ષેપ મુજબ કંપનીએ પ્રોફેશનલ કોર્પોરેટ જૂથ જેવી છાપ ઊભી કરવા માટે મોટા પાયે ભૂમિ પૂજન જેવા જાહેર કાર્યક્રમો યોજ્યા હતા. ગિફ્ટ સિટી જેવી જગ્યાએ આલીશાન ઓફિસ હોવાને કારણે રોકાણ માટે લોકોએ કંપનીને ભરોસાપાત્ર માની લીધી હતી. બે મહિનાથી વળતર બંધ થતા અને કંપનીની ઓફિસ પર કોઈ જવાબદાર વ્યક્તિ હાજર ન હોવાથી રોકાણકારોમાં રોષ ફાટી નીકળ્યો છે. પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડમાં આશરે 33,000થી વધુ ગ્રાહકો ફસાયા હોવાની શક્યતા છે અને કુલ રકમ 400 કરોડ રૂપિયાને પાર કરી શકે છે. કેટલાક રોકાણકારોએ 5 લાખથી લઈ 3 કરોડ સુધીની રકમ ગુમાવી હોવાની ફરિયાદ ઉઠી છે. ડભોડા પોલીસ મથકના સૂત્રો મુજબ, હાલ 32 અરજદારોએ લેખિત અરજી આપી છે, જે પૈકી બે લોકોએ જ નિવેદન નોંધાવ્યા છે.

### પોલીસે ગુનો દાખલ કરવાની તૈયારી દર્શાવી

ઉચ્ચ કક્ષાએથી આ મામલે ઝીણવટપૂર્વક તપાસના આદેશો મળતા જ પોલીસે મજબૂત પૂરતા પુરાવા એકઠા કરી આગામી દિવસોમાં ગુનો દાખલ કરવાની પણ તૈયારી દર્શાવી છે. હવે જોવું રહ્યું કે, પોલીસ સ્ટેશન પહોંચેલા ભોગ બનેલા ઈન્વેસ્ટરો પૈકી કેટલા લોકો પોલીસ તપાસમાં ખુલીને સહયોગ આપે છે.

### લેખિત-મૌખિક રજૂઆત કરતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

કંપનીએ રોકાણકારોને આકર્ષવા માટે ટેરાબાઈટ ડેટા સ્પેસ ખરીદવાની સ્કીમ અમલમાં મૂકી હતી, જેમાં દર મહિને 5 ટકા જેટલું માતબર વળતર ચૂકવવાનો વાયદો કર્યો હતો. શરૂઆતના તબક્કે સમયસર વળતર આપી રોકાણકારોનો વિશ્વાસ જીત્યા બાદ, લોકોએ પોતાની આજીવનની જમાપુંજી, દાગીના વેચીને કે લોન લઈને કરોડો રૂપિયાનું આંધળું રોકાણ કર્યું હતું.

**ઝૂમ મિટિંગમાં 312 કરોડના ટર્ન ઓવરનો દાવો કર્યો હતો,** આ મામલે એક ઈન્વેસ્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેમણે ઓન કેમેરા સામે આવવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે કહ્યું હતું કે, ઉત્પલ પટેલે ભૂતકાળમાં ઝૂમ મિટિંગ કરીને 312 કરોડનું ટર્ન ઓવર થયું હોવાનો દાવો કરી બે મહિનામાં પૈસા ચૂકવી દેવાની બાહેંધરી આપી હતી.

## લંડન જતો ગુજરાતી પરિવાર વિદેશમાં બંધક બનાવાયો

# : લોહીથી લથપથ પુત્રનો ફોટો મોકલી 1 કરોડની માગ

### અમદાવાદ પોલીસે એક એજન્ટને દબોચ્યો, વલસાડના એજન્ટની શોધ, પરિવારના 4 સભ્યોએ 1 કરોડમાં લંડન પહોંચવા નક્કી કર્યું હતું



**ગાંધીનગર, તા.10**

એજન્ટના ભરોસે વિદેશ જવા નીકળેલો વધુ એક ગુજરાતી પરિવાર વિદેશમાં ફસાયો છે અને એજન્ટો દ્વારા ખંડણીની માગણી કરવામાં આવી છે. અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતું દંપતી તેના બે પુત્રો સાથે લંડન જવા નીકળ્યા બાદ દુબઈથી ગુમ થઈ જતા પરિવારજનો ચિંતિત બન્યા છે. તો બીજી તરફ એજન્ટો તરફથી પરિવારજનોને ફોન કરી અને એક પુત્રનો લોહીથી લથપથ ફોટોગ્રાફ મોકલી 1 કરોડ રૂપિયાની ખંડણી માગવામાં આવી રહી છે. અમદાવાદમાં રહેતા પરિવારજનોએ પોલીસનો સંપર્ક કરતા પોલીસે અમદાવાદના એજન્ટને ઝડપી પૂછપરછ શરૂ કરતા વલસાડના એજન્ટનું નામ ખૂલ્યું છે. બંધક બનાવાયેલા લોકોને કોઈ કેન્યા કે ઈથોપિયામાં કોઈ અજાણ્યા સ્થળ પર રાખ્યા હોવાનું જણાવાઈ રહ્યું છે. અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં રહેતા પરિવારના ચાર સભ્યોને 20 એપ્રિલના રોજ એજન્ટ દ્વારા દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. તેમજ દિલ્હીથી શ્રીલંકા અને તે બાદ દુબઈ લઈ જવામાં આવ્યા હતા. દુબઈ ગયા બાદ પરિવારજનો સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.ત્યારબાદ એજન્ટોએ પરિવારના સભ્યોને બંધક બનાવી અમદાવાદમાં રહેતા પરિવારજનોનો સંપર્ક કર્યો હતો. એજન્ટો દ્વારા ચારેય લોકોને હાલ કોઈ આફ્રિકન કન્ટ્રીમાં બંધક બનાવ્યા હોવાની શક્યતા છે. 3 તારીખે એજન્ટ દ્વારા પરિવારના ચાર સભ્યોને છોડવા માટે એક કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. તેમજ જો રૂપિયા નહીં મળે તો પરત ન મોકલવાની પણ પરિવારના સભ્યોને ધમકી આપવામાં આવી હતી. જો કે તે બાદ એજન્ટ દ્વારા અનેક વખત રૂપિયાની માંગણી કરવા માટે પરિવારના સભ્યોને અનેક વખત ફોન કર્યા છે. ખંડણીખોરે એક પુત્રની લોહીથી લથપથ હાલતમાં તસવીર અમદાવાદમાં રહેતા પરિવારજનોને મોકલી હતી. આ તસવીર સાચી છે કે ખોટી તે પોલીસ તપાસ કરી રહી છે. ચાર લોકોના અપહરણ બાદ અમદાવાદમાં રહેતા પરિવારજનોને લોહીથી લથપથ એક પુત્રની તસવીર પણ મોકલવામાં આવી હતી. આ ઉપરાંત ચાર લોકોમાં જે મહિલા સામેલ છે તેની એક ઓડિયો ક્લિપ પણ વાઈરલ થઈ છે જેમાં જેમાં તેમની દીકરીને સંબોધીને કહી રહ્યા છે કે, એક દીકરાને મારી દીધો છે ને બે કલાકમાં જો પેમેન્ટ નહીં કરવામાં આવે તો બીજાને પણ લઈ જશે. કંઈ પણ કરીને આ લોકોને પૈસા આપી દો અને તારા ભાઈને બચાવી લે. ગોમતીપૂર વિસ્તારમાં રહેતા અને અપહરણ થનાર પરિવારના મિત્રએ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગોમતીપુર વિસ્તારમાં રહેતા તેમના માતાના મિત્રના પરિવારજનોમાં પતિ પત્ની અને બે દીકરા સાથે લંડન જવા માટે એજન્ટનો સંપર્ક કર્યો હતો. એજન્ટ દ્વારા પેકેજમાં પ્રતિ વ્યક્તિ 25 લાખ રૂપિયા આપવાના નક્કી કર્યા હતા. પતિ-પત્ની અને બે પુત્રોને લઈ જવા માટેનો પેકેજ નક્કી કર્યું હતું જેમાં લંડન ઉતર્યા બાદ પૈસા આપવાના નક્કી થયા હતા. સૌપ્રથમ તેઓ દિલ્હી ગયા હતા જ્યાંથી લાઈન મળી નહોતી જેથી તેમને ત્રણ દિવસ રોકાવું પડ્યું હતું. ત્યારબાદ તેમને શ્રીલંકા લઈ ગયા હતા અને ત્યાંથી દુબઈ લઈ જવામાં આવ્યા હતા. દુબઈ સુધી પરિવાર સંપર્કમાં હતો.

## ભાઈએ ધોકાના ફટકા મારીને મોટાભાઈની હત્યા કરી, માતાએ દીકરા સામે ફરિયાદ નોંધાવી

### દહેગામમાં નાનાભાઈની ઊંઘ ઉડાડી ભેંસો ચરાવવા જવાનું કહેવું ભારે પડ્યું

**ગાંધીનગર, તા.10**

ઊંઘમાં ખલેલ પડતાં માણસ કેટલો હિંસક બની શકે છે તેનો એક કરુણ કિસ્સો દહેગામ તાલુકાના હરખજીના મુવાડા ગામે પ્રકાશમાં આવ્યો છે. ભેંસો ચરાવવા જવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારમાં નાના ભાઈએ પોતાના સગા મોટા ભાઈના માથામાં લાકડાનો ધોકો ફટકારી મોતને ઘાટ ઉતારી દીધો છે. આ બનાવ અંગે માતાએ પોતાના જ નાના પુત્ર વિરુદ્ધ દહેગામ પોલીસ મથકે હત્યાની ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગત અનુસાર, ગત તારીખ 26 એપ્રિલના રોજ સવારે આશરે આઠ વાગ્યાના અરસામાં હરખજીના મુવાડા ગામે નિશાળવાળા વાસમાં રહેતો અર્જુનસિંહ ઉર્ફે મેહુલ ભીખુસિંહ ચૌહાણ ઊંઘી રહ્યો હતો. આ દરમિયાન તેના મોટા ભાઈ કરણસિંહ ઉર્ફે મોન્ટુએ તેને જગાડીને ભેંસો ચરાવવા જવા માટે કહ્યું હતું. જોકે મેહુલે થોડીવાર પછી જવાનું કહેતા બંને ભાઈઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. અને મામલો વધુ બિચકતા મેહુલે પાસે પડેલો લાકડાનો ધોકો કરણસિંહના માથામાં ઝીંકી દીધો હતો. જેના કારણે માથામાં ગંભીર ઈજા થતાં કરણસિંહને તાત્કાલિક દહેગામ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવ્યો હતો.

## લગ્નની લાલચ આપી મહિલા પર દુષ્કર્મ આચરનાર AAP પ્રવક્તાની ધરપકડ




**સુરત, તા.10**

સુરતના રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચાવનાર દુષ્કર્મ અને ધમકીના કેસમાં છેલ્લા એક માસથી નાસતા ફરતા આમ આદમી પાર્ટીના પ્રવક્તા કાળુ વઘાસિયાને ઝડપી પાડવામાં લસકાણા પોલીસને સફળતા મળી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી મહિલાને પ્રેમજાળમાં ફસાવી, લગ્નની ખોટી લાલચ આપી શારીરિક શોષણ કરનાર આરોપીની બાતમીના આધારે ધરપકડ કરવામાં આવી છે. આરોપ છે કે, વઘાસિયાએ પોતાની પત્નીને છૂટાછેડા આપી લગ્ન કરવાની લાલચ આપી મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હતું અને બાદમાં લગ્નનો ઈનકાર કરી 'તુષાર ઘેલાણી' જેવો કાંડ કરવાની ધમકી આપી હતી. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ તેજ કરી છે. મળતી માહિતી પ્રમાણે, મૂળ અમરેલીના બગસરાના વતની અને હાલ લસકાણામાં રહેતા કાળુ ચતુરભાઈ વઘાસિયાએ ડિસેમ્બર 2024માં પીડિત મહિલા સાથે સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કેળવ્યો હતો. પોતાની રાજકીય ઓળખ અને મીઠી વાતોથી તેણે મહિલાનો વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં મિત્રતા કેળવ્યા બાદ કાળુએ મહિલા સાથે નિકટતા વધારી હતી. આરોપી કાળુએ મહિલાને એવું કહીને વિશ્વાસમાં લીધી હતી કે તેની પત્ની સાથે તેને બનતું નથી અને તે લાંબા સમયથી પિયરમાં રહે છે. પોતે ટૂંક સમયમાં પત્નીને છૂટાછેડા આપી મહિલા સાથે લગ્ન કરી લેશે તેવી લાલચ આપી તેને પ્રેમજાળમાં ફસાવી હતી. આ વાયદાના જોરે તેણે મહિલાને અલગ-અલગ હોટલો અને ઘરે લઈ જઈ અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે મહિલાએ લગ્ન માટે દબાણ કર્યું ત્યારે આરોપીએ પોતાના અસલી તેવર બતાવ્યા હતા. તેણે લગ્ન કરવાનો સાફ ઈનકાર કરી મહિલા અને તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ પોલીસ ફરિયાદ ન કરવા માટે દબાણ કરતા ધમકી આપી હતી કે જો તું ફરિયાદ કરીશ તો હું તુષાર ઘેલાણીની જેમ મરી જઈશ અને તારું જીવવું અઘરું કરી નાખીશ. ગઈ તા. 10/04/2026 ના રોજ લસકાણા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023 ની કલમ 69, 351(2), 352 અને 115(2) મુજબ ગુનો નોંધાયો હતો. ત્યારથી આરોપી ફરાર હતો. લસકાણા પોલીસની ટીમે હ્યુમન સોર્સ અને ટેકનિકલ વર્ક આઉટ દ્વારા આરોપી ડાયમંડ નગર સર્વિસ રોડ પાસે હોવાની બાતમી મેળવી હતી અને તેને દબોચી લીધો હતો.

## ગરમીને કારણે PMના રોડ શોમાં પાણી-ORSની વ્યવસ્થા : શહેર ભાજપ પ્રમુખે કહ્યું- પશ્ચિમ બંગાળની જીત બદલ પીએમનું ભવ્ય સ્વાગત કરશે

**વડોદરા, તા.10**



વડોદરા શહેરમાં આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભવ્ય રોડ શો યોજાનાર છે. રોડ શોને લઈને શહેરમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ગદા સર્કલથી એરપોર્ટ સુધી અંદાજે દોઢ કિલોમીટર લાંબા રૂટ પર રોડ શો યોજાશે. રોડ શોને ભવ્ય બનાવવા ભાજપ દ્વારા માર્ગ પર આશરે 15 જેટલા થીમ આધારિત સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા છે. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સજાવટ રોડ શોની આકર્ષણ વધારશે. ખાસ કરીને પશ્ચિમ બંગાળની સંસ્કૃતિની ઝાંખી રોડ શોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. ગરમીને ધ્યાનમાં રાખીને કાર્યકર્તાઓ અને લોકો માટે પાણી તેમજ ORSની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. રોડ શો દરમિયાન કોઈ અગવડ ન સર્જાય તે માટે પ્રશાસન દ્વારા જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. રોડ શોમાં હજારો કાર્યકર્તાઓ અને નાગરિકો જોડાશે. વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો.જયપ્રકાશ સોનીએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળની ભવ્ય જીત બાદ, જેમની કર્મભૂમિ વડોદરા રહી છે અને જેમને વૈશ્વિક સ્તરે નેતૃત્વનો સ્વીકાર થયો છે એવા આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વડોદરા પધારી રહ્યા છે. તેઓ સરદારધામ છાત્રાલયના લોકાર્પણ માટે આવી રહ્યા છે. આ પ્રસંગે વડોદરાના નાગરિકો દ્વારા પશ્ચિમ બંગાળની જીત બદલ તેમનું ભવ્ય સ્વાગત અને અભિવાદન કરવા માટે એક રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું છે. સ્ટેજ પર દેશના અલગ-અલગ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી રજૂ કરાશે, તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીનો રોડ-શો સોમવારના રોજ સાંજે 5:30 કલાકે શરૂ થશે.

## કોન્ટ્રાક્ટર અને તંત્રની બેદરકારી : દધ્ધર પાસે પુલના ખાડામાં બે બાઈક અને સ્વિફ્ટ કાર ખાબક્યા

**ગાંધીધામ, તા.10**

કચ્છમાં ઠેર ઠેર વિકાસકામોની સાથે ગંભીર બેદરકારીને કારણે નિર્દોષ લોકો તેનો ભોગ બનતા હોવાના અનેક બનાવો બની ચુક્યા છે તેવામાં હવે ખાવડા વિસ્તારમાં આવેલ દધ્ધરથી સાંધારા જતા રોડ પર પુલીયા માટે ખોદેલા ખાડા પર આડસ ન મુકાતા બે બાઈક અને એક સ્વીફ્ટ કાર ધડાકા ભેર ખાબકી હતી જેમાં ગંભીર ઈજાઓ થવાથી મૂળ જુણા હાલે માધાપર રહેતા નૂરબાઈ જુમા નામની મહિલાનું મોત થયું હતું, જ્યારે 8 લોકોને ઈજા પહોચી છે, જેમાં એક મહિલાની હાલત ગંભીર છે. ભોગ બનનારા માધાપરથી દેઢિયા લગ્ન પ્રસંગે ગયા હતા પરત આવતા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. શનિવારે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં દધ્ધરથી સાંધારા જતા રોડ પર આ બનાવ બન્યો હતો. જેમાં કોન્ટ્રાક્ટર અને તંત્રની બેદરકારી સામે આવી છે. દધ્ધર નજીક રોડ પર પુલ બનાવવા બપોરે ખાડો ખોદાયો હતો. સવારે રસ્તા પરથી પસાર થયેલા લોકોને રસ્તો ખોદાયાની જાણ ન હતી. ત્યારે સાંજના પરત આવતા રોડ પર ખોદેલા ખાડા પાસે કોઈ આડસ ન હતી. જેથી રસ્તા પર આવતા બે બાઈક અને એક સ્વીફ્ટ કાર અચાનક આવી ગયેલા ખાડામાં ધડાકાભેર ખાબક્યા હતા.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

